
Thursday, 13 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક





# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૮૫ ● સંવત-૨૦૮૨ કારતક વદ નોમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## દમણ ન.પા.ના વોર્ડ નં.૯ના બિનહરિફ વિજેતા કાઉન્સિલર સિમ્પલબેન કાટેલાએ નાગરિકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે કાઢેલી વિજય રેલી

### દમણ શહેરમાં સુવિધાઓનો વિકાસ એ ટોચની પ્રાથમિકતા રહેશેઃ સિમ્પલબેન કાટેલા





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૨

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં પંચાયત અને નગરપાલિકામાં શાનદાર વિજય બાદ, દમણમાં ભાજપના કાર્યકરો વિજય રેલીઓ સાથે વિજયની ઉજવણી કરી રહ્યા છે. જેમાં દમણ નગરપાલિકાના વોર્ડ નંબર ૯માંથી બિનહરીફ ચૂંટાયેલા શ્રીમતી સિમ્પલબેન કાટેલાએ આજે તેમના મતવિસ્તારમાં વિજય રેલી કાઢી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, નગરપાલિકા વિસ્તારમાં સુવિધાઓનો વિકાસ એ ટોચની પ્રાથમિકતા રહેશે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે, દમણ નગરપાલિકાના ૧૫માંથી ૧૨ વોર્ડમાં ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે, જેમાં વોર્ડ નં.૯ના શ્રીમતી સિમ્પલબેન કાટેલાનો પણ સમાવેશ થાય છે. આજે, શ્રીમતી સિમ્પલબેન કાટેલાએ ભાજપના કાર્યકરો અને તેમના સમર્થકો સાથે વોર્ડ નં. ૯ના આંધિયા શેરી, બરોડિયા શેરી, કોળીમાર શેરી, સંગ્યા શેરી અને ઘાટી શેરીમાં વિજય સરઘસ કાઢ્યું હતું, જેમાં નગરપાલિકાના લોકોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. શોભાયાત્રા દરમિયાન, લોકોએ શ્રીમતી સિમ્પલબેન કાટેલાનું વિવિધ સ્થળોએ ઉષ્માભર્યું સ્વાગત પણ કર્યું હતું.

બુધવારે વિજય સરઘસ બાદ, આંધિયા શેરીના મહાજન મંડળ ખાતે એક જાહેર આભારવિધિ સમારોહને સંબોધતા, નવનિયુક્ત દમણ ન.પા. કાઉન્સિલર શ્રીમતી સિમ્પલબેન કાટેલાએ જણાવ્યું હતું કે, નગરપાલિકાના મતદારોએ તેમને નગરપાલિકામાં બિનહરીફ ચૂંટ્યા છે, જેના માટે તેઓ ખૂબ આભારી છે. તેઓ દમણ શહેરના લોકોના વિશ્વાસ પર ખરા ઉતરશે અને શહેરના દરેક ક્ષેત્રમાં વિકાસ માટે પ્રયત્નશીલ રહેશે, જેમાં દમણ શહેરની સુવિધાઓનો વિકાસ તેમની ટોચની પ્રાથમિકતા રહેશે. આ રેલીમાં દમણ-દીવના પૂર્વ સાંસદ શ્રી લાલુભાઈ પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા, પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી જીગ્નેશ પટેલ, શ્રી અસ્પી દમણિયા અને શ્રી વિશાલ ટંડેલ સહિત મોટી સંખ્યામાં ભાજપના કાયકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દમણમાં શ્રીમદ્ ભાગવત કથાના બીજા દિવસે, રાજા પરીક્ષિતના જન્મની કથાનું વર્ણન કરવામાં આવ્યું

### આજે શિવ-પાર્વતી લગ્નનો પ્રસંગ ઉજવાશે






(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૨

વિશ્વના બીજા ટ્રાન્સજેન્ડર કથાકાર મહામંડલેશ્વર હેમલતા સખીના સાનિધ્યમાં સંઘપ્રદેશ દમણના ઈતિહાસમાં પ્રથમ વખત મરવડના સાંઝપારડી ખાતે યોજાઈ રહેલા આઠ દિવસીય શિવ શક્તિ વિશ્વ કલ્યાણ મહાયજ્ઞમાં, આજે રાજા પરીક્ષિતના જન્મની કથાનું રસપાન કરાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહામંડલેશ્વર હેમલતા સખીએ જણાવ્યું હતું કે, જ્યારે જન્મથી જન્મ અને યુગથી યુગ સુધી પુણ્ય ઉદ્ભવે છે ત્યારે આવી વિધિ કરવામાં આવે છે. શ્રીમદ્ ભાગવત કથા સાંભળવાથી પાપીઓ પણ પાપમાંથી મુક્ત થાય છે. વેદોનો સાર યુગોથી માનવજાતને પહોંચાડવામાં આવ્યો છે.

મહામંડલેશ્વર હેમલતા સખીએ શ્રીમદ્ ભાગવત કથામાં ભક્તોને તરબોળ કરતા જણાવ્યું હતું કે, ભાગવત પુરાણ એ જ્ઞાનનો એ જ શાશ્વત પ્રવાહ છે જે વેદમાંથી વહેતો આવ્યો છે. તેથી, ભાગવત મહાપુરાણને વેદોનો સાર કહેવામાં આવે છે.

મહામંડલેશ્વર હેમલતા સખીએ જણાવ્યું હતું કે, મહાભારતનું યુદ્ધ કૌરવો અને પાંડવો વચ્ચે થયું હતું. જેમાં પાંડવોનો વિજય થયો હતો. રાજા પરીક્ષિતનો જન્મ અભિમન્યુની પત્ની ઉત્તરાને પેટે થયો હતો. યુદ્ધમાં કૌરવોની હાર અને ગુરુ દ્રોણના મૃત્યુ પછી, ક્રોધિત થયેલા તેમના પુત્ર અશ્વત્થામાએ પાંડવોનો વધ કરવા માટે બ્રહ્માસ્ત્રનો ઉપયોગ કર્યો. તેણે બ્રહ્માસ્ત્રથી રાણી ઉત્તરાના ગર્ભનો નાશ કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ ભગવાન શ્રી કૃષ્ણએ યોગ માયા દ્વારા મૃત બાળકને પુનર્જીવિત કર્યું, અને રાજા પરીક્ષિતનો જન્મ થયો. આ પહેલા, મહાભારતમાં દ્રૌપદીના વસ્ત્રાહરણનો પ્રસંગ પણ વર્ણવવામાં આવ્યો હતો.

કથાકાર મહામંડલેશ્વર હેમલતા સખીએ જણાવ્યું હતું કે ગુરુવારે શિવ પાર્વતીનો વિવાહ પ્રસંગ અને શુક્રવારે જગતના નાથ ભગવાન શ્રી કૃષ્ણના જન્મની કથા સંભળાવવામાં આવશે. આ દરમિયાન, કાર્યક્રમના મુખ્ય યજમાન શ્રી ગોપાલભાઈ ટંડેલ(દાદા) અને મોટી સંખ્યામાં શ્રોતાઓએ કથાનું રસપાન કર્યું હતું.

## કડૈયાના નવા ચૂંટાયેલા જિ.પં. સભ્ય, સરપંચ અને ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સભ્યોએ પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયા અને મહામંત્રી જીગ્નેશભાઈ પટેલનું સન્માન કરી માનેલો આભાર




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૧૨

દમણની કડૈયા જિલ્લા પંચાયત બેઠક પર વિજયી થયેલા ભાજપના ઉમેદવાર શ્રી હર્ષલ બાબુભાઈ પટેલ, કડૈયા ગ્રામ પંચાયતના સરપંચ પદે વિજયી થયેલા ભાજપના ઉમેદવાર શ્રી શંકરભાઈ પટેલ તથા કડૈયા ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સભ્યો દ્વારા આજે પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ અગરિયા અને પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી જીગ્નેશભાઈ પટેલનું સન્માન કરી આભાર માન્યો હતો. આ પ્રસંગે ભાજપના પ્રદેશ કાર્યાલય નાની દમણ ખાતે બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## કચીગામના નવા ચૂંટાયેલા જિ.પં. સભ્ય, સરપંચ અને સભ્યોએ પ્રદેશ ભાજપ પ્રમુખ મહેશભાઈ આગરિયાનું સન્માન કરી માનેલો આભાર




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**દમણ, તા.૧૨ઃ** દમણ જિલ્લાની કચીગામ જિલ્લા પંચાયતની બેઠક પર વિજયી થયેલા ભાજપના ઉમેદવાર શ્રીમતી હંસાબેન દિનેશભાઈ ધોડી તેમજ કચીગામ ગ્રામ પંચાયતમાં સરપંચ પદે વિજયી થયેલા ભાજપના ઉમેદવાર શ્રીમતી ફાલ્ગુનીબેન રિતેશભાઈ પટેલ અને કચીગામ ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સભ્યો દ્વારા આજે પ્રદેશ કાર્યાલય નાની દમણ ખાતે પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયાનું પુષ્પગુચ્છ આપી સન્માન કરી આભાર માન્યો હતો.

આ અવસરે કચીગામના વરિષ્ઠ નેતા શ્રી દિનેશભાઈ ધોડી અને શ્રી રિતેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાએ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં

## સંઘપ્રદેશે મારેલી વિકાસની રાજનીતિ ઉપર મહોરઃ લોકોનો ભરોસો ભાજપ ઉપર

### દમણ-દીવના લોકોએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પરિણામથી બોધપાઠ લઈ જિલ્લા અને ન.પા. તથા સરપંચોની ચૂંટણીમાં ભાજપને ઐતિહાસિક વિજય અપાવી ચુકવેલું પોતાનું ઋણ

### દમણ-દીવમાં છેલ્લા દોઢ વર્ષથી ચાલી રહેલા ભેદ-ભરમનો પણ આવેલો અંત

**સ્પેશ્યલ કોમેન્ટ**
-મુકેશ ગોસાવી

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓએ લોકોનો ભરોસો ભારતીય જનતા પક્ષ ઉપર હોવાનું પ્રતિત કરાવ્યું છે અને સંઘપ્રદેશે વિકાસની રાજનીતિ ઉપર પણ પોતાની મહોર મારી છે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં દમણ-દીવના લોકોએ કરેલી ભૂલમાંથી બોધપાઠ લઈ આ વખતે દમણ-દીવ ખાતે યોજાયેલ જિલ્લા પંચાયત તથા નગરપાલિકા અને સરપંચોની ચૂંટણીમાં ઐતિહાસિક વિજય અપાવી પોતાનું ઋણ પણ ચુકવ્યું છે. આ ચૂંટણીમાં દમણ-દીવ બેઠક ઉપરથી લોકોને ગુમરાહ કરી અપક્ષ તરીકે ચૂંટાઈને સાંસદ બનેલા શ્રી ઉમેશ પટેલની પેનલમાં ઉભા રહેવા માટે કોઈ ઉમેદવાર પણ નહીં મળે તે બદલાયેલી પરિસ્થિતિ બયાન કરે છે.

> **સંઘપ્રદેશ પ્રશાસનની વિકાસલક્ષી નીતિના કારણે લોકોમાં આવી રહેલી હકારાત્મકતાથી આવતા દિવસોમાં દાનહ અને દમણ-દીવનું ભાવિ ઔર વધુ સમૃદ્ધ અને ઉજ્જવળ બનવાનું છે**

ઈરાદાપૂર્વક કરેલી ભૂલ અથવા ચૂંટણીના ફોર્મ ભરવામાં થયેલી ક્ષતિના કારણે રિટર્નિંગ ઓફિસરે કેટલાક ઉમેદવારી પત્રકો રદ્ કર્યા હતા, જે ચૂંટણી અધિકારીના વિશેષાધિકારમાં હતું. કેટલાક ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં અવશ્ય હતા, પરંતુ તે પૈકીના મોટાભાગના ઉમેદવારોએ ગામ અને પોતાના વિસ્તારનું વાતાવરણ નહીં બગડે તેવા હેતુથી ઉમેદવારી પત્રક પરત ખેંચી પોતાનો પ્રદેશના વિકાસ ઉપર રહેલા વિશ્વાસને ખરો કર્યો હતો.

દમણ જિલ્લા પંચાયતની કુલ ૧૬ પૈકી ૧૫ બેઠકો, દમણ ન.પા.ની ૧૫ પૈકી ૧૪ અને સરપંચોની ૧૬ બેઠકોમાંથી ૧૫ ઉપર ભારતીય જનતા પક્ષનો જ્વલંત વિજય થવા પામ્યો છે. જ્યારે દીવ જિલ્લા પંચાયતની ૮ પૈકી તમામ ૮ બેઠકો ઉપર ભાજપનો ભવ્ય વિજય નોંધાયો છે. દાદરા નગર હવેલીમાં જિલ્લા પંચાયતની ૨૬ પૈકી ૨૪ અને સેલવાસ ન.પા.ની ૧૫ બેઠકોમાંથી ૧૫ ઉપર ભાજપનું કમળ સોળે કળાએ ખિલી ઉઠ્યું છે.

દાદરા નગર હવેલીમાં સાંસદ શ્રીમતી કલાબેન ડેલકર ભાજપના સાંસદ હોવાથી અહીં સાંસદ, જિ.પં., ન.પા. અને સરપંચો સાથે કેન્દ્રમાં પણ ભાજપની સરકારની ત્રણધારી ગતિ મળી છે. જ્યારે દમણ અને દીવમાં ફરી એકવાર ડબ્બલ એન્જિનની સરકાર બનવાથી છેલ્લા દોઢ વર્ષથી ચાલી રહેલા ભેદભરમનો પણ અંત આવ્યો છે અને આ સમગ્ર પરિણામનો શ્રેય સંઘપ્રદેશ પ્રશાસને શરૂ કરેલા સર્વાંગી વિકાસના અભિયાનને ફાળે જાય છે. કારણ કે, જે પ્રમાણે સંઘપ્રદેશમાં વિકાસની રાજનીતિ પ્રત્યે હકારાત્મકતા દેખાવા માંડી છે તેના ઉપરથી પ્રતિત થઈ શકે છે કે, આવતા દિવસોમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવનું ભાવિ ઔર વધુ સમૃદ્ધ અને ઉજ્જવળ બનવાનું છે.

### એક્સ્ટ્રા કોમેન્ટ

દાદરા નગર હવેલી અને દમણ-દીવના ઈતિહાસમાં પહેલી વખત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી.નડ્ડા સહિતના અનેક નેતાઓએ ટ્વીટ કરી સંઘપ્રદેશમાં ભાજપને મળેલા પ્રચંડ વિજયને વધાવવાની સાથે મહેનતુ કાર્યકર્તાઓની પાયાના સ્તરે કરેલા કામોની પ્રશંસા પણ કરી હતી અને કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવને સુશાસન તથા વિકાસનું મોડેલ બનાવવા ચાલુ રાખવાનો સંકલ્પ પણ પ્રગટ કર્યો હતો.

### ‘રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન’ અંતર્ગત

## દાનહમાં આંબોલી ખાતેથી ટ્રાયબલ હાટનો પ્રારંભ કરાયો

### સ્થાનિય ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને ગ્રામીણ મહિલાઓના સ્વ-સહાયતા સમૂહો દ્વારા નિર્મિત ઉત્પાદનોનું વેચાણ અને પ્રદર્શનના ઉદ્દેશ્યથી ટ્રાયબલ હાટનું કરાયું છે આયાજન





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૧૨

સ્વાતંત્ર્ય સેનાની અને ક્રાંતિકારી ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીના ઉપલક્ષમાં સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શનમાં પંચાયત સ્તરે ‘રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન’ અંતર્ગત ટ્રાયબલ હાટનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો આજે ૧૨ નવેમ્બરના રોજ દાનહની આંબોલી ગ્રામ પંચાયતથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. હવે ૧૪ નવેમ્બરે જૂની પ્રાથમિક શાળા ચાર રસ્તા પાસે અને ૧૫ નવેમ્બરના રોજ જ્ઞાનમાતા મંદિર સ્કૂલ પાસે ટ્રાયબલ હાટ ભરાશે.

- (વધુ પાના નં.૨ પર)




## સુવિચાર - સદ્વિચાર

વિશ્વાસ એ અજવાળું છે, શંકા એ અંધકાર.

## કવિતા-ભજન-પદ-ગરબા

### જિન ઢૂંઢા તિન

સાંવલિયા મન ભાયા રે
સોહિની સૂરત, મોહિની મૂરત
હિરદૈ બીચ સમાયા રે.

દેશ મેં ઢૂંઢા, બિદેશ મેં ઢૂંઢા,
અંત કો અંત ન પાયા રે.

કાહૂ મેં અહમદ, કાહૂ મેં ઈસા,
કાહૂ મેં રામ કહાયા રે.

સોચ-વિચાર કહૈ 'ચકરંગ' પિયા,
જિન ઢૂંઢા તિન પાયા રે.

- ચકરંગ

## આજની જોક

એક અભિનેતાના વખાણ કરતાં એક પત્રકારે એને પૂછ્યું, 'આ ફિલ્મમાં એક ડરપોક પતિની તમે જે ભૂમિકા નિભાવી છે, એ ખરેખર દાદને પાત્ર છે. તમે આટલી મુશ્કેલભરી ભૂમિકાને આટલી સરળતાથી કઈ રીતે કરી શકો છો ?'
'જી, એનો શ્રેય મારી પત્નીને જાય છે !' અભિનેતાએ ટૂંકો જવાબ આપ્યો.

## કબીર વાણી

**જગ સારા દરિદ્ર ભયા, ધનવંત ભયા ન કોય,**
**ધનવંત સોહિ જાનીયે, રામ પદાર્થ હોય.**

**- અર્થાત-**

જગતનાં બધાં લોકો નિર્ધનજ છે. ધનવાન કોઈ થયું નથી. ધનવાન તો તેનેજ જાણિયે કે, જેને ઈશ્વરનો સમાગમ થયો હોય.

## આજનો દિન વિશેષ

### મકરંદ દવે



મકરંદ વજેશંકર દવે એ ગુજરાતી ભાષાના કવિ હતા. તેમના કાવ્યગ્રંથો તરણાં, જયભેરી, ગોરજ, સૂરજમુખી, સંજ્ઞા, સંગતિ, ઝબુક વીજળી ઝબુક વગેરે પ્રસિદ્ધ છે.

તેમનો જન્મ ગોંડલ, ગુજરાતમાં ૧૩ નવેમ્બર, ૧૯૨૨ના રોજ વજેશંકર દવેને ત્યાં થયો હતો. ગોંડલમાં પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ, તેમણે ૧૯૪૦માં રાજકોટની ધરમસિંહજી કોલેજમાં દાખલો લીધો અને ૧૯૪૨માં ભારત છોડો આંદોલનમાં ભાગ લેવા માટે અભ્યાસ છોડી દીધો હતો. તેમના પ્રારંભિક જીવનમાં જ તેઓ આધ્યાત્મિક ગુરુ નાથાલાલ જોષીના સંપર્કમાં આવ્યા હતા. ૧૯૬૮માં તેમના લગ્ન લેખિકા કુંદનિકા કાપડીયા સાથે થયા. તેઓ પછી મુંબઈ સ્થાયી થયા હતા.

તેઓ કુમાર (૧૯૪૪-૪૫), ઉર્મિ નવરચના (૧૯૪૬), સંગમ, પરમાર્થી સામયિકો અને જય હિંદ દૈનિકના સંપાદક રહ્યા હતા.

ઈ.સ. ૧૯૮૭માં તેમના પત્ની સાથે તેઓ વલસાડ નજીક ધરમપુર ખાતે સ્થાયી થયા અને ત્યાં આદિવાસી કલ્યાણ અને આધ્યાત્મિક કેન્દ્ર તરીકે નંદીગ્રામની સ્થાપના કરી.

સ્વામી આનંદ દ્વારા તેમને સાંઇ ઉપનામ મળ્યું હતું. ૧૯૭૯માં તેમને રણજિતરામ સુવર્ણ ચંદ્રક એનાયત થયો હતો. તેમના આધ્યાત્મિક અને સાહિત્યિક સર્જન માટે તેમને સાહિત્ય ગૌરવ પુરસ્કાર(૧૯૯૭), નરસિંહ મહેતા પુરસ્કાર, અરબિંદો પુરસ્કાર મળ્યા હતા.

૩૧ જાન્યુઆરી, ૨૦૦૫ના રોજ નંદીગ્રામ, વલસાડ ખાતે તેમનું અવસાન થયું હતું.

## રેસીપી : બટર પાઉભાજી



હાલમાં આવી રહેલા શિયાળાની મોસમમાં શાકમાર્કેટમાં લીલા શાકભાજીની ભરમાર જોવા મળ. છે. જે દરમિયાન સાંજની ઠંડીમાં ગરમ ગરમ પાવભાજીને કેવી રીતે ભૂલી જવાય. ચાલો આજે જોઈએ બટર પાવભાજી બનાવવાની રીત.

**ઘટકો:** ૧ બાઉલ મિક્સ વેજીટેબલ ફલાવર, વટાણા, બટેટા, બે કાંદા બારીક સમારેલા,ચારથી પાંચ કડી લસણ,૧ ચમચી બારીક સમારેલી કોથમીર,૧ બીટ બારીક સમારેલું, ૧ ચમચી બટર, ૨ ચમચી તેલ, પા ચમચી, એક બારીક સમારેલું કેપ્સીકમ, પા ચમચી હળદર, અડધી ચમચી લાલ મરચું, અડધી ચમચી ધાણા જીરું, ૧ ચમચી એવરેસ્ટ પાવભાજી મસાલો, સ્વાદ મુજબ મીઠુ, જરૂર મુજબ બટર, સર્વ કરવા માટે માટે બટર પાવ અને લીંબુ બારીક સમારેલા કાંદા.

**બનાવવાની રીત :**

૧) સૌપ્રથમ એક કુકરમાં બધા વેજીટેબલ તેમાં જરૂર મુજબ પાણી નાંખી ત્રણથી ચાર સીટી વગાડી લો.
૨) ત્યારબાદ મિક્સર જાર લઈ તેમાં ટમેટા, કાંદા, લસણ, બીટ, કોથમીર નાંખી તેની પેસ્ટ બનાવી લો.
૩) ત્યારબાદ કડાઈમાં તેલ ગરમ મૂકી તેમાં કેપ્સીકમ હિંગ સતરાય પછી તેમાં બનાવેલી પેસ્ટ નાંખી બધા મસાલા કરી તેલ ધીમા ગેસ ઉપર તેલ બટર છૂટું પડે ત્યાં સુધી ગ્રેવીને ચડવા દો
૪) ત્યારબાદ તેમાં બાફેલા વેજીટેબલનો છુંદો કરી નાંખી બરાબર મિક્સ કરી ભાજીને મીડીયમ ગેસ ઉપર બરાબર ચડી જાય મસાલો ત્યાં સુધી કુક થવા દો
૫) તો હવે આપણી ટેસ્ટી ગરમાગરમ બટર પાવભાજી બનીને તૈયાર છે . સર્વિંગ પ્લેટમાં લઈને ઉપરથી બટર નાંખી બટર પાઉ કાંદા અને લેમન સાથે સર્વ કરો.

# પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માનું હિંમતનગરમાં ઉમળકાભેર સ્વાગત

**ભાજપ એટલે સહકારથી સમૃદ્ધિ, ભાજપ એટલ પશુપાલકની સમૃદ્ધિ,ભાજપ એટલે ખેડૂતોને યોગ્ય વળતર, ભાજપ એટલે વાઇબ્રન્ટ ગુજરાત,ભાજપ એટલે યુવાનોનું ભવિષ્ય, ભાજપ એટલે મહિલાઓ સુરક્ષિત, ભાજપ એટલે વિકાસ અને વિશ્વાસ : જગદીશભાઈ વિશ્વકર્મા**






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**હિંમતનગર, તા.૧૨**

બુથ પ્રભારીથી લઇ કર્ણાવતી મહાનગરના પ્રમુખ તરીકે સંગઠનમાં મહત્વની ભૂમિકા નિભાવનાર એવા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા તેમના પ્રવાસ દરમિયાન કાર્યકર્તાઓમાં ઊર્જાનો સંચાર કરી પક્ષને વધુ મજબૂત બનાવવા માર્ગદર્શન આપી રહ્યા છે ત્યારે સાબરકાંઠાના પ્રવાસે પધાર્યા છે ત્યારે જિલ્લાના કાર્યકર્તાઓએ ભવ્ય બાઈક રેલી સાથે 'ભારત માતા કી જય'ના ઘોષ સાથે પ્રદેશ પ્રમુખશ્રીનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ કળશ પાર્ટી પ્લોટ હિંમતનગર ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઇ વિશ્વકર્માનો અભિવાદન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રીનું ચોપડા અને ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ શ્રી જગદિશભાઈ વિશ્વકર્માએ પોતાના પ્રવચનમાં દિલ્હીમાં બનેલી દુર્ઘટના અંગે દુઃખ વ્યકત કરતા જણાવ્યું કે, દિલ્હીમાં જે ઘટના બની તે કાળજુ કંપાવી નાખે તેવી છે. ઘટનાનું દુઃખ આપણને સૌને છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ આ ઘટનાને ખૂબ ગંભીરતાથી લઇ તપાસ એજેન્સી સાથે સતત સંપર્કમા રહી કોઇ પણ દોષિત વ્યક્તિને છોડવામાં ન આવે તે માટે સૂચના આપી છે. ઘટનામાં મૃત્યુ પામનાર વ્યક્તિઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી બે મિનીટ મૌન પાડવામાં આવ્યું હતું.

તેમજ સાબરકાંઠાના કવિ સ્વ. ઉમાશંકર જોષી, સ્વ. ગુર્ઝરીલાલ નંદા, સ્વ.અરવિંદ ત્રિવેદી, સ્વ. ઉપેન્દ્ર ત્રિવેદી, સ્વ.ભોળાભાઈ પટેલ, શાંતિગીરીજી મહારાજ, આજે પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે પણ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં વિકાસ કાર્યોમાં અનેક કાર્યો કર્યા છે જેની નોંધ લેવા જેવી છે તેવા વિવિધ કાર્યોને બિરદાવ્યા હતા. સાથોસાથ ચિત્રવિચિત્ર મેળોએ સાબરકાંઠાની ઓળખ નહી પણ સમગ્ર રાજ્યની ઓળખ છે તેમ જણાવી સહકારી અગ્રણીઓની ખેડૂતલક્ષી પ્રવૃત્તિને બિરદાવી હતી.

પ્રદેશ પ્રમુખની ઉપસ્થિતીમાં સફાઈકર્મી મહિલાઓને સાડીનું વિતરણ કરાયું હતું. ત્યારબાદ તેઓ ખેડ તસીયા રોડ પર મોતીપુરા વિસ્તારમાં આવેલ આરએસએસના કાર્યાલયની મુલાકાત લઈને જિલ્લાના અગ્રણી સ્વંયસેવકો સાથે વાર્તાલાપ કર્યો હતો. આરએસએસ કાર્યાલયથી નીકળી તેઓનો કાફલો મહાવીનગર સ્થિત મહાશ્રવણજીની મુલાકાત લઈને દર્શન કર્યા બાદ આર્શીવાદ લીધા હતા. તે પછી તે સીધા મોતીપુરામાં આવેલ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કર્યા બાદ ભાજપના કાર્યકરો સાથેની બાઈક રેલીમાં જોડાઈને અભિવાદન સમારોહના સ્થળે પહોંચી ગયા હતા. જ્યાં તેમનું જિલ્લા ભાજપના અગ્રણીઓ, સહકારી અગ્રણીઓ, વિવિધ એસોસિએસનો, ઉદ્યોગપતિઓ, મંડળો, મહિલાઓ અને શિક્ષણવિદાનું અભિવાદન ઝીલ્યું હતું. પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઇ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આ સભા સ્થળે ચારેય બાજુ મહિલાઓ-માતાઓએ કેસરિયો સાફો પહેર્યો છે. જિલ્લાના નામી-અનામી કાર્યકર્તાઓ કે જેમણે પાર્ટી માટે ખૂબ મોટું યોગદાન આપ્યું છે તેમને યાદ કર્યા. સાબરમતી, વાકળ અને આકળ એમ ત્રણેય નદીનો સંગમ થાય છે તેવી ભૂમિ પર આજે ઉપસ્થિત રહેવાની તક મળી છે. સહકારી માટે સરદાર સાહેબે જે સ્વપ્ન જોયુ છે તે સ્વપ્નને સાકાર કરવામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સતત પ્રયાસ કરી રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી એ આઝાદીના ૭૫ વર્ષ પછી પ્રથમ વખત સહકારીતા વિભાગ શરૂ કરી દેશના ખેડૂતો-પશુપાલકોને સૌથી મોટી ભેટ આપી છે. સહકારીતા વિભાગની જવાબદારી દેશના ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહને સોંપી છે. આપણો દેશ કૃષી પ્રધાન દેશ છે અને દેશની જીડીપીમાં કૃષિનો ફાળો સૌથી વધુ છે. શામળભાઇને યાદ કરી કહ્યુ કે, અમુલ ફેડરેશનની અંદર પાંચ વર્ષ સુધી તેમણે ફેડરેશનના ચેરમેન તરીકે ખૂબ મોટી કામગીરી કરી છે.

શ્રી જગદીશભાઇ વિશ્વકર્માજીએ વધુમાં જણાવ્યું કે, આપણું દુધ વિશ્વના બજારોમાં વહેચાય તેની ચિંતા અમુલના માધ્યમથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ, દેશના ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઇ શાહ કરી રહ્યા છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી તેમજ શ્રી અમિતભાઇ શાહ દેશના ખેડૂતો-પશુપાલકોની ચિંતા કરે છે અને વિશ્વની ગમે તેવી મહાસત્તા સામે ઝુક્યા નથી. ગમે તેવી ધમકી આપે કે ટેરિફ લગાવવાની ધમકી આપે તો પણ ઝુક્યા નથી તેનુ એક માત્ર કારણ આજે આપણી અમુલ આખા વિશ્વમાં ડંકો વગાડે છે અને એક લાખ કરોડના ટન ઓવર પર આજે અમુલ ડેરી પહોંચી છે. આ શ્રેય આપણા પશુપાલકોને જાય છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને કોઇ પાર્ટીના કાર્યકર્તાઓ પરાજય ન કરી શકે તેવા કાર્યકર્તાઓ છે. કેટલીય વાર વિપરીત પરિસ્થિતિ આવી હશે. પરંતુ વિપરિત પરિસ્થિતિ સામે ભાજપનો કાર્યકર્તા ક્યારેય પાછો પળ્યો નથી તેનું મને ગર્વ છે. મને ભાજપના કાર્યકર્તા પર ૧૦૦ ટકા ભરોસો છે કે ભાજપનો કાર્યકર્તા ક્યારેય ડગ્યો નથી અને પહની છાતી રાખી અડીખમ ઉભો હોય છે.

આ પ્રસંગે સાબરકાંઠાના ભાજપના પ્રમુખ શ્રી કનુભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, કમોસમી વરસાદથી જે ખેડૂતોને નુક્સાન થયુ છે તેમને માટે મુખ્યમંત્રીએ જાહેર કરેલા રાહત પેકેજને આવકાર્યુ હતુ તથા લોકલ ફોર વોકલના સૂત્રને અપનાવી સાબરકાંઠાના ખેડૂતોને આત્મનિર્ભર બનાવવાની હૈયાધારણ આપી હતી.

## ૩૦ નવેમ્બર સુધીમાં રોડ ગુણવત્તાનો રિપોર્ટ સોંપો

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મંત્રીઓને કડક સૂચના: સોમ-મંગળે જનતાને મળો

**પ્રભારી જિલ્લાઓમાં વહીવટી પ્રશાસન સાથે બેઠક યોજવા અને પ્રજાલક્ષી પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવાનો આદેશ**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૧૨**

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના સાથી મંત્રીઓને વહીવટી કાર્યક્ષમતા અને જનતા સાથેના જોડાણને મજબૂત કરવા માટે કડક સૂચનાઓ જારી કરી છે. મુખ્યમંત્રીએ મંત્રીઓને આદેશ આપ્યો છે કે સોમવાર અને મંગળવારના દિવસો દરમિયાન કોઈ બેઠકો ન બોલાવવી અને તે દિવસો ખાસ કરીને જનતા અને જનતાના પ્રતિનિધિઓને મળવા માટે ફાળવવા. આ ઉપરાંત, તમામ પ્રભારી મંત્રીઓને ૩૦ નવેમ્બર સુધીમાં તેમના પ્રભારી જિલ્લાઓમાં વહીવટી પ્રશાસન સાથે બેઠક યોજીને પ્રજાલક્ષી પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવા અને ખાસ કરીને રોડ-રસ્તાઓની ગુણવત્તા ચકાસીને અહેવાલ સુપરત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. રોડની ગુણવત્તા ખરાબ જણાય તો અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહી કરવાના પણ નિર્દેશો આપવામાં આવ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંત્રીમંડળની વહીવટી કાર્યશૈલીમાં સુધારો લાવવા માટે તેમના સાથી મંત્રીઓને નિશ્ચિત માર્ગદર્શિકા આપી છે. મુખ્યમંત્રીની આ કડક સૂચનાઓનો મુખ્ય હેતુ શાસનમાં પારદર્શિતા લાવવા અને પ્રજા સાથેનો સંપર્ક વધારવાનો છે.

મુખ્યમંત્રીએ મંત્રીઓને આદેશ આપ્યો છે કે સોમવાર અને મંગળવારના દિવસો દરમિયાન સરકારી અથવા આંતરિક બેઠકો યોજવાનું ટાળવું. આ બંને દિવસો ખાસ કરીને જનતા અને જનતાના પ્રતિનિધિઓ (ધારાસભ્યો, સ્થાનિક નેતાઓ) ને મળવા માટે ફાળવવા, જેથી લોકોના પ્રશ્નોનું ઝડપથી નિવારણ લાવી શકાય.

મુખ્યમંત્રીએ તમામ પ્રભારી મંત્રીઓને તેમના પ્રભારી જિલ્લાઓમાં તાત્કાલિક ધોરણે મુલાકાત લેવા અને વહીવટી કામગીરીની સમીક્ષા કરવા માટે સૂચના આપી છે. મંત્રીઓએ ૩૦ નવેમ્બર સુધીમાં તેમના પ્રભારી જિલ્લાઓમાં વહીવટી પ્રશાસન સાથે બેઠક કરીને પ્રજાલક્ષી પ્રોજેક્ટ્સની સ્થિતિની સમીક્ષા કરવી પડશે. આ બેઠકોમાં ચાલુ વિકાસ કાર્યો, યોજનાઓની પ્રગતિ અને લોકોના પડતર પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કહેવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રોડ-રસ્તાઓની ગુણવત્તા અંગે વિશેષ કડકાઈ દર્શાવી છે. પ્રભારી મંત્રીઓને રોડ-રસ્તાઓ માટે અલગથી સમીક્ષા બેઠક બોલાવવાનો અને કામગીરીની ગુણવત્તા ચકાસવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે જો રોડની ગુણવત્તામાં કોઈ બેદરકારી કે ખામી જણાશે, તો સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. આ આદેશ જાહેર બાંધકામોમાં ભ્રષ્ટાચાર અને ગુણવત્તાહીન કામગીરી પ્રત્યે સરકારની ગંભીરતા દર્શાવે છે.

તમામ પ્રભારી મંત્રીઓએ તેમના જિલ્લાની મુલાકાતો, પ્રશાસન સાથેની બેઠકો અને રોડ-રસ્તાઓની ગુણવત્તાની સમીક્ષા કર્યા બાદ ૩૦ નવેમ્બર પછી મુખ્યમંત્રી કાર્યાલયને વિગતવાર અહેવાલ સોંપવાનો રહેશે. આ અહેવાલ મુખ્યમંત્રીને રાજ્યભરમાં ચાલી રહેલા પ્રજાલક્ષી કાર્યોની પ્રગતિ અને વહીવટી તંત્રની કાર્યક્ષમતાનું સીધું મૂલ્યાંકન કરવામાં મદદરૂપ થશે. આ સૂચનાઓ ગુજરાતમાં લોકાભિમુખ શાસન અને મંત્રીઓની વધેલી જવાબદારી તરફ ઈશારો કરે છે.

# સરકારી નર્સિંગ-મેડિકલ કોલેજમાં એક વર્ષનો વિશેષ પોસ્ટ બેઝિક ડિપ્લોમા કોર્ષ શરૂ કરાયો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૧૨**

ગુજરાતના નાગરિકોને હોસ્પિટલોમાં ગુણવત્તાસભર અને અદ્યતન સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા નિશ્ચિત રોગની સારવાર માટે એક વર્ષનો વિશેષ નર્સિંગ કોર્ષ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં વિવિધ વિષયના કુલ આઠ જુદા જુદા રેસીડેન્સીયલ પોસ્ટ બેઝિક ડિપ્લોમા કોર્ષનો સમાવેશ થાય છે. આ કોર્ષ શરૂ થવાથી સ્ટાફ નર્સની સેવાઓની ગુણવત્તા અને કુશળતામાં વધારો કરવાનો છે.

આ કોર્ષ સ્ટાફ નર્સને ચોક્કસ તબીબી શાખાઓમાં ઊંડી સમજ અને પ્રેક્ટીકલ તાલીમ પૂરી પાડશે. આ એક વર્ષના વિશેષજ્ઞ કોર્ષ પૂર્ણ કર્યા બાદ રાજ્યભરની હોસ્પિટલોમાં ફરજ બજાવતા સ્ટાફ નર્સની કામગીરીની ગુણવત્તામાં નોંધપાત્ર વધારો થશે, જેનાથી દર્દીઓને વધુ સારી અને કુશળ સારવાર મળી શકશે. આ કોર્ષમાં થીયરી કરતાં પ્રેક્ટીકલ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

આ નર્સિંગ વિષયના કુલ આઠ કોર્ષમાં ક્રીટીકલ કેર, ઈમરજન્સી - ડિઝાસ્ટર, નીઓન્ટલ, ઓર્થો અને રીહેબીલેશન, બર્ન-રીકન્સ્ટ્રક્ટીવ, કાર્ડીઓલોજી, ઓનકોલોજી તથા સાઈકીઆટ્રીકનો સમાવેશ થાય છે. જેમાં તેઓ નિષ્ણાંત થઈને દર્દીઓને વધુ સારી સારવાર આપી શકે છે. આ કોર્ષની રચના એવી રીતે કરવામાં આવી છે કે જેથી હોસ્પિટલોમાં દર્દીલક્ષી સંભાળ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સેવાઓના ધ્યેયને વધુ મજબૂત બનાવી શકાય. આ કોર્ષમાં રાજ્ય સરકાર અને GMERS સંચાલિત સંસ્થાઓમાં ફરજો બજાવતાં હોય તેવા કર્મચારીઓ તેમજ અન્ય ઈચ્છુક ઉમેદવારો પણ પ્રવેશ મેળવી શકશે. ગુજરાત સરકારનો આ નિર્ણય રાજ્યની આરોગ્ય વ્યવસ્થાને વધુ આધુનિક, કાર્યક્ષમ અને દર્દી-મૈત્રીપૂર્ણ બનાવવાની દિશામાં એક માઈલસ્ટોન સાબિત થશે તેમ આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગની યાદીમાં જણાવાયું હતું.

### (પહેલાં પાનાનું ચાલુ) દાનહમાં આંબોલી...

સ્થાનિય ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને ગ્રામીણ મહિલાઓના સ્વ-સહાયતા સમૂહો દ્વારા નિર્મિત ઉત્પાદનોનું વેચાણ અને પ્રદર્શનના ઉદ્દેશ્યથી ટ્રાયબલ હાટનું આયાજન કરવામા આવ્યું છે. આજે પ્રથમ ટ્રાયબલ હાટનું ઉદ્ઘાટન દાનહ જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી અરુણ ગુપ્તાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ટ્રાયબલ હાટમાં 'રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન' અંતર્ગત પ્રદેશની મહિલાઓના સ્વયં સહાયતા સમૂહ દ્વારા ૪ સ્ટોલ, અને આરોગ્ય તથા સમાજ કલ્યાણ વિભાગ દ્વારા એક- એક સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. ઉદ્ઘાટન કાર્યક્રમમાં કલાકારો દ્વારા સ્વાંત્ર્ય સેનાની, ક્રાંતિકારી વીર ભગવાન બિરસા મુંડાના જીવન પર આધારિત લઘુ નાટક પ્રસ્તુત કરવામાં હતું. ટ્રાયબલ હાટનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રદેશની મહિલાઓને આત્મનિર્ભરતાની દિશામાં પ્રોત્સાહિત કરવા અને સ્થાનિક ઉત્પાદનોને બજાર ઉપલબ્ધ કરાવવા સાથે ગ્રામીણ આજીવિકાને સશક્ત બનાવવાનો છે. આ અવસરે જિલ્લા પંચાયતના વિકાસ અને યોજના અધિકારી શ્રી પંકજસિંહ પરમાર, સરપંચશ્રી, પંચાયત મંત્રીશ્રી, જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતના અધિકારી અને કર્મચારીઓ તેમજ સ્વયં સહાયતા સમૂહની બહેનો અને ગ્રાહકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને હાટબજારમાંથી જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરી 'વોકલ ફોર લોકલને સમર્થન આપ્યું હતું.

# સુરતમાંથી નકલી પનીર બનાવવાનું નેટવર્ક પકડાયું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૧૨**

સુરતમાં ધીમા ઝેરના નેટવર્કનો પર્દાફાશ થયો છે. સુરતની જાણીતી 'સુરભી ડેરી' ના બે યુનિટ પર દરોડા પાડી એસઓજીએ કુલ ૯૫૫ કિલોગ્રામ શંકાસ્પદ નકલી પનીરનો જંગી જથ્થો જપ્ત કર્યો છે. જ્યારે આ ડેરી રોજેરોજ ૨૦૦ કિલો નકલી પનીર બજારમાં મોકલતી હતી.સૌથી ગંભીર બાબત એ છે કે, ડેરીના સંચાલકે પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જ કબૂલી લીધું હતું કે આ પનીર નકલી છે. આ ડેરી રોજેરોજ આશરે ૨૦૦ કિલો નકલી પનીર સુરતના બજારમાં ઠાલવી રહી હતી, જે અસલી પનીરના ભાવ કરતાં અડધી કિંમતે ૨૫૦થી ૨૭૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાતું હતું. નકલી પનીર બનાવવા ગ્લેશિયલ એસેટિક એસિડનો ઉપયોગ કરતાં હતા. આ એસિડનો ઉપયોગ દૂધને ફાડીને ઝડપથી પનીર બનાવવા માટે થતો હોવાની આશંકા છે, જે સ્વાસ્થ્ય માટે ગંભીર નુકસાન કારક છે. સુરત એસઓજીના ડીસીપી રાજદીપ સિંહ નકુમે જણાવ્યું હતું કે, શહેરમાં કેટલાક તત્વો નકલી ડેરી ઉત્પાદનો વેચીને લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડા કરી રહ્યા છે. આ બાતમીના આધારે,એસઓજીની ટીમે સુરત મહા નગર પાલિકાના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓને સાથે રાખીને 'સુરભી ડેરી' પર તવાઈ બોલાવી હતી, જે મૂળ અડાજણની હોવાનું જાણવા મળ્યું છે. સૌપ્રથમ સુરતના ખટોદરા પોલીસ હદ વિસ્તારમાં આઈ. એન. એસ. હોસ્પિટલની પાછળ આવેલા સોરઠીયા કંપાઉન્ડમાં દુકાન નંબર ૪૩૪ ખાતેના ગોડાઉન પર દરોડો પાડ્યો હતો.આ ગોડાઉન 'સુરભી ડેરી' દ્વારા વિતરણ કેન્દ્ર તરીકે ઉપયોગમાં લેવાતું હતું. દરોડા સમયે, ગોડાઉન પર ડેરીના સંચાલક શૈલેષભાઈ છગનભાઈ પટેલ હાજર મળ્યા હતાં. પોલીસે જ્યારે ગોડાઉનની તલાશી લીધી, ત્યારે ત્યાંથી ૭૫૫.૬૨૧ કિલોગ્રામ શંકાસ્પદ પનીરનો જથ્થો મળી આવ્યો, જેની કિંમત રૂપિયા ૧,૮૧,૩૪૩ આંકવામાં આવી છે.આ પનીર પ્લાસ્ટિકના પેકિંગમાં વેચાણ માટે તૈયાર રખાયું હતું. પોલીસે શૈલેષ ભાઈની કડકાઈથી પૂછપરછ કરતાં, તેમણે કબૂલ્યું કે આ તમામ જથ્થો વેચાણ માટે તેમના મુખ્ય મેન્યુફેક્ચરિંગ યુનિટ, જે ઓલપાડના સાયણ ખાતે આવેલું છે, ત્યાંથી મંગાવવામાં આવ્યો હતો.

આથી સાયણ ખાતે 'સુરભી ડેરી'નું મુખ્ય મેન્યુફેક્ચરિંગ યુનિટ હતું, જ્યાં આ ધીમા ઝેરનું ઉત્પાદન થતું હતું.ફેક્ટરી પર દરોડા સમયે, ડેરીના ભાગીદાર અને મુખ્ય સંચાલક કૌશિકભાઈ વલ્લભભાઈ પટેલ હાજર મળી આવ્યા હતાં. ત્યાંનું દ્રશ્ય જોતાં ફેકટરીમાંથી નકલી પનીર બનાવવા માટે વપરાતી સામગ્રી અને અન્ય શંકાસ્પદ ડેરી ઉત્પાદનોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. ફૂડ સેફટી ઓફિસરોએ બંને સ્થળોએથી પનીર, દૂધ, બટર અને એસિડ સહિતના તમામ શંકાસ્પદ પદાર્થોના સેમ્પલ લીધા છે. આ તમામ સેમ્પલને સીલ કરીને તપાસણી અર્થે FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) ખાતે પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યા છે.

**દરરોજ ૨૦૦ કિલો બજારમાં મોકલાતું હતું**

# સાપુતારામાં જાહેર રસ્તા પર રાઈડસથી પ્રવાસીઓ પરેશાન







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

સાપુતારા બોટિંગ અને પતંગ હોટલની સામેના મુખ્ય રસ્તા પર કેટલાક વેપારીઓ દ્વારા સાયકલ, બાઈક, બાળકોની કાર, જીપ અને ટ્રેન રાઈડ્સ ચલાવી જાહેર માર્ગ પર અડીંગો જમાવવામાં આવ્યો છે.

આ પ્રવૃત્તિને કારણે પ્રવાસીઓ, રાહદારીઓ અને વાહનચાલકોને ભારે પરેશાની વેઠવી પડે છે. તળાવમાં બોટિંગ કરવા જતા લોકો માટે આ રસ્તો ખૂબ જ મુશ્કેલ બની ગયો છે, કારણ કે વાહન લઈને જવું શક્ય નથી.

પ્રવાસીઓના હિતમાં, સાપુતારાના ચીફ ઓફિસર દ્વારા 'મચ્છી માર્કેટ' જેવી સ્થિતિ ઊભી કરનારા વેપારીઓને યોગ્ય માર્ગદર્શન આપીને જાહેર સ્થળો ખુલ્લા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આનાથી પર્યટન સ્થળની વ્યવસ્થા જળવાઈ રહે અને અવરજવર સરળ બને.

# ચીખલીના સાદડવેલ ગામે કાવેરી સુગરની હરાજી થતાં આગામી તા.૧૫મી નવેમ્બરે ખેડૂતો દ્વારા એક દિવસીય ધરણા યોજાશે

**■ ભાજપના રાજમાં વિકાસ અટક્યો? અટકેલા વિકાસને આમ આદમી પાર્ટીના જિલ્લા મહામંત્રી પંકજ પટેલ સુગર ચાલુ કરાવવા મેદાને ઉતર્યા ■ ખોબે ખોબા મત મળતા સત્તાના મોહમાં છકી ગયેલા સત્તાધારી ભાજપ પક્ષને આગામી ચૂંટણીમાં પાઠ ભણાવવા લોકો મનોમન નક્કી કરી રહ્યા છે**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૧૨**

કાવેરી સુગરની સાદડવેલ ગામે આવેલ જમીન હરાજી બાદ ખાનગી કંપનીને કબજો સોંપવાની હિલચાલથી અને ૩૬વર્ષના લાંબા ગાળા દરમિયાન પણ ભાજપ સરકાર કાવેરી સુગર શરૂ કરવામાં નિષ્ફળ રહેતા સમગ્ર આદિવાસી વિસ્તારના ખેડૂતોમાં ભારે રોષની લાગણી પર્વતી રહી છે. ચીખલી ઉપરાંત ખેરગામ, વાંસદા તાલુકો અને ડાંગ જિલ્લાના ખેડૂતો માટે જીવાદોરી સમાન કાવેરી સુગર ભાજપના શાસનમાં ઉભી ન થતા ખેડૂતોની આશા પર પાણી ફરી વળ્યું છે. ત્યારે દિવસે દિવસે લોકોમાં આક્રોશ વધી રહ્યો છે. અને લોકોના ખોબે ખોબે મત મળતા સત્તાના મોહમાં છકી ગયેલા સત્તાધારી ભાજપ પક્ષને આગામી ચૂંટણીમાં પાઠ ભણાવવા લોકો મનોમન નક્કી કરી રહ્યા છે.

કાવેરી સુગરમાં વિસ્તારમાં આવતા નવસારી અને વલસાડ-ડાંગના સાંસદ ભાજપના છે તો ચીખલી-ગણદેવી-ધરમપુર અને ડાંગમાં ધારાસભ્યો પણ ભાજપના છે. બીજી તરફ કાવેરી સુગરના બોર્ડમાં પણ તમામ સભ્યો ભાજપના આગેવાનો હોવા છતાં ભાજપ સરકાર દ્વારા કોઈ જ દરકાર ન લેવાતા અમે આદિવાસી ખેડૂતોની ચિંતા ન કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં લોકરોષ આસમાને છે.

ઉપરોક્ત સ્થિતિમાં સાદડવેલ અને આસપાસના ગામોના શેર ધારકો, ખેડૂતો દ્વારા કાવેરી સુગરની જમીનની હરાજી રદ કરી કાવેરી સુગર શરૂ કરવા માટે આવેદનપત્ર પાઠવી કાવેરી સુગર બચાવવા લડત શરૂ કરી છે. કાવેરી સુગરની જમીન અને બાંધકામનું ૧૩૦કરોડ રૂપિયાની આસપાસની વેલ્યુએશન હોવા છતાં ૭૦કરોડ રૂપિયા જ વેલ્યુએશન બતાવી માત્ર ૫૯કરોડ રૂપિયાની આસપાસની રકમમાં જ હરાજી કરી દેવાતા સમગ્ર હરાજીની પ્રક્રિયામાં એનસીડીસી સામે અનેક સવાલો વચ્ચે મોટા કૌભાંડની આશંકા સેવાઈ રહી છે.

કાવેરી સુગર બચાવવાની લડતના ભાગરૂપે સાદડવેલ સ્થિત કાવેરી સુગરની જમીનના સ્થળે સાદડવેલ અને આસપાસના શેર ધારકો ખેડૂતો દ્વારા એક દિવસના પ્રતીક ધરણા ૧૫નવેમ્બરના શનિવારના રોજ સવારે ૯ થી ૫ કલાક દરમિયાન યોજવાની જાહેરાત કરાઈ છે. અને આ માટે આગેવાનો દ્વારા ગામે ગામ બેઠકોનો દોર પણ ચલાવવામાં આવી રહ્યો છે.

**સાદડવેલના અગ્રણી પંકજભાઈના જણાવ્યાનુસાર**

અમારા સ્થાનિકો દ્વારા કાવેરી સુગર બચાવવા શનિવારના રોજ એક દિવસના પ્રતીક ધરણા યોજી સરકારની આંખ ઉઘાડવાનો પ્રયાસ કરાશે. સરકાર દ્વારા અમારી માંગણી ન સ્વીકારી કાવેરી સુગર ન ચાલુ કરવામાં આવશે તો અમે સ્થાનિકો બીજી કોઈ કંપનીને અમારા ગામની જમીનમાં પ્રવેશવા દઈશું નહિ અને અમારી લડત ચાલુ જ રહેશે.

**વિડીયો કોન્ફરન્સથી મહેસાણાના કાર્યક્રમમાં જોડાશે**

# કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહનો ગુજરાત પ્રવાસ રદ



**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૩ નવેમ્બરે અમદાવાદ અને મહેસાણાના કાર્યક્રમોમાં હાજરી આપવાના હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૧૨**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતાનો એક દિવસનો ગુજરાત પ્રવાસ રદ કરી દીધો છે. તેઓ આવતીકાલે, ૧૩ નવેમ્બરના રોજ ગુજરાતના પ્રવાસે આવીને અમદાવાદ અને મહેસાણા ખાતેના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવાના હતા, પરંતુ દિલ્હીમાં ૧૦મી નવેમ્બરના રોજ થયેલા કાર બ્લાસ્ટની ચાલી રહેલી તપાસ અને સંભવિત આતંકવાદી કનેક્શનને કારણે તેમણે આ પ્રવાસ રદ કરવાનો નિર્ણય લીધો છે. જોકે, મહેસાણાના બોરીયાવી ખાતેના કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાઈ શકે છે.

દિલ્હીમાં થયેલા બ્લાસ્ટની તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે, જેમાં આતંકવાદી કનેક્શનની આશંકાને પગલે સમગ્ર દેશમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તપાસમાં અનેક મહત્વપૂર્ણ ખુલાસાઓ થઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂટાનના પ્રવાસ દરમિયાન સ્પષ્ટતા કરી છે કે આ બ્લાસ્ટના આરોપીઓને કોઈ પણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં. જોકે, આ સંવેદનશીલ પરિસ્થિતિ વચ્ચે, ગૃહમંત્રી અમિત શાહે પોતાનો એક દિવસીય ગુજરાત પ્રવાસ રદ કરવો પડ્યો છે.

અમિત શાહ તેમના સંસદીય ક્ષેત્રમાં આવતા અમદાવાદ અને મહેસાણાના બે મુખ્ય કાર્યક્રમોમાં હાજરી આપવાના હતા. જેમાં ગૃહમંત્રી તેમના સંસદીય ક્ષેત્રના મહેસાણા જિલ્લાના બોરીયાવી ગામ ખાતે આવેલી મોતીલાલ ચૌધરી સૈનિક શાળામાં દૂધસાગર ડેરી દ્વારા સ્થાપિત ઓર્ગેનિક પ્લાન્ટના લોકાર્પણ પ્રસંગે પણ ઉપસ્થિત રહેવાના હતા. આ કાર્યક્રમમાં પણ હવે તેમની હાજરી રદ કરવામાં આવી છે. અમિત શાહ ૧૩ નવેમ્બરના રોજ અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળા નું ઉદ્ઘાટન કરવાના હતા. હવે તેઓ આ કાર્યક્રમમાં હાજરી આપી શકશે નહીં.

**'કડીમાં હું છું ત્યાં સુધી ખોટું નહીં થવા દઉં'**

# હું ખાતો નથી અને ખાવા દેતો નથી, નીતિન પટેલના આકરા પ્રહાર



**કડીના ભાવપુરા સ્થિત ઉમિયા માતાજીના મંદિરે ભારતીય જનતા પાર્ટીનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કડી, તા.૧૨**

ગુજરાત રાજયના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કડીમાં ભારતીય જનતા પાર્ટીના એક સ્નેહમિલન કાર્યક્રમમાં ભ્રષ્ટાચાર કરનારાઓ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મંત્રને દોહરાવીને સ્પષ્ટ સંદેશ આપ્યો કે તેઓ કડીમાં કોઈ પણ પ્રકારનું ખોટું કામ થવા દેશે નહીં.

મંગળવારે રાત્રિ દરમિયાન કડીના ભાવપુરા સ્થિત ઉમિયા માતાજીના મંદિરે ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કડી નગરપાલિકાના વોર્ડ નંબર ૬ અને ૯ના કાર્યકર્તાઓ માટે યોજાયેલા આ કાર્યક્રમમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને નગરપાલિકાના હોદ્દેદારોએ પણ આ પ્રસંગે હાજરી આપી હતી.

પોતાના સંબોધનમાં નીતિન પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાણીતા વિજય ઉચ્ચાર 'હું ખાતો નથી અને ખાવા દેતો નથી' ને ટાંક્યો હતો. તેમણે કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું કે, "કડીમાં હું છું ત્યાં સુધી ખોટું નહીં થવા દઉં." આ કથન દ્વારા તેમણે ભ્રષ્ટાચાર પ્રત્યેની તેમની ઝીરો-ટોલરન્સ નીતિ સ્પષ્ટ કરી હતી.

નીતિન પટેલે આ દરમિયાન પોતાના ધારાસભ્યકાળમાં કડીમાં થયેલા વિવિધ વિકાસકામોની વિગતો પણ રજૂ કરી હતી અને કડીના વિકાસ માટેના તેમના યોગદાનને યાદ કરાવ્યું હતું.

સૌથી મહત્ત્વની વાત એ હતી કે, તેમણે પૂર્વ મંત્રી બચુ ખાબડનું નામ લીધા વગર આડકતરી રીતે તેમના પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે, "મંત્રીની આજુબાજુ રહેનારા અને ઘરના સભ્યો ખોટું કરે તો પણ મંત્રીપદ જાય, આ નિવેદન દ્વારા તેમણે સત્તામાં રહેલા વ્યક્તિની આસપાસના લોકોના ખોટા કામોની ગંભીરતા તરફ ધ્યાન દોર્યું હતું, અને જણાવ્યું હતું કે આવા કૃત્યો આખરે મંત્રીના પદને પણ જોખમમાં મૂકી શકે છે.

# મંદિરે જાઉ છું એમ કહી ગયેલી ઉમરગામના સોળસુંબાની ૨૪ વર્ષીય સ્નેહા શર્મા ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

ઉમરગામ તાલુકાના સોળસુંબા ગામમાં કામરવાડ ખાતે સ્વામી સમર્થ મંદિરની સામે ઘર નં.૨૮૯૫માં રહેતા ૨૨ વર્ષીય દીપક દીલીપ શર્મા (મૂળ રહે. ગામ દુલ્હીન બજાર, તા. બેલહોડી, થાના-બેલહોડી, જિ.પટના, બિહાર)ની ૨૪ વર્ષીય મોટી બહેન સ્નેહા દીલીપ શર્મા તા.૦૨/૧૧/૨૦૨૫ના રોજ ૧૦.૦૦ કલાકે પોતાના ઘરે અંબા માતા મંદિરે જાઉ છું એમ કહી નીકળી હતી. જે પરત ઘરે ન ફરતા પરિવાજનોએ શોધખોળ આદરી હતી પરંતુ કોઈ ભાળ મળી ન હતી. જેથી નાના ભાઈ દીપકે ઉમરગામ પોલીસ મથકે પોતાની બહેન ગુમ થયાની જાણ કરી હતી.

સ્નેહા શર્મા શરીરે મજબૂત બાંધો, ઘઉંવર્ણ અને પાંચ ફૂટ ઉંચાઈ ધરાવે છે. ઘરેથી નીકળતી વેળા પિન્ક કલરનો કુર્તો અને પિન્ક કલરનો પાયઝામો તથા પગમાં ચંપલ પહેરી હતી. ડાબી આંખ બાડી છે અને ડાબા હાથના કાંડાના ભાગે કંવર લખેલું છે. જે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે. જે કોઈને પણ તેણીની ભાળ મળે તો ઉમરગામ પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

# વાપીના ચણોદથી ૧૯ વર્ષીય અવિશેક રામ ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

વાપીના ચણોદ ખાતે અમન નગરમાં વિકાસ પાટીલની ચાલીમાં રૂમ નં.૦૧મા રહેતો ૧૯ વર્ષીય અવિશેક રામુ રામ (મૂળ રહે. ગામ. મેદનીપુર, પોસ્ટ. શુહવાલ, જિ.ગાજીપુર, યુપી) તા.૧૯/૦૯/૨૦૨૫ના રોજ ૦૬/૩૦ વાગ્યા પછી ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના ક્યાંક નીકળી ગયો હતો. જે આજદિન સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ કરી હતી. પરંતુ કોઈ ભાળ મળી ન હતી. જેથી ડુંગરા પોલીસ મથકે પરિવારજનોએ જાણ કરી હતી. ગુમ થનાર અવિશેક શરીરે પાતળો બાંધો, ઘઉંવર્ણ અને પાંચ ફૂટ ત્રણ ઈંચ ઉંચાઈ ધરાવે છે. ઘરેથી નીકળતી વેળા લાલ કલરનો શર્ટ અને કાળા કલરનો પેન્ટ પહેર્યો હતો. જે કોઈને પણ તેની ભાળ મળે તો ડુંગરા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

# મેડિકલમાં દવા લેવા જાઉ છું કહીને ગયેલી વલસાડના દુલસાડથી ૨૦ વર્ષીય વૃતિકા પટેલ ગુમ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

વલસાડ તાલુકાના દુલસાડ ગામમાં કેવડા ફળિયા ખાતે રહેતા ૨૩ વર્ષીય રાહુલ દિનેશભાઈ પટેલની ૨૦ વર્ષીય મંગેતર વૃતિકા દિપકભાઈ પટેલ તા.૩૧/૧૦/૨૦૨૫ના રોજ સવારે ૯ કલાકે દુલસાડ ગામે કેવડા ફળિયામાં રહેતા મંગેતરના ઘરેથી વાંકલ ગામે મેડિકલમાં દવા લેવા જાઉ છું એમ કહી ગઈ હતી. જે થોડા કલાકો બાદ પરત ન ફરતા પરિવાજનોએ શોધખોળ કરી હતી પરંતુ કોઈ ભાળ મળી ન હતી. જેથી રાહુલે બનાવ અંગે વલસાડ રૂરલ પોલીસ મથકે જાણ કરી હતી.

ગુમ થનાર વૃતિકા શ્યામ વર્ણ, મધ્યમ બાંધો અને પાંચ ફૂટ ઉંચાઈ ધરાવે છે. જે ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. ઘરેથી નીકળતી વેળા કાળા કલરની કુર્તિ પહેરી હતી. જે કોઈને પણ તેણીની ભાળ મળે તો વલસાડ રૂરલ પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# અખબારી અહેવાલ બાદ બોરખલ ગામમાં મોગરાનું જોખમી ઝાડ દૂર કરાતા વાહનચાલકોને રાહત



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**આહવા, તા.૧૨**

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના બોરખલ ગામમાં મુખ્ય માર્ગ પર આવેલું એક મોટું મોગરાનું ઝાડ જોખમી બની ગયું હતું. આ ઝાડના મૂળિયાં રસ્તા પર આવી ગયા હતા અને તેની ડાળીઓ પણ નીચી નમી જવાથી વાહનચાલકો માટે તે ગંભીર અકસ્માતનું જોખમ ઊભું કરતું હતું. ખાસ કરીને રાત્રિના સમયે અંધારામાં આ ઝાડને લીધે અનેક નાના-મોટા અકસ્માતો થયા હતા.

સ્થાનિક અખબારોમાં આ અંગે અહેવાલો પ્રસિદ્ધ થયા બાદ વહીવટી તંત્ર સફાળું જાગ્યું હતું. તાત્કાલિક ધોરણે પગલાં લઈને વન વિભાગ અને પંચાયતની ટીમે સંયુક્ત કામગીરી કરીને આ જોખમી મોગરાના ઝાડને રસ્તા પરથી દૂર કર્યું હતું.

ઝાડ હટાવી લેવાતા વાહનચાલકો અને સ્થાનિકોએ મોટી રાહત અનુભવી હતી. મુખ્ય માર્ગ હવે સ્પષ્ટ અને સુરક્ષિત બનતાં ટ્રાફિક સરળ બન્યો છે અને અકસ્માતનો ભય પણ ટળ્યો છે. ગ્રામજનોએ અખબારો અને તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જિલ્લા કક્ષાનાં કલા મહાકુંભની લોકવાર્તા સ્પર્ધામાં અસ્નાબાદ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીએ પ્રથમ ક્રમ હાંસલ કર્યો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૧૨**

સુરત જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ કોસંબાની નવસર્જન ઈ.મી.એન્ડ ગુ.મી.સ્કૂલ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ઓલપાડ નગર સ્થિત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત અસ્નાબાદ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ખુશી મુન્નાભાઈ વર્માએ લોકવાર્તા સ્પર્ધામાં અન્ય હરીફોને પાછળ છોડી અવ્વલ સ્થાન હાંસલ કર્યુ હતું.

આ અવસરે પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, શાળાનાં ઉપશિક્ષિકા શ્રીમતી કલ્પનાબેન પટેલ માર્ગદર્શિત આ વિદ્યાર્થીને જિલ્લા કક્ષાએ ઝળહળતી સિદ્ધિ મેળવવા બદલ શાળા પરિવાર, શાળા વ્યવસ્થાપન સમિતિ તથા ગ્રામજનોએ અભિનંદન પાઠવ્યા હતાં. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજયભાઈ પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# અમરેલી: અંગત અદાવતમાં જીવલેણ હુમલો, કુહાડી વડે વૃદ્ધના બંને પગ અલગ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમરેલી, તા.૧૨**

અમરેલી જિલ્લામાં આવેલ વડીયા તાલુકાના અરજણસુખ ગામમા મોડી રાતે જીવલેણ હુમલો કરી કુહાડીથી પગ કાપી નાખવાની ઘટનાએ ચકચાર મચાવી છે. અહી અરજણસુખ ગામમા સગાને ત્યાં ગોંડલના ૬૦ વર્ષીય દિશેનભાઇ સોલંકી આવ્યા હતા. જ્યાં તેમના ૫ જેટલા સાળા સહિત કેટલાક અજાણીયા લોકોએ અંગત અદાવતમાં જીવલેણ હુમલો કરી કુહાડીથી પગ કાપી નાખતા દિનેશભાઇને સારવાર અર્થે અમરેલી બાદ રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન દિનેશભાઇનું મોત થતા મામલો હત્યામાં પલટાયો નાનકડા અરજણસુખ ગામમાં ચકચાર મચી ગઇ હતી.

વડીયા પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુન્હો નોંધ્યો જેમાં તેમના સાળા સહિત અજાણીયા ઈસમો સામે હત્યાનો ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે મૃતક દિનેશભાઇને પત્ની સાથે ઝઘડો થયા બાદ ઘર છોડી અરજણસુખ આવ્યા હતા જ્યાં તેમના સાળા સહિત લોકો એકત્ર થયા હતા.

સમાધાન બાબતે ત્યારબાદ બોલાચાલી થયા બાદ દિનેશભાઇ ઉપર જીવલેણ હુમલો થયો હતો જેમાં મૃતકના જ ૫ સાળા અને અજાણીયા ઈસમો સામે ફરીયાદ નોંધાય છે જેમા સાળાના હાથે બનેવીની હત્યા થતા ચકચાર મચી ગઇ છે હાલમાં આરોપીને પકડવા માટે ડીવાયએસપીના નેતૃત્વ હેઠળ અલગ અલગ ટીમો બનાવી કવાયત હાથ ધરી છે.

# વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ


# સાયબર, રાસાયણિક અને વૈચારિક રૂપે બદલાઈ રહ્યો છે આતંકવાદનો ચહેરો

**ગુજરાત એટીએસના હાથે પકડાયેલા આરોપીઓમાં એક ડોક્ટર છે, જેણે રિસિન નામના ખતરનાક જૈવિક ઝેરનું પરીક્ષણ કર્યું હતું, રિસિનનો ઉપયોગ આતંકવાદના જૈવિક હથિયાર તરીકે કરવામાં આવે છે, દેશમાં તેનો પ્રયોગ થયો હોત તો એ સૌથી ભીષણ આતંકવાદી ઘટના હોત, વળી એ ઝેરને પ્રસાદમાં મેળવી દેવાયું હોત તો હજારોનાં મોત થયાં હોત**

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક કારમાં બ્લાસ્ટ થયો એ પહેલાંના બે દિવસ દરમ્યાનના બનાવો દર્શાવે છે કે, આતંકવાદીઓ ભારતને અસ્થિર કરવા માટે, આપણાં સુખચેન હણી લેવા માટે પૂરા સક્રિય છે. કાશ્મીરમાં ૩૭૦ની કલમ દૂર થયા પછી નાપાક આતંકીઓના હાથ થોડા હેઠા જરૂર પડ્યા છે, પણ દેશ દુનિયામાં કટ્ટર વિચારસરણીવાળા લોકો યુવાનોને બહેકાવવાનું ઉશ્કેરવાનું કામ આયોજનબદ્ધ રીતે કરી રહ્યા છે. જમ્મુકશ્મીર પોલીસે ફરીદાબાદ (હરિયાણા)થી લખનઉ સુધી અભિયાન ચલાવીને ૨૯૦૦ કિલો વિસ્ફોટક પદાર્થ કબજે કર્યો અને બે ડોક્ટર મુજમ્મિલ શકીલ તથા શાહીન શાહીદની ધરપકડ કરી. મુજમ્મિલ પાસેથી ૩૬૦ કિ.ગ્રા. વિસ્ફોટક અને એસોલ્ટ રાયફલ મળી આવી. શાહીન પાસેથી તો એ.કે. ૪૭ અને કારતૂસ કબજે લેવાયા. આ દર્શાવે છે કે, ઉચ્ચ શિક્ષિત યુવક યુવતીઓ વધુ કટ્ટરતા સાથે માનવતાવિરોધી પ્રવૃત્તિમાં ગળાડૂબ બની રહ્યા છે. દેશ માટે આ ગંભીર ચિંતાનો વિષય છે. શિક્ષણ હંમેશાં જ્ઞાનનો દીપક પ્રગટાવે છે, એક સમજ કેળવે, દૃષ્ટિને સમરસ બનાવે પણ નઠારાં પરિબળો શિક્ષિતોને કટ્ટરવાદના કાળા ઈરાદા સાથે ભ્રમિત કરી રહ્યા છે... ગુજરાત એટીએસએ પણ સફળ ઓપરેશન ચલાવીને દેશને મોટી હોનારતમાંથી ઉગારી લીધો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું એ મુજબ આતંકવાદીઓનું લક્ષ્ય લખનઉ સ્થિત આર.એસ.એસ.નું મથક હતું. સદ્‌નસીબે કાવતરું નિષ્ફળ ગયું, પણ કદાચ આતંકીઓ સફળ થયા હોત તો એ દેશની શાંતિને પલિતો ચાંપવા સમાન લેખાયું હોત. એજન્સીઓના જણાવ્યા મુજબ પકડાયેલા આરોપીઓમાં પણ એક ડોક્ટર છે, જેણે રિસિન નામના ખતરનાક જૈવિક ઝેરનું પરીક્ષણ કર્યું હતું. રિસિનનો ઉપયોગ આતંકવાદના જૈવિક હથિયાર તરીકે કરવામાં આવે છે. એટીએસના જણાવ્યા અનુસાર દેશમાં તેનો પ્રયોગ થયો હોત તો એ સૌથી ભીષણ આતંકવાદી ઘટના હોત. વળી એ ઝેરને પ્રસાદમાં મેળવી દેવાયું હોત તો હજારોનાં મોત થયાં હોત. આ ઘટના એ વાત પણ પુરવાર કરે છે કે, આતંકવાદીઓ હવે પરંપરાગત પદ્ધતિ મૂકીને રાસાયણિક જૈવિક હથિયારોની દિશામાં આગળ વધી રહ્યા છે. આતંકવાદનો ચહેરો હવે સાયબર, રાસાયણિક અને વૈચારિક રૂપ લઈ રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ઉત્તરપ્રદેશ, ગુજરાત અને કર્ણાટક જેવાં રાજ્યો આતંકી સંગઠનના નિશાને રહ્યા છે. ગુજરાત વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું ગૃહરાજ્ય છે. ઝડપભેર પ્રગતિ થઈ રહી છે. ઉત્તરપ્રદેશમાં યોગી આદિત્યનાથ મજબૂત અને મક્કમ છે. અત્યાર સુધી આતંકવાદ એટલે બોમ્બ ધડાકા, ગોળીબાર જેવા હુમલા, પણ હવે ટેક્નોલોજીના પ્રવેશ પછી ઈરાદા વધુ કટ્ટર થયા ને સિસ્ટમ બદલાઈ છે. આપણે પારંપરિક આતંક સામે લડાઈમાં ઉલ્લેખનીય સફળતા મેળવી છે, પણ નવો ખતરો ટેકનિકલ અને વૈચારિક એમ બન્ને સ્તરે છે. આતંકવાદી પકડાયાના બનાવને સતર્કતામાં ઊણપ કહીને મૂકી દેવાને બદલે રાષ્ટ્રીય સુરક્ષા રણનીતિની સમીક્ષા અવશ્ય માની શકાય. આતંકવાદની બદલાતી પદ્ધતિ મુજબ તેની પ્રકૃતિ સમજીને આકરાં પગલાં લેવાની આવશ્કતા છે.

## ૧૩ નવેમ્બર, 'વિશ્વ દયા દિવસ'

# રસ્તે રઝળતા પશુઓને આશરો અને ખાદ્ય પદાર્થો પુરા પાડવા જોઈએ



**મોટાભાગના પ્રાણીઓ ગતિશીલ હોય છે, તેઓ સ્વૈચ્છાએ, સ્વતંત્ર રીતે હરી ફરી શકે તેવું વાતાવરણ આપણે તેમને આપવું જ જોઈએ, તે આપણાં પર્યાવરણ સંવર્ધક છે**

*દયા ધર્મ કા મૂલ હૈ, પાપ ભૂલ અભિમાન.*
*તુલસીદાસ કહે, દયા નવ છોડીયે*
*જબ તક હૈ ઘટ મેં પ્રાણ.*

વિશ્વભરમાં, ૧૩ નવેમ્બરને વિશ્વ દયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ કોઈની પ્રત્યે દયા બતાવવા અને કોઈને તેમના કામથી ખુશ કરવા માટે ઉજવવામાં આવે છે. આ દિવસે, ૨૦ વર્ષ પહેલાં, જાપાનીઝ 'વર્લ્ડ મૂવમેન્ટ'ને સમર્પિત કોન્ફરન્સ જાપાનનાં શહેર ટોક્યોમાં યોજાઈ હતી. તે સમયે, પેસિફિક ક્ષેત્રના રાજ્યો તેના સહભાગીઓ બન્યા. વધુમાં, ગ્રેટ બ્રિટન તેમની સાથે જોડાયું. સમય જતાં, અન્ય દેશોમાં પણ દયાનો દિવસ ઉજવવાનું શરૂ થયું.

કોઈ પણ પ્રત્યે દયા, જીવદયા કે કાઈન્ડનેસ બતાવવી એ માત્ર 'પાર્ટ ઓફ એથીક્સ' જ નથી પરંતુ એ તો કોઈ પણ જીવ માત્રની સામાજિક જવાબદારી પણ છે. વધતા જતાં અસામાજિક તત્ત્વો વચ્ચે આ જીવદયા કે કરુણા જેવી બાબતો જ જીવનને એક મકસદ આપે છે અને સમાજમાં સકારાત્મકતા ફેલાવવાનું એક ખુબ જ અઘરું કામ કરે છે.

જો આપણે આપણી આસપાસ નજર કરીએ તો જોવા મળશે ક્યાંક, કોઈક સ્થળે કોઈ કોઈને બને તેટલી મદદ કરતું રહે છે. જેમ કે દરરોજ જમતા પહેલા ગાયની રોટલી આપવી, કૂતરાઓને દૂધ રોટલાં કે બિસ્કીટ અથવા બિલાડીને દૂધ પીવડાવું, પક્ષીઓ માટેપાણી અને ચણ મુકવા, કીડીઓને કીડીયારું પૂરવું વગેરે જેવી બાબતોથી જીવદયા પ્રત્યે થોડું યોગદાન આપી શકાય છે. અહીં મહત્વની વાત એ છે કે આનાથી કોઈને નુકસાન થતું નથી. આજે જ્યારે માનવતા પણ અલોપ થતી લાગે છે ત્યારે કોઈ પાસેથી માનવતા કે જીવદયાની અપેક્ષા રાખવી એ પણ એક ભ્રમ સમાન છે. આજે માનવીએ ગધેડા જેવા ભોળા પ્રાણીથી માંડી હાથી જેવા કદાવર પ્રાણીને પકડીને ગુલામ બનાવી દીધાં છે. મોટાભાગના પ્રાણીઓ ગતિશીલ હોય છે. તેઓ સ્વૈચ્છાએ, સ્વતંત્ર રીતે હરી ફરી શકે તેવું વાતાવરણ આપણે તેમને આપવું જ જોઈએ, તે આપણાં પર્યાવરણ સંવર્ધક છે. ઘણા બધા પ્રાણીઓ પાસેથી પણ આપણને વિવિધ ગુણો શીખવા મળે છે. જેમકે કૂતરો પ્રેમ અને વફાદારી શીખવે છે, નાનકડી કીડી પાસેથી એકતા, પક્ષીઓ પાસેથી સતર્કતા શીખવા મળે છે. બધા જ પ્રાણીઓ આપણી પૃથ્વીનાં જ છે તેથી તેમનો આદર કરી, તેમનાં પ્રત્યે જીવદયા રાખીને તેમનું જતન કરવું આપણી પ્રથમ ફરજ છે.

જીવ પ્રત્યે દયા, કરુણા સદાય રાખવી જોઈએ. તે માટે કેટલીક ધ્યાન રાખવા જેવી બાબતો છે જેમ કે, જંગલો કાપવા ન જોઈએ. વધુમાં વધુ વૃક્ષો વાવવા જોઈએ. શાકાહાર અપનાવવો જોઈએ. પશુ, પક્ષી, પ્રાણીઓને મુક્ત રીતે હરવા ફરવા દેવા જોઈએ. પશુ-પંખી અને પ્રાણીઓને પુરતો આહાર, પાણી અને સારવાર પૂરી પાડવી જોઈએ. પક્ષીઓ માટે ચણ અને પાણી ઘરે જ મૂકી શકાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ. રસ્તે રઝળતા પશુઓને આશરો અને ખાદ્ય પદાર્થો પુરા પાડવા જોઈએ.

**- મિત્તલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# જેની ઈન્દ્રિયો વશમાં છે તેનામાં અને સાધારણ મનુષ્યમાં શું અંતર છે?

**સ્થિતપ્રજ્ઞ પુરૂષનાં લક્ષણો ભાગ-૭**

જેની ઈન્દ્રિયો બધી રીતે વશમાં છે તેનામાં અને સાધારણ મનુષ્યમાં શું અંતર છે? તે સમજાવતાં ભગવાન ગીતા(૨/૬૯)માં કહે છે કે..,

યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી
યસ્માં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ

સમસ્ત પ્રાણીઓ માટે જે રાત્રી (પરમાત્માથી વિમુખતા) છે તેમાં સંયમી મનુષ્ય જાગે છે અને જેમાં સઘળાં પ્રાણીઓ જાગે છે(ભોગ અને સંગ્રહમાં લાગેલા છે) તે તત્વને જાણનાર મુનિની દ્રષ્ટિમાં રાત્રી છે. બધા પ્રાણીઓ માટે રાત્રી ઉંઘવાનો સમય હોય છે તે સમયે સંયમી પુરૂષ જાગતો રહે છે અને જ્યારે બધા પ્રાણીઓ જાગતાં હોય છે ત્યારે સંયમી મુનિ તેને રાત્રી સમજે છે.

જેમની ઈન્દ્રિયો અને મન વશમાં નથી, જેઓ ભોગોમાં આસક્ત છે તેઓ બધા પરમાત્માની દ્રષ્ટિએ સૂતેલા છે. પરમાત્મા શું છે? તત્ત્વજ્ઞાન શું છે? અમે દુઃખી શા માટે થઈ રહ્યા છીએ? સંતાપ બળતરા કેમ થઈ રહી છે? અમે જે કંઈ કરી રહ્યા છીએ તેનું પરીણામ શું આવશે? આ તરફ બિલ્કુલ ન જોવું એ જ તેઓની રાત્રી છે, એમને માટે બિલ્કુલ અંધારૂં છે.

જેવી રીતે પશુપક્ષી વગેરે આખો દિવસ ખાવાપીવામાં જ લાગેલાં રહે છે તેવી જ રીતે જે મનુષ્ય દિવસરાત ખાવાપીવામાં, સુખ આરામમાં, ભોગો અને સંગ્રહમાં તેમજ ધન કમાવવા પાછળ જ મંડ્યા રહે છે તેવા મનુષ્યોની ગણતરી પણ પશુપક્ષી વગેરેમાં જ થાય છે, કારણ કે પરમાત્મા તત્ત્વની દ્રષ્ટિએ તો તે સૂતેલાં જ છે.મનુષ્યની જે રાત્રી છે એટલે કે પરમાત્મા તરફની, પોતાના કલ્યાણના તરફની જે વિમુખતા છે તેમાં સંયમી મનુષ્ય જાગે છે. જેને ઈન્દ્રિયો અને મનને વશ કર્યા છે, જે ભોગ અને સંગ્રહમાં આસક્ત નથી, જેનું ધ્યેય ફક્ત પરમાત્મા છે તે સંયમી મનુષ્ય છે. પરમાત્મા તત્ત્વને પોતાના સ્વરૂપને અને સંસારને યથાર્થરૂપે જાણવું એ જ એમનું રાત્રીમાં જાગવું કહેવાય.

જેઓ ભોગ અને સંગ્રહમાં ઘણા સાવધાન રહે છે એ જ તે લોકોનું જાગવું કહેવાય. જે સાંસારીક પદાર્થોનો ભોગ અને સંગ્રહ કરવામાં મનુષ્યો પોતાને ભારે બુદ્ધિમાન અને ચતુર માને છે અને તેમાં જ રાજી થાય છે, તે બધું સંસાર અને પરમાત્મા તત્ત્વને જાણવાવાળા મનનશીલ સંયમી મનુષ્યની દ્રષ્ટિએ રાત્રી સમાન છે. ઈન્દ્રિયો અને અંતઃકરણ દ્વારા સંસાર દેખાવા છતાં પણ મનનશીલ સંયમી મનુષ્યની બુદ્ધિમાં એવો અટલ નિશ્ચય રહે છે કે વાસ્તવમાં સંસાર નથી, ફક્ત પ્રતિતિ માત્ર છે. તત્ત્વજ્ઞ મહાપુરૂષોની દ્રષ્ટિએ બ્રહ્મલોક સુધી સંપૂર્ણ સંસાર વિદ્યમાન છે જ નહીં. સાંસારીક લોકો તો સંસારમાં જ રચ્યાપચ્યા રહે છે અને એવું માને છે કે જે કાંઈ છે તે બધું આ જ છે. સંસારમાં ડૂબેલો માણસ સંસારને જાણી શકતો નથી. સંસારથી અલગ થઈને જ સંસારને જાણી શકાય છે, કારણ કે વાસ્તવમાં તે સંસારથી અલગ છે. પરમાત્માની સાથે એક થઈને જ મનુષ્ય પરમાત્માને જાણી શકે છે. કારણ કે વાસ્તવમાં તે પરમાત્માની સાથે એક છે.

અહીં જ્ઞાની અને અજ્ઞાનીનો ભેદ બતાવે છે. અજ્ઞાનીનો અર્થ ઈન્દ્રિયલોલુપ સામાન્ય વ્યક્તિઓ છે. લગભગ તમામ પ્રાણીઓ ઈન્દ્રિયલોલુપ હોય છે. આ કુદરતી સહજ પ્રક્રિયા છે. ઈન્દ્રિયો બેફામ થઈને પોત પોતાના વિષય ભોગવવા દોડતી રહે છે એટલે જ્યારે આવી બેફામ પ્રવૃત્તિમાં લોકો રચ્યાપચ્યા રહેતા હોય ત્યારે સંયમી સાધક તેને નિશા એટલે કે પ્રવૃત્તિનો ત્યાગ સમય સમજતો હોય છે તે આ બેફામ ટોળામાં ભળતો નથી. તે દ્રષ્ટા પણ થતો નથી, અંતર્મુખ થાય છે. અતિભોગો અનિષ્ટ છે પણ તેના દ્રષ્ટા થઈને ટીકા કર્યા કરવી તે પણ અનિષ્ટ છે. કેટલાક દ્રશ્યોથી આંખો બંધ કરવી જરૂરી છે. બધું જ જો જો કરવાનું ન હોય એટલે આવા સમયને મુનિ રાત્રી સમજે છે અને લોકો જેને રાત્રી સમજે છે એટલે કે પ્રવૃત્તિત્યાગનો સમય સમજે છે અને ઘસઘસાટ ઉંઘે છે અથવા ભોગો ભોગવે છે ત્યારે પેલો સંયમી સાધક જાગતો રહે છે. રાત્રી પ્રવૃત્તિત્યાગ અને ભોગો ભોગવવાનો સમય હોય છે. બધાં પ્રાણીઓ જ્યારે તેમાં રચ્યાંપચ્યાં હોય છે ત્યારે સંયમી પુરૂષ જાગતો હોય છે એટલે કે સાવધાન રહેતો હોય છે. સાવધાન રહેવું એ જ જાગૃત્તિ છે.



**ગીતામૃતમ્..**

આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

ભગવાન ફરી એક ઉદાહરણ આપે છે. ભગવાનને પણ ખબર હશે કે વર્ષો પછી વેદોનો અભ્યાસ લોકો બંધ કરશે એટલે સિદ્ધાંતો પર જીવવાવાળા લોકો ઓછા થશે તે વખતે ઉદાહરણોથી જ સમજણ પાકી થશે અને વ્યક્તિજીવન ભગવાન તરફ, વેદ તરફ અને યજ્ઞ (સમૂહમાં કરેલા સત્કર્મો) તરફ પાછો ફરશે. જ્યારે બધા લોકો સુતા હોય ત્યારે સ્થિતપ્રજ્ઞ જાગે છે. આ સમજવા માટે *આ વાત યાદ કરવી જોઈએ. ઉ ત્તિષ્ઠ અને જાગ્રત બંને અલગ ક્રિયાનું વર્ણન શ્રુતિએ કર્યુ છે.




અહિ કૃતિપરાયણ થવાનું સુચન છે, આ માટે ધ્યેય હોવું જોઈએ. જેનું ધ્યાન થઈ શકે તેને જ ધ્યેય કહેવાય. અરબપતિ થવું કે આબરુ ઉભી કરવી કે સમાજોપયોગી થવું, આ એક સારી વાત છે પણ તે ધ્યેય નથી. કારણ આ વાતોથી ક્રિયાત્મક્તા આવશે પણ ભાવજીવન ખલાસ થઈ જશે પણ જે વ્યક્તિ ધ્યેય માટે જાગૃત છે અને તેનાં માટે પ્રયત્નશીલ છે તે જ ધ્યેય સુધી પહોંચી શકે છે. પછી કહે છે કે બધા જ જીવો જ્યારે જાગે છે ત્યારે તે સુવે છે, આમ ભગવાને કહ્યું તે સમજવા જેવું છે. બધા જીવો જ્યારે કૃતિ માટે આળસ કરે છે ત્યારે ભગવાનનો લાડકો દીકરો કૃતિ માટે પ્રવૃત્ત રહે છે પણ જ્યારે બધા જીવો પરિણામ માટે જાગૃત રહે છે ત્યારે ભગવાનનો લાડકો પરિણામની ઈચ્છા વગર જ તેનાથી દૂર રહે છે. આવી રીતે જે લોકો જીવે છે તે જ મુનિ કહેવાય છે. જેણે પોતાની વૃત્તિ બદલી છે તે મુનિ છે.

જે ઘરમાં હું રહું તે સ્વચ્છ, સુંદર અને સુઘડ રાખુ છું તો આ વિશ્વ ભગવાનનું ઘર છે તો તેને પણ સ્વચ્છ સુંદર અને સુઘડ રાખવું તે મારી જવાબદારી છે. જેમ વિશ્વ સુંદર રાખવું તેમ વિશ્વના લોકો પણ સુશિક્ષિત ભક્તિપરાયણ અને ઈશ્વરાભિમુખ કરવાં તે પણ મારી જવાબદારી છે. આ માટે વ્યક્તિ બીજા વ્યક્તિને મળે અને તેને ઈશ્વરસન્મુખ વાળે. આ કામ કર્યા પછી તે નિશ્ચિંત થઈને સુઈ જાય અને પરિણામ જે પણ આવે તેમાં પોતાની વાહવાહ કે Appreciationની પણ અપેક્ષા ન રાખે આ જ ગીતાનો સ્થિતપ્રજ્ઞ છે. આવું જીવન બનાવી શકીએ તે માટે ભગવાનને પ્રાર્થના કરીને વ્યક્તિવિકાસ અને ઈશ્વરીય કાર્ય માટે તત્પર થઈએ.

મનનશીલ સંયમી મનુષ્યને સંસાર રાત્રી જેવો દેખાય છે. તે અંગે આ પ્રશ્ન ઉઠે છે કે શું તે સાંસારીક પદાર્થોના સંપર્કમાં આવતો જ નથી? જો નથી આવતો તો તેનો જીવનનિર્વાહ કેવી રીતે થાય છે? અને જો આવે છે તો તેની સ્થિતિ કેવી રહે છે? આ બાબતનું વિવેચન કરતાં ભગવાન ગીતા(૨/૭૦)માં કહે છે કે..,

આપૂર્યમાણમચલપ્રતિષ્ઠં સમુદ્રમાપઃ પ્રવિશન્તિ યદ્વત્
તદ્વત્કામા યં પ્રવિશન્તિ સર્વે સ શાંતિમાન્પ્રોતિ ન કામકામી ॥૭૦॥

જે પ્રમાણે બધી જ નદીઓનાં પાણી બધી બાજુથી જળ દ્વારા ભરપૂર અચળ પ્રતિષ્ઠાવાળા સમુદ્રમાં તેને વિચલિત કર્યા વિના જ આવીને સમાઈ જાય છે તે જ પ્રમાણે સર્વ ભોગપદાર્થો જે સ્થિતપ્રજ્ઞ પુરૂષમાં કોઈપણ પ્રકારનો વિકાર ઉત્પન્ન કર્યા વિના જ સમાઈ જાય છે તે જ પુરૂષ પરમ શાંતિને પ્રાપ્ત થાય છે ભોગોની કામનાવાળો નહીં. સમુદ્રમાં નદીઓના સતત પ્રવેશ કરવાં છતાં તે હંમેશાં સ્થિર રહે છે તેમ વાસનાઓના અવિરત પ્રવાહથી જે મનુષ્ય વિચલીત થતો નથી તે શાંતિ પ્રાપ્ત કરી શકે છે પરંતુ આવી ઈચ્છાઓને વશ થતો મનુષ્ય શાંતિ પ્રાપ્ત કરી શકતો નથી.

ચોમાસામાં નાનીમોટી નદીઓનું જળ ખુબ જ વધી જાય છે, નદીઓમાં પુર આવી જાય છે પરંતુ તે જળ જ્યારે ચારેય બાજુથી જળ દ્વારા પરીપૂર્ણ સમુદ્રમાં આવીને મળે છે ત્યારે સમુદ્ર ઉભરાતો નથી, પોતાની મર્યાદામાં જ રહે છે પરંતુ જ્યારે ઉનાળામાં નદીઓનું પાણી ઓછું થઈ જાય છે ત્યારે સમુદ્ર ઘટતો નથી એવી જ રીતે સંસારના તમામ ભોગો તે પરમાત્માતત્ત્વને જાણવાવાળા સંયમી મનુષ્યને પ્રાપ્ત થાય છે અને તેની સામે આવે છે પણ તે તેના કહેવાતા શરીર અને અંતઃકરણમાં સુખ-દુઃખરૂપી વિકારો પેદા કરી શકતા નથી આથી તે પરમશાંતિને પ્રાપ્ત થાય છે. તેની જે શાંતિ છે તે ભોગપદાર્થોના કારણે નહીં પરંતુ પરમાત્માતત્ત્વના કારણે છે.

સ્થિતપ્રજ્ઞનું મન ગમે તેટલું ચંચળ હોય પણ તેની બુદ્ધિ એટલી પરિપક્વ બની છે કે તે વિષયોની સાથે વહી જવાનાં બદલે મનને સંયમીત રાખે છે અને વિષયોને રમાડે છે, આમ કરવાથી તે ધારે ત્યારે વિષયોમાં જઈ શકે અને ધારે ત્યારે બહાર આવી શકે આ સામાન્ય અર્થ છે. વિષય છે તેથી વિષયી છે અને બંને જરૂરી છે. આ માટે વિષય એટલો મજબુત રાખો કે તેમાં આસક્ત થયા પછી વિકારો વધે નહિ પણ નિયંત્રિત થાય. વિકારો જરૂરી છે અને તેનાથી જીવન ચાલે છે. આહાર નિંદ્રા ભય મૈથુનં ચ સામાન્યમેતત પશુભિર્નરાણામ્ચાર વિષયો આહાર, નિંદ્રા, ભય અને મૈથુન બધા જ જીવોમાં છે તે છૂટે જ નહિ અને છૂટે તો જીવનું અસ્તિત્વ ખલાસ... આ માટે માણસમાં શું હોય તો થાય? તે માટે ધર્મોહિ તેષાં અધિકો વિશેષ હોય. સ્વધર્મ અને સ્વકર્મ એવા બનાવવાં કે તેનાથી મને વિષયો પજવે નહિ. વિષયોની સાથે રમવાનું છે અને આપણે વિષયોને રમાડવાનાં છે. જે વિષયાતિત છે તેમાં કેન્દ્રસ્થ થઈને સમયાંતરે ધ્યાસ્થ થઈએ તો નાનામાટા વિષયો મને પરેશાન નહીં કરે.

સ્થિતપ્રજ્ઞ મનુષ્ય જે તત્ત્વમાં સ્થિત થયેલ છે તે તત્વ ચેતન, નિત્ય, સત્ય, અસીમ અને અનંત છે અને સાંસારીક પદાર્થો જડ, અનિત્ય, અસત્, સિમિત અને અંતવાળા છે. ચેતનસ્વરૂપની તૃપ્તિ જડ પદાર્થો વડે થઈ શકતી નથી. પોતાની કામનાઓના કારણે આ સંસાર જડ દેખાય છે. વાસ્તવમાં તો આ સંસાર ચિન્મય પરમાત્મા જ છે. વાસુદેવઃ સર્વમ્(૭/૧૯) ઈચ્છા જ્યારે વાસના થઈ જાય અને વાસના કામનામાં રૂપાંતરીત થઈ જાય ત્યારે તેને કામ કહેવાય. જગત કામનામય છે. કામનાનું ભાવનામાં રૂપાંતરણ કરવું તેને આધ્યાત્મિક સાધના કહેવાય.

## બિહાર ચૂંટણી ઉપર ફલોદી સટ્ટા બજારની આગાહીએ બધાને ચોંકાવ્યા, એક્ઝિટ પોલ્સ કરતા સાવ અલગ

# તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળ પાર્ટી ભાજપ અને નીતિશની જેડીયુને પાછળ છોડીને સૌથી મોટી પાર્ટી પણ બની શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૧૨**

બિહાર વિધાનસભા ચૂંટણીના બંને તબક્કાનું મતદાન પૂરું થઈ ગયું છે. હવે પરિણામો પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. નીતિશકુમારની સરકાર રહેશે કે પછી સત્તા પરિવર્તન થશે અને મહાગઠબંધન આવશે તેની અટકળો થઈ રહી છે. મોટાભાગના એક્ઝિટ પોલના પરિણામોમાં એનડીએની સરકાર બનતી જોવા મળી રહી છે પરંતુ તેનાથી ઉલટું ફલૌદી સટ્ટા બજારના આંકડાએ બધાને આશ્ચર્યચકિત કર્યા છે.

ફલૌદી સટ્ટા બજારનો માર્કેટ રેટ એક્ઝિટ પોલથી અલગ જ બીજી એક નવી કહાની દેખાડે છે. સટ્ટા બજાર મુજબ બિહારમાં એનડીએ અને મહાગઠબંધન વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી શકે છે. એટલું જ નહીં તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળ પાર્ટી ભાજપ અને નીતિશકુમારની જેડીયુને પાછળ છોડીને સૌથી મોટી પાર્ટી પણ બની શકે છે. ફલૌદીના સટ્ટા બજારની ભવિષ્યવાણીઓ માનીએ તો બિહારમાં એનડીએ અને મહાગઠબંધન બંને માટે સંભાવનાઓના દરવાજા હજુ પણ ખુલ્લા છે.

ફલૌદી સટ્ટા બજારના માર્કેટ રેટ મુજબ બિહારમાં એનડીએને ૧૦૫ થી ૧૩૫ સીટો મળી શકે છે. એ જ રીતે મહાગઠબંધનને ૯૭થી ૧૨૭સીટો મળી શકે છે. એ જ રીતે અન્યને ત્રણથી આઠ સીટો મળી શકે છે. પ્રશાંત કિશોરની જન સુરાજ પાર્ટીને લઈને ફલૌદીનું સટ્ટા બજાર જરાય ઉત્સાહિત નથી. પ્રશાંત કિશોરની પાર્ટી માટે ખાતું ખુલવું કોઈ ઉપલબ્ધિથી કમ નહીં હોય. ઓવૈસીની પાર્ટીની સામે પણ ગત રેકોર્ડ દોહરાવવો મોટો પડકાર હશે. ફલૌદીના સટ્ટા બજાર મુજબ બિહારમાં હજુ નીતિશકુમાર અને તેજસ્વી યાદવ બંને માટે સંભાવનાઓના દરવાજા ખુલ્લા છે. અહીં એનડીએ અને મહાગઠબંધનમાંથી કોઈની પણ સરકાર બની શકે છે. જો કે એનડીએની સરકાર બનવા અંગે ૫૪ ટકા લોકો દાવ લગાવી રહ્યા છે. જ્યારે તેજસ્વી યાદવના મહાગઠબંધન પર ૪૬ ટકા લોકો.

ફલૌદી સટ્ટા બજારમાં લાગેલા દાવ મુજબ તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળ પાર્ટી બિહારમાં સૌથી મોટી પાર્ટી બનીને ઊભરી શકે છે. તેજસ્વી યાદવની આરજેડી ઓછામાં ઓછી ૭૫ સીટો જીતીને સૌથી મોટી પાર્ટી બની શકે છે. ભાજપ તેનાથી થોડી ઓછી સીટો મેળવીને બીજા નંબરે આવી શકે અને નીતિશ કુમારની જેડીયુ ૫૫થી ૬૦ સીટો આસપાસ મેળવીને ત્રીજા નંબરની પાર્ટી બની શકે છે. મહાગઠબંધન માટે કોંગ્રેસ નબળી કડી સાબિત થઈ શકે છે. કોંગ્રેસ પાર્ટી બે ડઝન સીટો મેળવે એવી પણ ફલૌદી સટ્ટા બજાર શક્યતા વ્યક્ત કરતું નથી. સટ્ટા બજાર મુજબ એનડીએને બહુમત મળે તો પણ નીતિશકુમાર સીએમ બને એ નક્કી નહીં હોય. એનડીએને બહુમત મળે તો નીતિશકુમારની સીએમ બનવાની શક્યતા ફક્ત ૬૦ ટકા રહેશે.

ભાજપના સીએમ બનવાની સંભાવના પણ ૨૦થી ૨૫ ટકા હશે. મહાગઠબંધનને બહુમત મળે તો તેજસ્વી યાદવ મુખ્યમંત્રી બને તેવા ૯૭ ટકાથી વધુ ચાન્સ છે. હવે જોવાનું એ રહેશે કે બિહાર ચૂંટણીના પરિણામોને લઈને એક્ઝિટ પોલ સાચા પડે છે કે પછી ફલૌદી સટ્ટા બજારનો ઈતિહાસ કાયમ રહે છે. અત્રે જણાવવાનું કે ફલૌદી રાજસ્થાનનું એક એવો કસ્બો છે જયાનું સટ્ટા બજાર આખા વિશ્વમાં ચર્ચિત છે. અહીંનું સટ્ટા બજાર ચૂંટણી અને ખેલોના પરિણાોને લઈને સટીક અનુમાન કરવા માટે જાણીતું છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

ઈન્ડિયન પ્રીમિયર લીગ ફરી એકવાર શરૂ થનાર છે

## ૧૫ નવેમ્બરે ટીમો રિટેન કરેલા ખેલાડીઓની કરશે જાહેરાત

**જોકે, ડિસેમ્બરના મધ્યમાં યોજનારી ઓક્શન પહેલાં તેમને ખેલાડીઓની અદલાબદલી અથવા ટ્રેડ કરવાની મંજૂરી આપવામાં આવશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨ :** ક્રિકેટનો સૌથી મોટો ઉત્સવ એટલે કે ઈન્ડિયન પ્રીમિયર લીગ ફરી એકવાર શરૂ થવાનો છે. મેગા ઈવેન્ટની આગામી સીઝન પહેલા બધી ૧૦ ટીમો તેમના રિટેન કરેલા ખેલાડીઓની યાદી જાહેર કરવા માટે તૈયાર છે. IPL 2026 માટે રિટેન કરવાની તારીખો જાહેર કરવામાં આવી છે. ત્યારે લોકો જાણવા માટે ઉત્સુક છે કે તેઓ ક્યારે અને ક્યાં ઈવેન્ટ જોઈ શકે છે.

સ્ટાર સ્પોર્ટ્સ ચેનલે સોશિયલ મીડિયા દ્વારા જાહેરાત કરી છે કે, ૧૫ નવેમ્બર, શનિવારના રોજ સાંજે ૫ વાગ્યે શરૂ થનારા ખાસ IPL 2026 રિટેન્શન પ્રોગ્રામનું લાઈવ પ્રસારણ કરવામાં આવશે. આ શોમાં ઘણા જાણીતા ક્રિકેટ એક્સપર્ટ રિટેન કરેલા ખેલાડીઓ વિશે વિગતવાર ચર્ચા કરશે અને આગામી સીઝન પહેલા બધી ટીમો માટે રોડમેપની રૂપરેખા આપશે. IPL 2026 રિટેનશન પ્રોગ્રામનું લાઈવ સ્ટ્રીમિંગ Jio hotstar પર થશે. IPL 2026 રીટેન્શન નિયમો ફ્રેન્ચાઈઝીઓને અમર્યાદિત સંખ્યામાં ખેલાડીઓ રિટેન કરવાની મંજૂરી આપે છે, જેમાં કેપ્ડ ભારતીય ખેલાડીઓ, વિદેશી ખેલાડીઓ અથવા અનકેપ્ડ ખેલાડીઓની સંખ્યા પર કોઈ મર્યાદા નથી.

ટીમોએ ૧૫ નવેમ્બરની સમયમર્યાદા સુધીમાં રીટેન કરેલા અને રિલીઝ કરેલા ખેલાડીઓની તેમની યાદીને અંતિમ સ્વરૂપ આપવું આવશ્યક છે. રીટેન્શન સંખ્યામાં ફ્લેક્સીબીલીટી હોવા છતાં ટીમોએ હજુ પણ કુલ ટીમ કદ મર્યાદા (૨૫ ખેલાડીઓ સુધી) અને પગાર મર્યાદા પ્રતિબંધો (આશરે ૧૨૦ કરોડની કુલ પર્સ મર્યાદા)નું પાલન કરવું પડશે.

IPL 2026નું મીની-ઓક્શન ૧૩થી ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫ની વચ્ચે થવાની ધારણા છે, જેમાં મુંબઈ સંભવિત સ્થળ તરીકે રહેશે, જે દુબઈ અને જેદ્દાહમાં બે વર્ષ પછી ભારતમાં ઓક્શન પરત ફરશે. ૧૫ નવેમ્બરના રોજ ખેલાડીઓને રિટેન કરવાની અંતિમ તારીખ પછી ઓક્શન થશે, ત્યારબાદ ફ્રેન્ચાઈઝીઓએ તેમના રિટેન કરેલા અને રિલીઝ કરેલા ખેલાડીઓની પસંદગી કરવાની રહેશે.

કોલકાતા ટેસ્ટ પહેલા મોટો નિર્ણય

## ધ્રુવ જુરેલની પ્લેઇંગ ઇલેવનમાં થશે એન્ટ્રી

**નીતિશ રેડ્ડીને બહાર રાખવામાં આવી શકે છે : જુરેલે દક્ષિણ આફ્રિકા A સામે બે સદી ફટકારી, પોતાનો દાવો મજબૂત કર્યો છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨ :** ફોર્મમાં ચાલી રહેલા ૨૪ વર્ષીય વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ જુરેલ દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાં રમશે, જ્યારે ઓલરાઉન્ડર નીતિશ રેડ્ડી બહાર થઈ શકે છે. ટીમ ઈન્ડિયાના સહાયક કોચ રાયન ટેન ડોશેટે બુધવારે આ જાણકારી આપી હતી.

રાયન ટેન ડોશેટે શુક્રવારે કોલકાતામાં પ્રથમ ટેસ્ટ પહેલા એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, "ટીમ કોમ્બિનેશન અંગે અમારી પાસે હવે ઘણી સ્પષ્ટતા છે. છેલ્લા છ મહિનામાં ધ્રુવના પ્રદર્શનને જોતાં - ખાસ કરીને ગયા અઠવાડિયે બેંગલુરુમાં દક્ષિણ આફ્રિકા એ સામે તેની બે સદી - તે ચોક્કસપણે આ અઠવાડિયે રમવાનો છે."

તેમણે વધુમાં ઉમેર્યું, "અમારી પ્રાથમિકતા મેચ જીતવાની રણનીતિ વિકસાવવાની છે. નીતિશ અંગે અમારી સ્થિતિ બદલાઈ નથી. તેને ઓસ્ટ્રેલિયામાં રમવા માટે વધુ સમય મળ્યો નથી. પરંતુ આ શ્રેણીના મહત્વ અને પરિસ્થિતિઓને જોતાં, શક્ય છે કે તે આ અઠવાડિયે પ્રથમ ટેસ્ટમાં નહીં રમે."

પહેલેથી જ માનવામાં આવતું હતું કે જુરેલને બેટ્સમેન તરીકે ટીમમાં સામેલ કરવામાં આવશે, કારણ કે વિકેટકીપિંગ રિષભ પંત સંભાળશે, જે ફિટ થઈ ગયો છે. જુરેલ આ સ્થાનિક સિઝનમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. તેના તાજેતરના ફર્સ્ટ ક્લાસ સ્કોરમાં ૧૪૦, ૧ અને ૫૬, ૧૨૫, ૪૪ અને ૬, ૧૩૨ અને ૧૨૭ અણનમ છે.

છેલ્લી આઠ ઈનિંગ્સમાં ત્રણ સદી, એક અડધી સદી અને ૪૦થી વધુ રન બનાવીને જુરેલે પસંદગીકારોને પ્રભાવિત કર્યા છે. તેને અવગણવો મુશ્કેલ છે.

ડૉ.મુજમ્મિલની પૂછપરછમાં ડરામણો ખુલાસો

# ૨૬ જાન્યુઆરીએ લાલ કિલ્લા ઉપર હુમલાનો હતો પ્લાન

**દિલ્હી જ નહીં, રામ મંદિર અને કાશી વિશ્વનાથ મંદિર પણ હતું નિશાને, સ્લીપર સેલ હતો સક્રિય, પૂછપરછમાં આતંકવાદી શાહીનનો ખુલાસો**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

સોમવારે દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પાસે એક કારમાં થયેલા બ્લાસ્ટથી આખો દેશ હચમચી ઉઠ્યો છે. પોલીસ અને એજન્સીઓએ અત્યાર સુધીમાં અનેક શંકાસ્પદોની અટકાયત કરી છે. દિલ્હી બ્લાસ્ટના ત્રણ પ્રમુખ શંકાસ્પદોમાં ડૉ.મુજમ્મિલ, ડૉ.આદિલ અહેમદ ડાર અને ડૉ.ઉમર છે. ડૉ.ઉમર બ્લાસ્ટ સમયે જ માર્યો ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જ્યારે બીજી તરફ ડૉ.મુજમ્મિલ અને ડૉ.આદિલ અહેમદ ડારની ધરપકડ કરવામાં આવી છે. હવે મુજમ્મિલની પૂછપરછમાં ડરામણો ખુલાસો થયો છે. આ ડરામણો ખુલાસો એ છે કે આ લોકોએ દિલ્હીના લાલ કિલ્લા પર હુમલાનો પ્લાન બનાવ્યો હતો.

દિલ્હી બ્લાસ્ટ મામલે મુજમ્મિલની પૂછપરછમાં એક મોટો ખુલાસો થયો છે. પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, ડૉ.મુજમ્મિલ અને ડૉ.ઉમરે લાલ કિલ્લાની રેકી કરી હતી. આ માહિતી ડૉ.મુજમ્મિલના ફોનના ડમ્પ ડેટામાંથી મળી છે. પૂછપરછમાં તપાસ એજન્સીને એ પણ જાણવા મળ્યું છે કે, તેમનો પ્લાન ૨૬ જાન્યુઆરીએ લાલ કિલ્લાને ટાર્ગેટ કરવાનો હતો. તેઓ દિવાળી પર પણ ભીડભાડવાળી જગ્યાને નિશાન બનાવવાની યોજના બનાવી રહ્યા હતા.

સોમવારે જમ્મુ-કાશ્મીર અને હરિયાણા પોલીસે ફરીદાબાદમાંથી ૨,૯૦૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ જપ્ત કર્યું હતું. તેના કલાકોમાં જ લાલ કિલ્લા પાસે બ્લાસ્ટ થયો હતો. પોલીસ સૂત્રોનું કહેવું છે કે, ડૉ.ઉમર જૈશ-એ-મોહમ્મદ આતંકવાદી મોડ્યુલનો એક સભ્ય હતો, જેમાં ડૉ.મુજમ્મિલ અને ડૉ.આદિલ અહેમદ ડાર પણ સામેલ હતા. દિલ્હી વિસ્ફોટોમાં મૃત્યુઆંક વધીને ૧૩ થઈ ગયો છે અને ૨૧ ઘાયલ લોકોની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આમાંથી પણ ઘણાની હાલત ગંભીર છે.

જમ્મુ-કાશ્મીર પોલીસ હાફિઝ ઈશ્તિયાકને ફરીદાબાદથી શ્રીનગર લઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે ડૉ.મુજમ્મિલે હાફિઝ ઈશ્તિયાકનું જ ઘર ભાડે રાખ્યું હતું. મુજમ્મિલે હાફિઝ ઈશ્તિયાક પાસેથી ભાડે લીધેલા ઘરના એક રૂમમાંથી ૨૫૬૩ કિલો વિસ્ફોટકો મળી આવ્યા હતા. NIA પણ હાફિઝ ઈશ્તિયાકની પૂછપરછ કરી રહી છે. દિલ્હી વિસ્ફોટોની સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ આગળ વધતાં, ચોંકાવનારા ખુલાસા બહાર આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ, આતંકવાદીઓએ માત્ર દિલ્હી જ નહીં, પરંતુ અયોધ્યા રામ મંદિર સહિત ઉત્તર પ્રદેશના અનેક ધાર્મિક સ્થળોને પણ નિશાન બનાવ્યા હતા. આતંકવાદીઓ વારાણસી અને અયોધ્યામાં પણ વિસ્ફોટ કરવા માંગતા હતા.

ફરીદાબાદથી ધરપકડ કરાયેલા આતંકવાદી મોડ્યુલના સભ્ય ડૉ.શાહીનની પૂછપરછ દરમિયાન આ ખુલાસો થયો હતો. શાહીને વિસ્ફોટો માટે અયોધ્યામાં એક સ્લીપર મોડ્યુલ સક્રિય કર્યો હતો. જોકે, સ્લીપર સેલ અયોધ્યા અથવા વારાણસીમાં તેમની યોજનાઓને પાર પાડે તે પહેલાં, ફરીદાબાદમાં ATS અને પોલીસના દરોડા દરમિયાન વિસ્ફોટકોનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

સુરક્ષા એજન્સીઓની તપાસમાં ખુલાસો થયો છે કે શાહીન ભારતમાં જમાત-ઉલ-મોમિનતનો મુખ્ય કમાન્ડર હતો, જેનો નેતૃત્વ આતંકવાદી મસૂદ અઝહરની બહેન સાદિયા અઝહર કરી રહી હતી. શાહીન જમાત ઉલ-મોમિનતમાં છોકરીઓની ભરતી માટે જવાબદાર હતી, જેમની પાસે પહેલાથી જ કટ્ટરપંથી વિચારસરણી હતી. તેણીએ આર્થિક રીતે નબળા મહિલાઓને નિશાન બનાવી હતી.

વધુમાં, તેણીને "દૌરા-એ-તસ્કિયા" નામની મહિલા આતંકવાદીઓ માટે પ્રારંભિક તાલીમ આપવાનું પણ કામ સોંપવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમ નવી મહિલા આતંકવાદીઓનું બ્રેન વોશ કરવાનું કામ કરે છે અને તેમને શીખવે છે કે સ્વર્ગ મેળવવા માટે ભારત સામે જેહાદ જરૂરી છે. શાહીને જૈશના દૌરા આયત-ઉલ-નિસામાં પણ તાલીમ મળી છે. શાહીને ધાર્મિક ગ્રંથોમાં જેહાદના મહત્વ વિશે મહિલાઓને શિક્ષિત કરવા માટે તાલીમ મળી છે. શાહીનનો ધ્યેય જૈશ-એ-મોહમ્મદમાં જોડાવા માટે વધુ મુન્તાઝીમા (ટીમ લીડર) ની ભરતી કરવાનો હતો. શાહીન તેમને જૈશની મહિલા પાંખ, જમાત ઉલ-મોમિનત સાથે જોડવા માટે ઓનલાઈન વર્ગો પણ તૈયાર કરી રહી હતી.

આ બ્રિગેડમાં એવી ભારતીય મહિલાઓનો સમાવેશ કરવાનો હતો જેમના પુરુષો પહેલાથી જ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ધરપકડ કરવામાં આવી હતી, અને મહિલાઓને લાગ્યું કે તેમને ભારત સરકાર દ્વારા જાણી જોઈને ફસાવવામાં આવ્યા છે.

શાહીને તાલીમ દરમિયાન જૈશના મહિલા આતંકવાદીઓને મસૂદ અઝહરનું પુસ્તક પૂરું પાડવાની યોજના બનાવી હતી. આ તાલીમ દ્વારા શાહીન મહિલા આત્મઘાતી બોમ્બરો વિકસાવવાની પણ યોજના બનાવી હતી.

અહેવાલો અનુસાર, શાહીન મસૂદના ભાઈ, તલ્હા અલ-સૈફ સાથે સીધા સંપર્કમાં રહી છે. શાહીન પોતે ઘણી તબીબી સંસ્થાઓમાં કામ કરી ચૂકી હોવાથી, તેણે તેના વર્તુળના ડોકટરો અને નર્સોને આતંકવાદી તાલીમમાં સામેલ કરવાની યોજના બનાવી હતી.

દિલ્હી બ્લાસ્ટ મામલે તૂર્કિયે કનેક્શન!

# ઉમર અને મુજમ્મિલે લીધી હતી મુલાકાત, ટેલિગ્રામ પર જોડાયા હતા

**એજન્સીઓને શંકા છે કે આ પ્રવાસ આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના નેટવર્ક સાથે સબંધિત હોય શકે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

લાલ કિલ્લા પાસે થયેલા બ્લાસ્ટ કેસની તપાસમાં હવે સંભવિત તૂર્કિયે કનેક્શન સામે આવ્યું છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે ધરપકડ કરાયેલા ડોક્ટર મોડ્યુલના બે સભ્યો ડૉ.ઉમર અને ડૉ.મુજમ્મિલના પાસપોર્ટથી એ ખુલાસો થયો છે કે, બંને ટેલિગ્રામ ગ્રુપમાં જોડાયા બાદ તરત જ તૂર્કિયેના પ્રવાસે ગયા હતા. એજન્સીઓને શંકા છે કે આ પ્રવાસ આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના નેટવર્ક સાથે સબંધિત હોય શકે છે.

સૂત્રોએ જણાવ્યું કે, તૂર્કિયેથી પરત ફર્યા પછી બંને ડોક્ટરોએ દેશના અલગ-અલગ ભાગોમાં એક્ટિવ થવાની યોજના બનાવી હતી. જૈશ હેન્ડલરે મોડ્યુલના સભ્યોને દેશભરમાં ફેલાવવાનો નિર્દેશ આપ્યો હતો જેથી કોઈ એક જ સ્થાન પર ફોકસ ન બને. આ નિર્દેશ બાદ તેઓએ ફરીદાબાદ, સહારનપુર અને અન્ય સ્થળોને પસંદ કર્યા. તપાસ એજન્સીઓને શંકા છે કે, બંનેને તૂર્કિયે પ્રવાસ દરમિયાન જ ઓપરેશન સાથે સંબંધિત નિર્દેશ મળ્યા હતા. આ પણ એક તપાસનો હિસ્સો છે શું તેઓ ત્યાં કોઈ વિદેશી સંપર્ક સાથે મુલાકાત કરી હતી અથવા તો કોઈ તાલીમ શિબિરમાં ભાગ લીધો હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે તપાસ હવે એક મહત્વપૂર્ણ મોડ પર છે અને એજન્સીઓ જૈશ હેન્ડલરને ઓળખવાની ખૂબ નજીક પહોંચી ચૂકી છે. કેસ સાથે સંબંધિત ડિજિટલ કમ્યુનિકેશનની ઝીણવટ પૂર્વક તપાસ કરવામાં આવી રહી છે.

દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલ અને કેન્દ્રીય એજન્સીઓ લાલ કિલ્લા વિસ્તારમાંથી મોબાઈલ ટાવર ડેટા ડંપનું વિશ્લેષણ કરી રહી છે. આ ડેટા ૩:૦૦ થી ૬:૩૦ વાગ્યા સુધીના છે, તે સમય જ્યારે ડૉ. ઉમર કથિત રીતે તેની I-20 કારથી બહાર નીકળ્યો હતો. તેનો ઉદ્દેશ્ય એ જાણવાનો છે કે તેણે કોનો સંપર્ક કર્યો અને તે સમય દરમિયાન કયા કોલ્સ અને ચેટ્સ એક્ટિવ હતા.

## દિલ્હી, મુંબઈ સહિત ૫ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

દિલ્હી બોમ્બ વિસ્ફોટની તપાસ ચાલી રહી છે, ત્યારે ઈન્ડિગો એરલાઈન્સને બુધવારે બપોરે ૩:૩૦ વાગ્યે પાંચ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેઈલ મળ્યો હતો. ઈન્ડિગોને મોકલવામાં આવેલા ઈમેઈલમાં પાંચ એરપોર્ટ: દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, ત્રિવેન્દ્રમ અને હૈદરાબાદને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ ધમકીથી ભારે હોબાળો મચી ગયો હતો અને તપાસ શરૂ કરવામાં આવી છે. જો કે, ઈમેઈલ ક્યાંથી આવ્યો અને કોણે મોકલ્યો તે સ્પષ્ટ નથી.

મુંબઈથી વારાણસી જતી એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળતાં ભારે હોબાળો મચી ગયો હતો, જેના કારણે લાલ બહાદુર શાસ્ત્રી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું અને તેને તાત્કાલિક આઈસોલેશન બેમાં વાળવામાં આવ્યું હતું. બધા મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા વિમાનની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી. અત્યાર સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી.

એર ઈન્ડિયા એક્સપ્રેસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "વારાણસી જતી અમારી એક ફ્લાઈટને ધમકી મળી હતી. પ્રોટોકોલ મુજબ, સરકાર દ્વારા નિયુક્ત બોમ્બ ધમકી મૂલ્યાંકન સમિતિને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી અને તમામ જરૂરી સુરક્ષા પગલાં તાત્કાલિક શરૂ કરવામાં આવ્યા હતા. ફ્લાઈટ સુરક્ષિત રીતે ઉતરી ગઈ હતી અને તમામ મુસાફરોને વિમાનમાંથી ઉતારી લેવામાં આવ્યા હતા. તમામ ફરજિયાત સુરક્ષા તપાસ પૂર્ણ થયા પછી વિમાનને ફરી કાર્યરત કરવામાં આવશે."

દિલ્હી બોમ્બ વિસ્ફોટ બાદ દેશભરના એરપોર્ટ પર સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સુરક્ષા પણ કડક કરવામાં આવી છે. એરપોર્ટની અંદર અને બહાર CISF અને એરપોર્ટ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ ટીમોને પણ એલર્ટ પર રાખવામાં આવી છે.

# બેંક ઓફ અમેરિકાએ અદાણી ગ્રુપના બોન્ડ્સને 'ઓવરવેઇટ' રેટિંગ આપ્યું

**મજબૂત ફંડામેન્ટલ્સ અને સ્થિતિસ્થાપક ભંડોળના આધારે કવરેજ શરૂ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૧૨**

બેંક ઓફ અમેરિકા (BofA) ગ્લોબલ રિસર્ચે અદાણી ગ્રુપ દ્વારા જારી કરાયેલા યુએસ ડોલર બોન્ડ્સ પર કવરેજ શરૂ કરતા 'ઓવરવેઈટ' રેટિંગ આપ્યું છે. નિયમનકારી ચકાસણી ચાલુ હોવા છતાં અદાણી સમૂહના મજબૂત ફંડામેન્ટલ્સ, વૈવિધ્યસભર એસેટ બેઝ અને સ્થિતિસ્થાપક ભંડોળને આધારે કંપનીના બોન્ડસને ઓવરવેઈટ રેટિંગ આપવામાં આવ્યું છે.

તાજેતરના અહેવાલમાં BofAએ વાત પર ભાર મૂક્યો છે કે, અદાણીનો મજબૂત એસેટ બેઝ તેના બંદરો, યુટિલિટીઝ અને નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રોમાં સ્થિર રોકડ પ્રવાહ અને મજબૂત ક્રેડિટ પ્રોફાઈલને ટેકો આપે છે. અદાણી જૂથ આશરે ૨૦૦ બિલિયનના સંયુક્ત બજાર મૂડીકરણ સાથે ૧૨ લિસ્ટેડ એન્ટિટીનું સંચાલન કરે છે, અને તેણે વિવિધ તપાસ વચ્ચે પણ સતત કામગીરી અને વિસ્તરણ જારી રાખ્યું છે.

BofA એ નોંધ્યું છે કે, અદાણી બોન્ડ ઈશ્યુઅર્સની હોલ્ડિંગ કંપનીઓએ છેલ્લા બે વર્ષમાં ક્ષમતા વિસ્તરણ અને મધ્યમ લીવરેજથી EBITDA વૃદ્ધિને કારણે સુધારેલા ફંડામેન્ટલ્સ દર્શાવ્યા છે. ભવિષ્યમાં અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (ADSEZ) તેની ક્રેડિટ પ્રોફાઈલને વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે, જે વૈવિધ્યસભર કામગીરી અને સ્થિર કાર્ગો વોલ્યુમ દ્વારા સમર્થિત છે. બ્રોકરેજનું અનુમાન છે કે નોંધપાત્ર રોકાણો છતાં અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનનું લિવરેજ લગભગ ૨.૫ ગણું રહેશે.

અદાણી ટ્રાન્સમિશન અને અદાણી એનર્જી માટે BofA સ્થિર ક્રેડિટ પ્રોફાઈલ્સની આગાહી કરે છે, જેમાં આગામી ત્રણ વર્ષમાં લિવરેજ ૬ ગણાથી નીચે અને કવરેજ ૨ ગણાથી ઉપર રહેશે. વળી અન્ય કંપનીઓમાં પણ દેવા ઘટાડા સાથે ધીમે ધીમે ક્રેડિટમાં સુધારો થવાની અપેક્ષા છે.

યુએસ દ્વારા ચાલી રહેલી તપાસ અને ભૂતકાળની નિયમનકારી ચકાસણી છતાં, અદાણી ગ્રુપે સ્પર્ધાત્મક દરે મજબૂત ભંડોળ એક્સેસ જાળવી રાખી છે. ભારતીય નિયમનકારોએ પણ કંપનીમાં મોટાભાગના નિરીક્ષણો પૂર્ણ કર્યા છે અને રેટિંગ એજન્સીઓએ મોટાભાગે અદાણી જૂથના રેટિંગ સ્થિર રાખ્યા છે.

BofA ગ્લોબલ રિસર્ચના અહેવાલ પરથી એ સ્પષ્ટ છે કે, અદાણીના મજબૂત ફન્ડામેન્ટલ્સ અને સ્થિર માર્કેટ એક્સેસ રોકાણકારોના વિશ્વાસને ટેકો આપવાનું ચાલુ રાખશે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ ફિચ રેટિંગ્સે પણ અદાણી જૂથની કંપનીઓના રેટિંગ્સ અપગ્રેડ કરતા અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ), અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ (AESL) અને તેની પેટાકંપની અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ લિમિટેડ (AEML) પરના આઉટલુકને 'નેગેટિવ' થી 'સ્ટેબલ' કર્યો છે.

# વિશ્વની એક જ સ્થળે સ્થિત બેટરી એનર્જી સ્ટોરેજ ક્ષેત્રની મહાકાય કંપનીઓની એક BESS પ્રોજેક્ટસ સાથે અદાણી સમૂહના વ્યૂહાત્મક પ્રવેશની જાહેરાત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૧૨**

અદાણી ગ્રુપે બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ (BESS) ક્ષેત્રમાં 1126 MW/ 3530 MWh પ્રોજેક્ટ સાથે પ્રવેશની જાહેરાત કરી છે (BESS પ્રોજેક્ટમાં ૧૧૨૬ MWની પાવર ક્ષમતા અને ૩૫૩૦ MWhની એનર્જી ક્ષમતા હશે. આનો અર્થ એ થયો કે, BESS 3530 MWh ઉર્જા સંગ્રહ કરી શકશે -૧૧૨૬ MWની પાવર ક્ષમતાને લગભગ ૩ કલાક સુધી વધારી શકશે). ૭૦૦થી વધુ BESS કન્ટેનરની જમાવટ સાથેનો આ પ્રોજેક્ટ ભારતમાં સૌથી મોટો BESS ઈન્સ્ટોલેશન અને વિશ્વનો સૌથી મોટો સિંગલ-લોકેશન BESS ડિપ્લોયમેન્ટ હશે . આ ઐતિહાસિક પ્રોજેક્ટ માર્ચ ૨૦૨૬ સુધીમાં કાર્યરત થશે.

આ વ્યૂહાત્મક પહેલ ભારતની ઉર્જા સુરક્ષા વધારવા, ચોવીસ કલાક સ્વચ્છ વીજળી સક્ષમ કરવા અને દેશના ઓછા કાર્બન ભવિષ્ય તરફના સંક્રમણને ટેકો આપવા તરફ એક મુખ્ય પગલું છે. BESS પીક લોડ પ્રેશર ઘટાડવા, ટ્રાન્સમિશન ભીડ ઘટાડવા અને સૌર કર્ટેલમેન્ટ ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, જેનાથી ગ્રીડ વિશ્વસનીયતા અને કાર્યક્ષમતામાં સુધારો થશે.

આ પ્રોજેક્ટ ખાવડામાં જમાવટના પ્રારંભિક તબક્કામાં છે, જે વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ છે. આ પ્રોજેક્ટ અત્યાધુનિક લિથિયમ-આયન બેટરી ટેક્નોલોજી સાથે વિકસાવવામાં આવી રહ્યો છે અને શ્રેષ્ઠ કામગીરી અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે અદ્યતન ઉર્જા વ્યવસ્થાપન પ્રણાલીઓ સાથે સંકલિત કરવામાં આવી રહ્યો છે. આ જમાવટ પીક લોડ મેનેજમેન્ટ અને ઉર્જા સ્થળાંતરને ટેકો આપશે, જેનાથી પાવર સેક્ટરને ડીકાર્બોનાઈઝ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ અગ્રણી પ્રોજેક્ટ વિશ્વના સ્વચ્છ ઉર્જા ઉત્ક્રાંતિમાં એક પાયાનો પથ્થર તરીકે સેવા આપશે, જે ગ્રીડ સ્થિરતા, રિન્યુએબલ એકીકરણ અને ચોવીસ કલાક વીજળી ઉપલબ્ધતાને સક્ષમ બનાવશે, જ્યારે ખાવડાના રિન્યુએબલ એનર્જી પ્લાન્ટને વિશ્વના સૌથી મોટા RE અને સ્ટોરેજ પાર્ક તરીકે સ્થાન આપશે.




**ઊર્જા સંક્રમણ તરફ એક વ્યૂહાત્મક છલાંગ :** આ જાહેરાત પ્રસંગે બોલતા, અદાણી ગ્રુપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, ઊર્જા સંગ્રહ એ નવીનીકરણીય ઉર્જાથી ચાલતા ભવિષ્યનો આધારસ્તંભ છે. આ ઐતિહાસિક પ્રોજેક્ટ સાથે, અમે ફક્ત વૈશ્વિક ધોરણો જ સ્થાપિત કરી રહ્યા નથી. પરંતુ ભારતની ઊર્જા સ્વતંત્રતા અને ટકાઉપણું પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પણ મજબૂત બનાવી રહ્યા છીએ. આ પહેલ અમને મોટા પાયે વિશ્વસનીય, સ્વચ્છ અને સસ્તુ ઊર્જા ઉકેલો પહોંચાડવા સક્ષમ બનાવશે.

આ વ્યૂહાત્મક પ્રવેશ સાથે, અદાણી ગ્રુપ મોટા પાયે સ્ટોરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરનારા વૈશ્વિક ઊર્જા નેતાઓની હરોળમાં જોડાય છે, જે ભારતની સ્વચ્છ ઊર્જા યાત્રામાં એક પરિવર્તનશીલ ક્ષણ છે.

**સ્કેલિંગ મહત્વાકાંક્ષાઓ નાણાકીય વર્ષ ૨૭ સુધીમાં ૧૫ GWh અને પાંચ વર્ષમાં ૫૦ GWh :** આ મુખ્ય જમાવટ પર આધાર રાખીને, અદાણી ગ્રુપે તેના ઊર્જા સંગ્રહ ફૂટપ્રિન્ટને વધારવા માટે એક સ્પષ્ટ અને મહત્વાકાંક્ષી રોડમેપ તૈયાર કર્યો છે. ગ્રુપ માર્ચ ૨૦૨૭ સુધીમાં વધારાની ૧૫ GWh BESS ક્ષમતા જમાવવાની યોજના ધરાવે છે, જેનું લાંબા ગાળાનું લક્ષ્ય આગામી પાંચ વર્ષમાં કુલ ૫૦ GWh છે. મહત્વાકાંક્ષાનો આ સ્કેલ ભારતના નેટ-શૂન્ય લક્ષ્યો અને વૈશ્વિક આબોહવા પ્રતિબદ્ધતાઓ સાથે સુસંગત એક સ્થિતિસ્થાપક અને ભવિષ્ય માટે તૈયાર ઊર્જા ઈકોસિસ્ટમ બનાવવા માટે ગ્રુપની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

હવામાં પ્રદૂષણ વધતાં રાજધાનીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૦૦થી ઉપર પહોંચ્યો

# દિલ્હીમાં શ્વાસ લેવાનું મુશ્કેલ થતાં GRAP-3નો અમલ શરૂ

**આ નિયમોથી હવે દિલ્હી-એનસીઆરની ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ પર સીધી અસર થશે. ડીઝલથી ચાલતા વાહનો પર પ્રતિબંધથી ચીજવસ્તુઓના પુરવઠામાં અને ડિલીવરી સર્વિસ પર ગંભીર અસર પડશે**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૨**

દિલ્હી અને એનસીઆરમાં સતત બગડી રહેલી હવાની ગુણવત્તાને જોતાં કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટે (સીએક્યુએમ) ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (જીઆરએપી-ગ્રેપ)નું તૃતીય ચરણ લાગુ કરી દીધું છે. આ નિર્ણય પછી હવે બીએસ-૩ પેટ્રોલ અને બીએસ-૪ ડીઝલ વાહનોને સંચાલન પર દિલ્હી અને આસપાસના જિલ્લામાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે, આ નિયમ ઈમરજન્સી સર્વિસ અને વિકલાંગ વ્યક્તિ દ્વારા ઉપયોગમાં લેવાતા વાહનો પર લાગુ થશે નહીં.

દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ(એક્યુઆઈ) ૪૦૦થી ઉપર પહોંચી ગયો છે, જે ગંભીર શ્રેણીમાં આવે છે. પ્રાથમિક માહિતી મુજબ, જો કોઈ વાહન માલિક નિયમનો ભંગ કરશે તો રૂપિયા ૨૦,૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે. આ સિવાય, બીએસ-૪ ડીઝલ એન્જિનથી ચાલતા મધ્યમ અને ભારે વાહનો એટલે ટ્રકો-ટેમ્પોને પણ દિલ્હીમાં એન્ટ્રી અપાશે નહીં.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ(સીપીસીબી)ના આંકડા પ્રમાણે, દિલ્હીનો એક્યુઆઈ સોમવારે ૩૬૨થી વધીને મંગળવારે ૪૨૧ થઈ ગયો. શહેરના કેટલાક વિસ્તારો-જેવા કે બવાના(૪૬૨), આરકે પુરમ(૪૪૬) અને પટપડગંડ (૪૩૮)માં હવાની ગુણવત્તા ખૂબ ખરાબ શ્રેણીમાં નોંધાઈ છે.

સીએક્યુએમ અનુસાર, ઓછી હવાની ગતિ અને મોસમની પરિસ્થિતિઓના કારણે પ્રદૂષણ ખૂબ વધ્યું છે. ગ્રેપ-૩ લાગુ કરવાનો ઉદ્દેશ્ય હવાની ગુણવત્તાને વધુ બગડવાથી રોકવાનો છે. ખાસ કરીને દિવાળી પછીના દિવસોમાં જ્યારે સૌથી વધુ પ્રદૂષણ હોય છે. આ નિયમોથી હવે દિલ્હી-એનસીઆરની ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ પર સીધી અસર થશે. ડીઝલથી ચાલતા વાહનો પર પ્રતિબંધથી ચીજવસ્તુઓના પુરવઠામાં અને ડિલીવરી સર્વિસ પર ગંભીર અસર પડશે. પબ્લિક ટ્રાન્સપોર્ટ પર ભાર વધશે, જેનાથી લોકો મેટ્રો, ઈબસ કે કેબ સર્વિસ પર નિર્ભર રહેશે, જેનાથી ભીડ વધવાની શક્યતા છે. ગ્રેપ-૩ અંતર્ગત દિલ્હીમાં બાંધકામ અને ઈમારતો ધ્વસ્ત કરવાના કાર્યો પર રોક લગાવાઈ છે.

ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં શિયાળાના દિવસોમાં પરાળી સળગાવવી, ગાડીઓનો ધુમાડો અને ઠંડીની સ્થિર સ્થિતિને લીધે હવાની ગુણવત્તા ખૂબ બગડે છે. લોકોને સલાહ આપવામાં આવી છે કે એ નિયમિત એક્યુઆઈ અપડેટ્સ ચેક કરાવે અને પોતાની ગાડીઓનું પીયુસી સર્ટિફિકેટ અપડેટ રાખવું અને શક્ય બને તો સીએનજી કે ઈલેક્ટ્રિક વાહનનો ઉપયોગ કરે.

ગ્રેપ-૩ના આ આકરા પગલાં ભલે અસ્થાયી હોય, પરંતુ એ સ્પષ્ટ દર્શાવે છે કે દિલ્હીની હવાની ગુણવત્તા અને લોકોના આરોગ્યની વચ્ચે સંતુલન જાળવી રાખવા માટે ખૂબ જરૂરી છે.

ભારતે પાકિસ્તાનના આરોપોને ફગાવ્યા

# ‘ઘરેલુ રાજકીય સંકટથી ધ્યાન ભટકાવવાનો પ્રયાસ’

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૨**

ભારતે મંગળવારે પાકિસ્તાની નેતૃત્વ દ્વારા લગાવવામાં આવેલા આરોપોને આકરા શબ્દોમાં નકારી કાઢ્યા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, ભારત પાકિસ્તાની નેતૃત્વ દ્વારા લગાવવામાં આવેલા ખોટા અને પાયાવિહોણા આરોપોને સંપૂર્ણપણે નકારે છે, જે સ્પષ્ટપણે જનતાને ગેરમાર્ગે દોરવા માટે રચાયેલ છે.

જયસ્વાલે કહ્યું કે, આ પાકિસ્તાનની એક સારી રીતે ઘડાયેલી યુક્તિ છે, જેમાં તે ભારત સામે ખોટા અને બનાવટી આરોપો લગાવીને સૈન્ય પ્રેરિત બંધારણીય અસ્થિરતા અને તેના દેશમાં સત્તા કબજે કરવાના પ્રયાસોથી લોકોનું ધ્યાન હટાવવાનો પ્રયાસ કરે છે. આંતરરાષ્ટ્રીય સમુદાય આ વાસ્તવિકતાથી સારી રીતે વાકેફ છે અને પાકિસ્તાનની ડાયવર્ઝનરી યુક્તિઓથી ગેરમાર્ગે દોરાશે નહીં. ઈસ્લામાબાદ જિલ્લા કોર્ટ નજીક થયેલા આત્મઘાતી કાર બોમ્બ વિસ્ફોટમાં ૧૨ લોકો માર્યા ગયા અને ૩૦ ઘાયલ થયા.

વિદેશ મંત્રાલયે પાકિસ્તાની નેતાઓ દ્વારા આપવામાં આવેલા નિવેદનોને પાયાવિહોણા ગણાવતા કહ્યું કે, આ ઈસ્લામાબાદ દ્વારા તેના ઘરેલુ રાજકીય અને બંધારણીય સંકટ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ છે.

આ ઘટનાના એક દિવસ પહેલા જ દિલ્હીમાં લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક કાર વિસ્ફોટમાં ૧૨ લોકો માર્યા ગયા હતા. રાજધાની દિલ્હીમાં ૧૦ નવેમ્બરે સાંજે લાલ કિલ્લાથી માત્ર ૩૦૦ મીટર દૂર મેટ્રો સ્ટેશન નજીક એક કારમાં પ્રચંડ બ્લાસ્ટ થતાં ૮ લોકોના મોત થઈ ગયા હતા. જો કે આજે(મંગળવાર) મૃત્યુઆંક વધીને ૧૩ સુધી પહોંચી ગયો છે.

આ ઘટનાને પગલે દિલ્હી સહિત દેશભરના અનેક રાજ્યો ખાસ કરીને હરિયાણા અને ગુજરાતમાં હાઈ એલર્ટ જાહેર કરાયું છે. હાલમાં ફરીદાબાદ સહિત દિલ્હીમાં ૧૦૦૦થી વધુ પોલીસ જવાનો બ્લાસ્ટને લગતી માહિતી વિશે તથ્યો એકઠાં કરવા મેગા સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે.

મંગળવારે બપોરે ૧૨:૩૦ કલાકે કોર્ટનું કામકાજ પૂરજોશમાં ચાલી રહ્યું હતું ત્યારે એક પાર્કડ વ્હીકલમાં પ્રચંડ બોમ્બ વિસ્ફોટ થયો હતો. તેનો ધડાકો એટલો જબરજસ્ત હતો કે, તેનો અવાજ ૬ કિમી. દૂર સુધી સંભળાયો હતો. આ વિસ્ફોટમાં ૧૨નાં મોત અને ૨૦થી વધુને ગંભીર ઈજાઓ થઈ હતી.

# કંગાળ પાકિસ્તાનમાં શિક્ષણ વિભાગના કર્મીઓનો ૨૮ મહિનાથી પગાર ન થતાં મોટાપાયે દેખાવ

**આરોગ્ય, શિક્ષણ માટે મળતી વિદેશી સહાય પાક. આતંકીઓને આપે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈસ્લામાબાદ, તા.૧૨**

પાકિસ્તાનની આર્થિક સ્થિતિ એટલી કથળી છે કે તેના શિક્ષણ વિભાગના કર્મચારીઓને ૨૮ મહિનાથી વેતન નથી મળ્યું. આથી નારાજ કર્મચારીઓ સડક પર ઉતર્યા છે. પગાર માગે છે. એક્સપ્રેસ ટ્રિબ્યુલ જણાવે છે કે, શિક્ષણ વિભાગના નિમ્ન કર્મચારીઓએ હૈદરાબાદ પ્રેસ કલબ સામે બેસી ધરણા શરૂ કર્યાનો આજે ૧૪મો દિવસ છે. તેઓ છેલ્લા ૨૮ મહિનાથી બાકી રહેલો પગાર માગે છે.

હતાશ અને આર્થિક ભીંસ અનુભવતા આ દેખાવકારોએ નારા લગાવવા શરૂ કર્યા છે. પ્લે-કાર્ડઝ દર્શાવી રહ્યા છે. તેઓ ન્યાય અને સમયસર પગારની માગણી કરી રહ્યા છે. સાથે ભૂખ-હડતાળ શરૂ કરી છે. તેઓ કહે છે, શિક્ષણ વિભાગે ૨૦૨૧ માં નિમ્ન પદો પર ભરતી શરૂ કરી, જે પ્રમાણે ૨૦૨૩માં તેમને નોકરી મળી. તેમણે તમામ કાનૂની અને વહીવટી ઔપચારિકતા પૂરી કરી હોવા છતાં કેટલીએ સ્કૂલોના કુલ મળી ૬૬૯ કર્મચારીઓને હજી સુધી પગારનો એક પૈસો પણ નથી મળ્યો. આથી તેઓ ગંભીર આર્થિક સંકટમાં પડી ગયા છે. આ કર્મચારીઓનું નેતૃત્વ કરી રહેલા ગુલાબ રેંડ, અસદમલ અને સૈયદ મોથ જનમ અતિશાહે કે સરકારી ઉપેક્ષાએ અમોને પરેશાન કરી દીધા છે. અમે મકાન ભાડું ચુકવવા કે બાળકોનું પાલન-પોષણ કરવા માટે પણ અસમર્થ છીએ. આ નેતાઓને ચેતવણી આપી છે કે, સરકાર દ્વારા તમામ બાકીની રકમ અમોને ચુકવવામાં નહીં આવે ત્યાં સુધી અમારું આંદોલન ચાલુ રહેશે. અત્યારે સ્કૂલોમાં શિક્ષણ કાર્ય ઠપ્પ સમાન છે. આ કર્મચારીઓ પૈકી ઘણા આઈટી એક્ષપર્ટસ છે. નિયમાનુસાર તેમને માસિક રૂ.૪૦૦૦૦ મળવા જોઈએ તે ન મળે તો ઓછામાં ઓછા દર મહિને રૂ.૨૫,૦૦૦ (પાકિસ્તાની) તો મળવા જ જોઈએ. જેમાંથી કશું જ મળતું નથી. સિંધ સરકાર કહે છે કેન્દ્રમાંથી ગ્રાન્ટ જ આવતી નથી. તે અંગે, કેટલાક વિશ્લેષકો કહે છે કે, આઈએનએફ વર્લ્ડ બેન્ક વગેરે વિદેશી સંસ્થાઓ તો પાકિસ્તાનને અઢળક સહાય કરે છે, પરંતુ આરોગ્ય અને શિક્ષણ માટે પણ મળતી સહાય પાકિસ્તાનની કેન્દ્ર સરકાર આતંકવાદને પોષવામાં જ ઉડાડી દે છે. બીજી તરફ જેઓના હાથમાં આગામી પેઢી ઘડતર કરવાની જવાબદારી છે તે ભૂખે મરે છે.

# જમ્મુ-કાશ્મીરમાં અનેક ઠેકાણાઓ ઉપર દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જમ્મુ, તા.૧૨**

જમ્મુ-કાશ્મીર પોલીસે આજે પ્રતિબંધિત સંગઠન જમાત-એ-ઈસ્લામી (JeI) વિરુદ્ધ કાર્યવાહીના ભાગરૂપે ખીણપ્રદેશમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા. પોલીસે જણાવ્યું કે, છેલ્લા ચાર દિવસ દરમિયાન, જિલ્લાના વિવિધ વિસ્તારોમાં OGW (ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ), JKNOPs (જમ્મુ અને કાશ્મીર નેશનલ ઑપરેશન પ્લાન), અગાઉ એન્કાઉન્ટર થયેલા સ્થળો અને સક્રિય તથા ઠાર કરાયેલા આતંકવાદીઓના ઠેકાણાઓ પર ૪૦૦થી વધુ ઘેરાબંદી અને તલાશી અભિયાન (CASO) ચલાવવામાં આવ્યા છે.

આ મામલે એક અધિકારીએ જણાવ્યું હતું કે, પ્રતિબંધિત સંગઠન જમાત-એ-ઈસ્લામી વિરુદ્ધ કાર્યવાહીના ભાગરૂપે શોપિયાં, કુલગામ, બારામુલા અને ગાંદરબલ જિલ્લાઓ સહિત અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડા અને તલાશી JeI સભ્યો અને તેમના સહયોગીઓના નિવાસસ્થાનો અને પરિસરો પર કરવામાં આવી હતી. આ કાર્યવાહી પાયાના સ્તરે આતંકવાદી ઈકોસિસ્ટમ અને તેના સહાયક માળખાને તોડી પાડવાના સતત પ્રયાસોનો એક ભાગ છે. હાલ ઓપરેશન ચાલુ છે અને વધુ તપાસ ચાલી રહી છે.

સોમવારે સાંજે લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના ગેટ નંબર-૧ પાસે ટ્રાફિક સિગ્નલ પર ધીમી ગતિએ ચાલી રહેલી એક કારમાં આ ભીષણ વિસ્ફોટ થયો હતો. આ ધમાકામાં ૧૨ લોકોના કરુણ મોત થયા હતા, જ્યારે ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેની ઝપેટમાં આવેલા અનેક વાહનોને પણ નુકસાન થયું હતું. દિલ્હીમાં થયેલા બ્લાસ્ટ બાદ સમગ્ર દેશમાં સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે.




રાજકુમાર સંતોષીએ કહ્યું, હું કોઈને મનાવવા માગતો નથી

# આમિરની ‘લાહોર ૧૯૪૭’નવા નામ સાથે રિલીઝ થશે?




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૨**

આમિર ખાન અને રાજકુમાર સંતોષી ‘લાહોર ૧૯૪૭’ પર લાંબા સમયથી ચર્ચા વિચારણાઓ કરી રહ્યા છે. આ ફિલ્મની રિલીઝ ડેટ અનેક વાર બદલાઈ ચુકી છે. આ અસગર વઝાહતના નાટક ‘જિસને લાહોર નહીં દેખ્યા ઓ જમાયી ની’ પરથી પ્રેરિત છે તેવી પણ જાહેરાત થઈ ચુકી છે. આમિર ખાને આ ફિલ્મ પ્રોડ્યુસ કરી છે, તેણે આ ફિલ્મના લેખકોને કહ્યું કે તે ‘સિતારેં ઝમીન પર’ પછી ફિલ્મ રિલીઝ કરવા માગે છે. એ વાત પણ જાહેર થઈ એને લાંબો સમય વિતી ગયો છે. ત્યારે હવે એવા અહેવાલ છે કે આ ફિલ્મ નવા નામ સાથે રિલીઝ થઈ રહી છે, કારણ કે પાકિસ્તાનના કોઈ શહેરના નામ પરથી આપણી ભારતીય ફિલ્મ ન હોઈ શકે. ખાસ આજની રાજકીય પરિસ્થિતિમાં ન બની શકે.



આ ફિલ્મ ક્યારે રિલીઝ થશે, તે અંગે રાજકુમાર સંતોષીએ કહ્યું, “તમારે મારા પ્રોડ્યુસર આમિર ખાનને પૂછવું જોઈએ કે લાહોર ૧૯૪૭ ક્ટારે રિલીઝ થઈ રહી છે. જો ફિલ્મનું નામ બદલવાનું હોય તો, હું તેની બિલકુલ વિરુદ્ધમાં છું. એ બિલકુલ એક પ્રોડ્યુસરનો નિર્ણય છે. પરંતુ હું આ રીતે કોઈને ખુશ કરવાની વિરુદ્ધમાં છું. મેં આ ફિલ્મ કરવા માટે ૨૦ વર્ષ સુધી રાહ જોઈ છે. તમે આ ફિલ્મને મારો ડ્રીમ પ્રોજેક્ટ કહી શકો છો. જે થવાનું હશે એ થશે જ. હું તો આ ફિલ્મ સની સાથે બનાવવાનો હતો. એ આ રોલ માટે પરફેક્ટ છે. તે આ પ્રકારના રોલ માટે પડદા પર એક ક્લાસિક અને કન્ટેમ્પરરીનું મિશ્રણ લઈને આવે છે. મારી સની સાથે પહેલાંની ફિલ્મ ‘ઘાયલ’, ‘ઘાતક’ તેના કેરિઅરની નોંધપાત્ર ફિલ્મ રહી છે અને મારી પણ. હવે મને વિશ્વાસ છે કે લાહોર ૧૯૪૭ની પણ એવી જ અસર હશે.”

આ ફિલ્મમમાં રાજકુમાર સંતોષી શબાના આઝમી સાથે પણ કામ કરી રહ્યા છે. આ અંગે તેમણે જણાવ્યું, “તેમણે ૫૦ વર્ષ સુધી દર્શકોને ચકિત કર્યા છે. આપણે જ્યારે એવું વિચારીએ કે હવે તેઓ નવું શું કરી શકશે, ત્યાં જ તેઓ વધુ એક કેરિઅરની નવી દિશા આપનારી ફિલ્મ સાથે આવી જાય છે, જેમકે લાહોર ૧૯૪૭. મારી વાત માનો, મારી ફિલ્મમાં એમને જોઈને થિએટરમાં એક પણ વ્યક્તિ એવી નહીં હોય, જેની આંખો ન ભીંજાય. તે ઘણી રીતે ફિલ્મની કેન્દ્રમાં રહેલાં છે. તેમણે અમને બધાંને પણ અચિંભિત કરી દીધાં હતાં. હું તેમની સાથે આગળ પણ કામ કરવા ઉત્સુક છું.”

૭૧ વર્ષીય અભિનેતા જીવંત અને સ્વસ્થ છે

# મારા મોતની અફવા ખોટી, હું જીવું છુઃ જેકી ચાન

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૨**

‘હી-મેન’ ધર્મેન્દ્રના સ્વાસ્થ્ય અપડેટ્સ વચ્ચે, માર્શલ આર્ટિસ્ટ અને અભિનેતા જેકી ચાનના મૃત્યુના અહેવાલો પણ ફરતા થઈ રહ્યા છે. ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર ઘણી પોસ્ટ્સ દાવો કરે છે કે તે હવે નથી. કેટલાક લોકો તો દાવો કરે છે કે તેમની પત્ની અને પુત્રીએ આ વાતની પુષ્ટિ કરી છે. જો કે, બધા દાવા ખોટા છે. ૭૧ વર્ષીય અભિનેતા જીવંત અને સ્વસ્થ છે. હકીકતમાં, જેકી ચાનના મૃત્યુના સમાચાર સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા, જેમાં અહેવાલો અનુસાર જૂની ઈજાને કારણે તે મૃત્યુ પામ્યા હતા.

એવું લખવામાં આવ્યું હતું કે, “૭૧ વર્ષીય જેકી ચાનને દાયકાઓ પહેલા થયેલી ઈજાથી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો અને તે સામે લડ્યા પછી તેમનું અવસાન થયું છે. આ દરમિયાન, બીજા એક વ્યક્તિએ દાવો કર્યો કે તેમનું મૃત્યુ સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે થયું છે, પરંતુ સાચી વાત એ છે કે અભિનેતા સંપૂર્ણ સ્વસ્થ છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ પહેલી વાર નથી. ૨૦૧૫ માં પણ જેકી ચેનના મૃત્યુની અફવાઓ સામે આવી હતી. અભિનેતાએ પોતે પ્રતિક્રિયા આપતા કહ્યું, “જ્યારે હું ફ્લાઈટમાંથી ઉતર્યો, ત્યારે બે અહેવાલોએ મને આઘાત આપ્યો.” સૌ પ્રથમ, હું હજી પણ જીવિત છું અને બીજું, રેડ પોકેટ્સ અંગે મારા નામનો ઉપયોગ કરીને વેઈબો પર ચાલી રહેલા કૌભાંડ પર વિશ્વાસ નથી.

અગાઉ ફિલ્મનું નામ ‘પ્રેમ કી શાદી’ નક્કી થયુ હતું

# આયુષ્યમાન ખુરાના સાથે બરજાત્યાની ફિલ્મનું નામ ‘યે પ્રેમ મોલ લિયા’ ફાઈનલ થયું

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૨**

આયુષ્યમાન ખુરાના સૂરજ બરજાત્યાના રાજશ્રી પ્રોડક્શનનો નવો પ્રેમ બનવાનો હોવાના અહેવાલો લાંબા સમયથી આવી રહ્યા છે, ત્યાર બાદ તેની સાથે શર્વરી વાઘ લીડ રોલ કરવાની હોવાના અહેવાલો આવ્યા. આ ફિલ્મનું શૂટ પણ ૧ નવેમ્બરથી શરૂ થયું છે, ત્યારે આ ફિલ્મનું નામ પણ જાહેર થઈ ગયું છે – આ ફિલ્મને ‘યે પ્રેમ મોલ લિયા’ નામ આપવામાં આવ્યું છે. ગુરુવારે મુંબઈમાં એક ફોટોગ્રાફર દ્વારા પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર પોસ્ટ કરવામાં આવી હતી. તેમાં એક ક્લેપબોર્ડ પાસે એક કેમેરા પડેલો દેખાય છે અને ક્લેપબોર્ડમાં ફિલ્મનું નામ લખેલું સ્પષ્ટ દેખાય છે, ‘યે પ્રેમ મોલ લિયા’.

આ અંગેના કેટલાક અહેવાલો અનુસાર કાંદિવલીમાં આ ફિલ્મનું એક અઠવાડિયાનું શૂટ થઈ ચૂક્યું છે. સૂરજ બરજાત્યા તેમની આગળની ફિલ્મની જેમ આ ફિલ્મ પણ વૈભવી બનાવી રહ્યા છે, તેમાં આ શીડ્યુલમાં શર્વરી અને આયુષ્યમાનનું શૂટ ચાલી રહ્યું છે. તેમણે અન્ય કલાકારો અને લગભગ ૨૦૦ બૅકગ્રાઉન્ડ ડાન્સર્સ સાથે એક વિશાળ સેટ સાથેનું ગીત પણ શૂટ કર્યું છે. હવે આગળનું શીડ્યુલ આ અઠવાડિયાથી મહેબૂબ સ્ટૂડિયોમાં શરૂ થશે.

બાન્દ્રામાં ચાલતા આ શૂટમાં ફિલ્મની ટીમ લગભગ ૮૦ ટકા ફિલ્મનું શૂટ કરશે, તેના પછી કેટલાંક આઉટડોર શૂટ શરૂ થશે, જો બધું સમયસર ચાલશે તો આ ફિલ્મનું લગભગ બધું જ શૂટ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં પૂરું થઈ જશે. આ ફિલ્મમાં રાજશ્રીની આગળની ફિલ્મોની જેમ અનુપમ ખેર, સીમા પાહવા અને સુપ્રિયા પાઠક પણ મહત્વના રોલમાં છે.

સુત્રના જણાવ્યા અનુસાર, ૨૦૨૨માં ઊંચાઈમાં સૂરજ બરજાત્યાએ મહાવીર જૈન સાથે પ્રોડ્યુસર તરીકે કામ કર્યા પછી તેઓ ફરી એક વખત સાથે કામ કરવા જઈ રહ્યા છે. તેમને એકબીજા સાથે કામ કરવાની મજા આવી હતી, તેથી તેમણે એકબીજા સાથે ફરી એક વખત કામ કરવાનું નક્કી કર્યું.

હું ૧૫ વર્ષની હતી ત્યારથી કેમેરા સામે છું : તમન્ના

# ઓઝેમ્પિક લઈને વજન ઘટાડ્યું હોવાના આરોપો તમન્નાએ ફગાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૨**

તમન્ના ભાટિયા હવે માત્ર દક્ષિણ ભારતમાં જ નહીં પરંતુ બોલિવૂડમાં પણ જાણીતું નામ બની ગયું છે. અભિનેત્રીએ તાજેતરમાં તેના ડાન્સ નંબરોથી હેડલાઈન્સ બનાવી છે. ‘આજ કી રાત હો’ હોય કે ‘ગફુર’, તેના બધા ડાન્સ નંબર હિટ થયા છે. દરમિયાન, તમન્નાએ તેના વળાંકવાળા શરીર માટે પણ હેડલાઈન્સ મેળવી હતી, અને હવે અભિનેત્રી તેના પરિવર્તન માટે સમાચારમાં છે. છેલ્લા કેટલાક મહિનામાં, તમન્નાએ ઘણા કિલો વજન ઘટાડ્યું છે, અને જ્યારે તેના કેટલાક ચાહકો તેના વજન ઘટાડાથી ખુશ છે, ત્યારે કેટલાક સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ અભિનેત્રી પર ઓઝેમ્પિકનો ઉપયોગ કરવાનો આરોપ લગાવી રહ્યા છે. આવી સ્થિતિમાં, તમન્નાએ હવે આગળ આવીને તેના વજન ઘટાડવા અને સુંદરતાના ધોરણોને પૂર્ણ કરવાના દબાણ વિશે વાત કરી છે. તેણે કહ્યું હું વજન ઓછુ કરવાને બદલે સ્વીકારી લેવાનું પસંદ કરું.

એક મુલાકાતમાં, તમન્ના ભાટિયાએ તેના વજન ઘટાડવા અને શરીર વિશે ચર્ચા કરી. ઓઝેમ્પિક લેવાના આરોપો પર પ્રતિક્રિયા આપતા, તેણીએ કહ્યું, “હું કેમેરા સામે મોટી થઈ છું. હું ૧૫ વર્ષની હતી ત્યારથી કેમેરા સામે છું, તેથી મારી પાસે છુપાવવા માટે કંઈ નથી. મારા વળાંકો ક્યાંય જતા નથી. મારી ૨૦ વર્ષની ઉંમર સુધી, મારું શરીર પાતળું હતું. મારું શરીર હંમેશા આવું રહ્યું છે. તકનીકી રીતે, આ મારા માટે નવું નથી. હું આ રીતે મોટી થઈ છું અને હંમેશા આ રીતે જીવી છું.

તમન્ના ભાટિયા આગળ કહે છે, “હિન્દી બેલ્ટના દર્શકો માટે આ નવું હોઈ શકે છે, પરંતુ મેં લગભગ ૧૦૦ ફિલ્મો કરી છે, અને લોકોએ મને અલગ અલગ ફિલ્મોમાં અલગ અલગ શરીરના પ્રકારમાં જોયો છે.” પરંતુ, મોટાભાગની ફિલ્મોમાં, હું પાતળી રહી છું. લોકોને સમજવાની જરૂર છે કે સ્ત્રીઓનું શરીર બદલાય છે; દર પાંચ વર્ષે, આપણે આપણી જાતનું એક અલગ સંસ્કરણ જોઈએ છીએ.

તમન્ના ભાટિયાએ સમજાવ્યું કે, કેવી રીતે કોવિદ-૧૯ એ તેના શરીર પર નોંધપાત્ર અસર કરી હતી, જેના કારણે તેનું વજન જાળવી રાખવું મુશ્કેલ બન્યું હતું. મેં ખૂબ સંઘર્ષ કર્યો. મને મારી દાળ, ભાત અને રોટલી ખૂબ ગમે છે. આ બધા સ્વસ્થ ખોરાક હોવા છતાં, મારે કેમેરા સામે જવું પડ્યું, અને મને લાગ્યું કે હું ચોક્કસ કદની બનવા માંગતી નથી અને હું સતત તેને ઠીક કરવાનો પ્રયાસ કરી રહી હતી. તમન્નાએ



બળતરા વિશે વધુ ચર્ચા કરી. તે કહે છે, “બળતરા એક વાસ્તવિક સમસ્યા છે. આ ચક્રમાંથી પસાર થતી દરેક સ્ત્રીને લાગે છે કે તેનું શરીર બદલાઈ રહ્યું છે. હું મારા ત્રીસના દાયકાની શરૂઆતમાં આમાંથી પસાર થઈ હતી, અને મારા વળાંકો ક્યાંય જતા નથી. કારણ કે હું સિંધી છું. મારા હિપ્સ અને કમર ક્યાંય જતા નથી કારણ કે તે હાડકાની રચના છે. મને નથી લાગતું કે તમે મને ક્યારેય વૈશ્વિક સૌંદર્ય ધોરણોનું પાલન કરતી જોશો કારણ કે ભારતીય હોવું એક મહત્વાકાંક્ષા છે, લોકો આપણા વળાંકોને પ્રેમ કરે છે, અને મને લાગે છે કે હવે સમય આવી ગયો છે કે આપણે તેમને સ્વીકારીએ.

# ધરમપુરના વાંકલ ગામ પાસે ગમખ્વાર અકસ્માત : કારે બાઈકને ટક્કર મારતા એકનું ઘટના સ્થળે મોત, એક ગંભીર

**ગંભીર હાલતમાં ઘાયલ યુવાનને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

રોડ અકસ્માતની દુર્ઘટના કૂદકે ભૂસકે વધતી રહી છે. તેવો વધુ એક ગંભીર અકસ્માત આજે બુધવારે ધરમપુર વાંકલ ગામ પાસે સર્જાયો હતો. બાઈક ઉપર સવાર થઈને ધરમપુર તરફ જઈ રહેલા બે યુવાનની બાઈકને બેફામ ઝડપે આવી રહેલી કારે ધડાકાભેર ટક્કર મારી દેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઘટના સ્થળે બાઈક સવાર બે યુવાનો પૈકી એકનું કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું. બીજો ગંભીર રીતે ઘાયલ થયેલ યુવાનને ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.

ધરમપુરના વાંકલ ગામ પાસેથી પુર ઝડપે દોડી રહેલ કાર નં.જીજે-૧૫-સીજી-૩૯૦૫એ સામે આવી રહેલા બાઈક સવાર બે યુવાનોની બાઈકને ધડાકાભેર ટક્કર મારી દેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક ફંગોળાઈ જતા બે યુવાનો રોડ ઉપર પટકાયા હતા. બન્નેને ગંભીર ઈજાઓ થઈ હતી. તે પૈકી એક યુવાનનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે ભેગા થઈ ગયેલા લોકોએ અન્ય ઘાયલ યુવાનને ૧૦૮ દ્વારા ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો. હજુ યુવાન સારવાર હેઠળ છે ધરમપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કુદરતના ખોળે ચીં... ચીં.. કરતી ચકલીઓ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

ચકો લાવ્યો ચોખાનો દાણો અને ચકી લાવી મગનો દાણો.. પ્રતિ કુળ વાતાવરણ ટેક્નોલોજીને કારણે જતા રેડીએશન અને શહેરીકરણના કારણે ધીરે ધીરે વિલુપ્ત થતી જતી પ્રજાતિને બચાવવા પક્ષી પ્રેમીઓ સોશિયલ મીડિયા અને અન્ય રીતે અથાક પ્રયાસો કરી તેના માટે આશ્રય સ્થાનો ઊભા કરી તેના અસ્તિત્વને ટકાવવા પ્રયાસ રત રહે છે. ત્યારે ચીખલી તાલુકાના ભાગોળે ઝડપવામાં આવેલ કેમેરામાં કેદ થયેલ તસવીર જોયા પછી એવું લાગે છે કે, આ પ્રચલિત બાળવાર્તાની પ્રારંભિક પંક્તિની જેમ ગોરૈયા ચકલીનું ઝુંડ ફક્ત દાણા જ નહીં પરંતુ પક્ષી પ્રેમીઓ માટે નવી આશા પણ લઈને આવ્યું છે. ત્યારે ચકલીઓના આ ઝુંડને કુદરતના ખોળામાં ચીં... ચીં.. કરતા ચહેકતી જોઈ તેના અસ્તિત્વ માટે આશા જીવંત બને છે.

**(તસ્વીર દીપક સોલંકી, ચીખલી)**

# વાપી કેબીએસ એન્ડ નટરાજ કોલેજની NSSની વિદ્યાર્થીનીની WestZonePre. R.D. પરેડ કેમ્પમાં પસંદગી થઈ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**



ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમારીયા કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સિસ કોલેજ વાપીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી અંતર્ગત (NSS) રાષ્ટ્રીય સેવા યોજનાનો યુનિટ કાર્યરત છે. આ યોજનામાં ભાગ લેનાર દરેક સ્વયંસેવકો સેવા ભાવથી વ્યક્તિ, સમાજ અને દેશના વિકાસની સેવામાં ભાગ લેતા હોય છે.

આ કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ની સ્વયંસેવકોની WestZonePre. R.D. પરેડ કેમ્પ માટે પ્રતિક્ષા કિશોર તાયડે (એસ.વાય.બી.કોમ.)ની પસંદગી કરવામાં આવી છે. આ પ્રતિષ્ઠિત પસંદગી તેમના અસાધારણ સમર્પણ, શિસ્ત અને સમાજ સેવા અને રાષ્ટ્રીય ગૌરવ પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરે છે. પસંદગી પામેલ NSS સ્વયંસેવકો પ્રીથમ યુનીવર્સીટીકક્ષાએ અને ત્યારબાદ આંતર યુનીવર્સીટી કક્ષાએ પસંદગી પામી હેમચંદ્રાચાર્યનોર્થ ગુજરાત યુનીવર્સીટી, પાટણ ખાતે યોજાનાર પ્રી - રિ પબ્લિક ડે પરેડ કેમ્પમાં ભાગ લેશે.

ગુજરાતની વિવિધ યુનીવર્સીટીઓમાંથી સ્વયંસેવકો પસંદગી પામ્યા છે. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટીમાંથી, આ કોલેજના સ્વયંસેવકની પસંદગી થતા કોલેજ પરિવારમાં આનંદની અને ગૌરવની લાગણી અનુભવી હતી. N.S.S. યુનિટની દરેક સેવાકીય પ્રવૃતિઆનું સંચાલન તેમજ માર્ગદર્શન અને સ્વયંસેવકોની પસંદગી N.S.S. યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડો.ખુશ્બુ દેસાઈ દ્વારા કરવામાં આવી હતી.

આમ પ્રી - રિપબ્લિક ડે પરેડ કેમ્પ માટે પસંદગી પામતા સમગ્ર યુનીવર્સીટીમાં કોલેજનું નામ રોશન કરવા બદલ કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી. ચૌહાણ તેમજ ટ્રસ્ટી ગણે વિદ્યાર્થીનો અભાર માની ભવિષ્યમાં પણ દેશની સેવામાં ભાગીદાર બની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી હતી.

# વલસાડની ડો. ધ્રુવી જોશી યુએસએમાં ગ્લોબલ એએચએ કોન્ફરન્સમાં ઝળકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**






વલસાડની લોટસ હોસ્પિટલના ડો.કલ્પેશ જોશી અને ડેન્ટિસ્ટ ડો.ભૈરવી જોશીની દીકરી ડો. ધ્રુવી જોશીએ હાલમાં અમેરિકાના ન્યુઓર્લીન્સ ખાતે યોજાયેલી અમેરિકન હાર્ટ એસોસિએશન (એએચએ)ની ૨૦૨૫ની વાર્ષિક વૈશ્વિક કોન્ફરન્સમાં પોતાનું રિસર્ચ પેપર રજૂ કરી વલસાડ તેમજ સમગ્ર ગુજરાત તથા નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ, અમદાવાદનું ગૌરવ વધાર્યુ છે.

વિશ્વભરમાં મેડિકલ અને કાર્ડિયોલોજી ક્ષેત્રે એએચએ કોન્ફરન્સને સૌથી પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક મંચ તરીકે ગણવામાં આવે છે. આ કોન્ફરન્સમાં પ્રસ્તુતિ આપવી એ દરેક તબીબ માટે એક અકલ્પનીય સ્વપ્ન સમાન ગણાય છે, ત્યારે તેમાં વલસાડના ડો. કલ્પેશ જોશી અને ડો.ભૈરવી જોશીની દીકરી ડો. ધ્રુવી જોષીએ પોતાની મેડિકલ કારકિર્દીની શરૂઆતમાં જ આ સિદ્ધિ હાંસલ કરી છે. અમેરિકન હાર્ટ એસોસિએશન(એએચએ)ની ૨૦૨૫ની વાર્ષિક વૈશ્વિક કોન્ફરન્સમાં વલસાડની ડો. ધ્રુવી કલ્પેશ જોષીએ પોતાનું રિસર્ચ પેપર રજૂ કરી ભવિષ્યમાં કાર્ડિયોલોજી ક્ષેત્રે રિસર્ચને પોતાની કારકિર્દી તરીકે પસંદ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

**ગૌહત્યા કેસમાં ઐતિહાસિક ચુકાદો**

# અમરેલીમાં ત્રણ આરોપીઓને આજીવન કેદની સજા મળી

**ગૌમાતા ભારતીય સંસ્કૃતિ અને આસ્થાનું કેન્દ્ર છે, ગૌહત્યા જેવા ગુના માટે રાજ્ય સરકાર કોઈ દયા દાખવશે નહીં**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમરેલી, તા.૧૨**

ગુજરાતના અમરેલી જિલ્લામાં ગૌહત્યાના એક જઘન્ય ગુનામાં નામદાર કોર્ટે આપેલા ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે ત્રણ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ ગૌવંશનું કતલ કરતા કસાઈઓ માટે 'લાલબત્તી સમાન' ગણાવીને જણાવ્યું હતું કે, ગૌમાતા ભારતીય સંસ્કૃતિ અને આસ્થાનું કેન્દ્ર છે. ગૌહત્યા જેવા ગુના માટે રાજ્ય સરકાર કોઈ દયા દાખવશે નહીં.

જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, અમરેલી પોલીસે બાતમીના આધારે ગૌવંશનું કતલ કરીને તેનું વેચાણ કરતા ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આ જઘન્ય ગુના બદલ પોલીસે ચાર્જશીટ ફાઈલ કર્યા બાદ, ગઈકાલે અમરેલીની નામદાર કોર્ટે ત્રણેય આરોપીઓને ગુનેગાર ઠેરવીને ઐતિહાસિક સજા આજીવન કેદ અને રૂ. પાંચ લાખના દંડની સજા ફરમાવી છે.

આ કડક સજા પાછળના કાયદાકીય ઈતિહાસ પર પ્રકાશ પાડતા ઉમેર્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પીએમ નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૧૧માં સૌપ્રથમવાર ગૌવંશના કતલ સામે આ કડક કાયદો અમલમાં આવ્યો હતો. ત્યારબાદ તેને વધુ કડક બનાવવામાં આવ્યો, જેમાં આજીવન કારાવાસની જોગવાઈ ઉમેરાઈ હતી. આ કાયદો ગૌહત્યા કરનારાઓને સૌથી કડક સજા આપવાની જોગવાઈ સાથે દેશમાં અગ્રેસર છે, અને આજે એ જ કાયદો ન્યાયનો નવો ઈતિહાસ રચી રહ્યો છે.જીતુ વાઘાણીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ ચુકાદો સ્પષ્ટ કરે છે કે ગૌમાતા સાથે અન્યાય કરનારાઓને રાજ્ય સરકાર સખત હાથે કાયદાકીય પાઠ ભણાવશે. આ ઐતિહાસિક ચુકાદા બાદ ભવિષ્યમાં ગૌવંશ હત્યાની પ્રવૃત્તિનો વિચાર કરતા તત્વો પણ ધ્રૂજી ઉઠશે.

**નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ**
**દિપક સોલંકી**
**98796 87316**

**દિલ્હી બ્લાસ્ટ બાદ ગુજરાત પોલીસ એક્શન મોડમાં**

# રાજ્યમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારી રાખવા સૂચના

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૧૨**

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની અધ્યક્ષતામાં આજે પોલીસ ભવન ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા રાજ્યના તમામ યુનિટ વડાઓ, શહેર પોલીસ કમિશનરો અને જિલ્લાઓના પોલીસ વડાઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકમાં આતંકવાદી ગતિવિધિઓ અનુસંધાને પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એડવાન્સ લેવલની તકેદારી રાખવા અંગે માર્ગદર્શન આપવાની સાથે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

નાગરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા પર ભાર મૂકીને આ બેઠકમાં છ્જી સહિત તમામ ફિલ્ડ યુનિટના સમગ્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત (સ્ટ્રેન્ધન) કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તે ઉપરાંત રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તમામ જિલ્લાના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (SOG)ની કામગીરીની સમીક્ષા કરી વિવિધ ૩૦ મુદ્દાઓ પર રજીસ્ટરની યોગ્ય નિભાવણી કરવા પર ખાસ ભાર મૂક્યો હતો.

બેઠકમાં ખાસ કરીને આતંકવાદ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા ગંભીર ગુનાઓમાં એટલે કે અન લૉ ફુલ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ તેમજ ટેરેરિસ્ટ ડિસરપ્ટીવ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ ઉપરાંત NDPS એક્ટ (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ), આર્મ્સ એક્ટ, એક્સપ્લોઝિવ એક્ટ, ફેક ઈન્ડિયન કરન્સી (નકલી ભારતીય ચલણ) અગાઉ પકડાયેલા આરોપીઓ, ગુનાહિત ઈતિહાસ સહિતનું રજીસ્ટર નિભાવવા તથા આ પ્રકારના આરોપીઓ પર સતત વોચ રાખવા અને તેમની ગતિવિધિઓ પર નજર રાખવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી.

રાજ્યના પોલીસ વડા સહાયે માત્ર SOGને જ નહીં, પરંતુ લોકલ પોલીસને પણ પોતાના હ્યુમન ઈન્ટેલિજન્સને સક્રિય રાખીને આ પ્રકારની પ્રવૃત્તિઓ અંગે સતત વોચ રાખવા માટે જરૂરી સૂચના આપી હતી.

આ મહત્વપૂર્ણ બેઠકમાં પોલીસ ભવન ખાતેથી ATS એડીજીપી, ATS ડીઆઈજી, રાજ્યના આઈ.બી. (ઈન્ટેલિજન્સ બ્યુરો) ડી.આઈ.જી હાજર રહ્યા હતા.

જ્યારે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યના તમામ યુનિટના વડા, તમામ પોલીસ કમિશનર અને જિલ્લાઓના પોલીસ વડાઓ જોડાયા હતા.

# રાજકોટ જિલ્લા બેંક એક વર્ષ માટે કોઈપણ વ્યાજ વિના ખેડૂતોને લોન આપશે

**બેંકના ચેરમેન જયેશ રાદડિયાએ બેંકના સભાસદ ૨.૨૫ લાખ ખેડૂતોને એક વર્ષ માટે શૂન્ય ટકા વ્યાજે ખાસ લોન આપવાની જાહેરાત કરી**

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**રાજકોટ, તા.૧૨**

ગુજરાતમાં ચોમાસુ અને ત્યાર બાદ થયેલા માવઠામાં ખેતીને મોટુ નુકસાન પહોંચ્યું છે. રાજ્ય સરકારે પાક નુકસાનીનો સરવે કરાવ્યા બાદ ખેડૂતો માટે ૧૦ હજાર કરોડનું પેકેજ જાહેર કર્યું છે. જેમાં હેક્ટર દિઠ બે હેક્ટરની મર્યાદામાં ૨૨ હજાર રૂપિયાની સહાય જાહેર કરવામાં આવી છે. ત્યારે રાજકોટ જિલ્લા સહકારી બેંક દ્વારા પણ ખેડૂતો માટે નિર્ણય લેવામાં આવ્યો છે. બેંક દ્વારા ખેડૂતો માટે ખાસ કૃષિ લોનની જાહેરાત કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લા બેંકના ચેરમેન જયેશ રાદડિયાએ કહ્યું હતું કે, આ વખતે ચોમાસામાં ખેડૂતોના પાકને મોટુ નુકસાન થયું છે. ત્યારે રાજકોટ બેંક હંમેશા ખેડૂતોની બેંક રહી છે. ખેડૂતો માટે આજે બેંક દ્વારા કૃષિ લોન સહાય યોજનાની જાહેરાત કરવામાં આવી છે. બેંકના સભાસદ ૨.૨૫ લાખ ખેડૂતોને એક વર્ષ માટે શૂન્ય ટકા વ્યાજે ખાસ લોન આપવાની જાહેરાત કરવામાં આવી છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, બેંકના સભાસદ ખેડૂતોને હેક્ટર દીઠ ૧૨૫૦૦ સુધીની લોન મળવાપાત્ર થશે. જ્યારે વધુમાં વધુ ૬૫ હજારની લોન અપાશે. રાજકોટ અને મોરબી જિલ્લાના ૨.૨૫ લાખ ખેડૂતોને આ લોન યોજનાનો લાભ મળશે.

ખેડૂતોને માવઠાંથી થયેલા નુકસાનની ભરપાઈ અને રવિ પાકના વાવેતર માટે આ લોન અતિ મહત્વની છે. ખેડૂતો પાસેથી વધારાના કોઈ કાગળો લેવામાં આવશે નહીં. જેવી રીતે ધીરાણ મેળવીએ છીએ એજ રીતે મંડળીમાં કાગળો આપીને લોન મેળવી શકાશે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM VIJAY AGARWAL TO **NEW NAME VIJAY BIHARILAL AGARWAL** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
**SD: VIJAY BIHARILAL AGARWAL**
ADD: 502, MODERN ENCLAVE, 7TH CROSS LANE, DILIP NAGAR, DAMAN-396210 (UT OF DADARA NAGAR HAVELI & DAMAN AND DIU)

**Government Engineering College, Varkund, Nani Daman - 396 210.**

The following posts are to be filled on Visiting Basis in the Government Engineering College, Daman as under :-

1. 01-Post of Assistant Professors in Electrical Engineering
2. 01-Pos of Electronics Engineering

**No.1.2-EST-GEC/Visiting/Volume-III/2025-26/722 dated: 10/11/2025**
**Starting date: 11/11/2025**
**Ending date: 10/12/2025**

www.ddd.gov.in
www.govtenggcollegedaman.org.in

No. IP/DMN/2/5/2025-26/929, Dated: 12/11/2025

**કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

જમીન સંપાદન વિભાગ, દમણ

ડ્રાફ્ટ સોશિયલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ રિપોર્ટ

હેતુ: સરકારી શાળા, દલવાડાના નવા શાળા મકાનના બાંધકામ માટે જમીન સંપાદન

ડ્રાફ્ટ સોશિયલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ રિપોર્ટ અને જાહેર સુનાવણી સૂચના
નંબર 3/142/LND-ACQ/2025-26/2340 Dated 11.11.2025.
3/142/LND-ACQ/2025-26/1715 Dated 11.11.2025.
ગામ: દલવાડા, નાની દમણ.
સંપાદનનું ક્ષેત્રફળ: 680.00 ચો.મી.

કૃપા કરીને વિગતો માટે સ્કેન કરો અથવા https://ddd.gov.in/

**જમીન સંપાદન કલેક્ટર, દમણ**

No. IP/DMN/2/5/2025-26/930, Dated: 12/11/2025

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનું એડમિનિસ્ટ્રેશન
યુવા બાબતો અને રમતગમત વિભાગ, ડીએનએચ અને ડીડી
**સૂચના**

ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ, 2026 ની દ્વિતીય આવૃત્તિ માટે ખેલકૂદ સાધનોની ખરીદી માટે રજૂઆત માટેનો પ્રસ્તાવ.

| | |
|---|---|
| આરએફપી નં. | DMN/SPORTS/KIBG-SE/2025-26/543 તારીખ: 07/11/2025 |
| ટેન્ડર રેફરન્સ નં. | DMN/SPORTS/KIBG-SE/2025-26/543 તારીખ: 07/11/2025 |
| ટેન્ડર આઈડી: | 2025_DAMAN_4526_1 |
| બોલી સબમિટ કરવાની છેલ્લી તારીખ | 18/11/2025, 06:00 PM સુધી |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો
http://ddd.gov.in

નિયામક-કમ-સંયુક્ત સચિવ (વાયએ અને એસ), ડીએનએચ અને ડીડી

No. IP/DMN/2/5/2025-26/931, Dated: 12/11/2025

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અનેનગરહવેલી તથા દમણ અને દીવ
પરિવહન વિભાગ
પરિપત્ર

**જાહેરખબર ક્રમાંક : 01**

સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય (MoRTH) તા. 15 જાન્યુઆરી 2025ના માર્ગદર્શિકા અનુસંધાને, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પરિવહન વિભાગ દ્વારા નીચેના *ડ્રાઇવિંગ તાલીમ કેન્દ્રો* સ્થાપવા માટે ઇચ્છુક એજન્સીઓ / પ્રતિષ્ઠિત સર્વિસ પ્રોવાઇડરો પાસેથી અરજીઓ માંગવામાં આવે છે. **ડ્રાઇવિંગ તાલીમ અને સંશોધન સંસ્થા (IDTRs), પ્રાંતિય ડ્રાઇવિંગ તાલીમ કેન્દ્ર (RDTCs), ડ્રાઇવિંગ તાલીમ કેન્દ્ર (DTCs).**

પાત્ર અને રસ ધરાવતા **એનજીઓ/ટ્રસ્ટ/ફર્મ વગેરે**ને વિનંતી કરવામાં આવે છે કે તેઓ **ડ્રાઇવિંગ તાલીમ અને સંશોધન સંસ્થા (IDTRs), પ્રાંતિય ડ્રાઇવિંગ તાલીમ કેન્દ્ર (RDTCs)** અને **ડ્રાઇવિંગ તાલીમ કેન્દ્ર (DTCs)** *ક્લસ્ટર અભિગમ સહીત* સ્થાપવા માટેની વિગતવાર માર્ગદર્શિકા, શરતો અને પાત્રતા માપદંડની માહિતીનો અભ્યાસ કરે.

સંપૂર્ણ પ્રસ્તાવો **ડિરેક્ટર કમ સંયુક્ત સચિવ (પરિવહન), દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ**ને રજૂ કરવા વિનંતી છે.

વિસ્તૃત માર્ગદર્શિકા નીચેની વેબસાઇટ પર ઉપલબ્ધ છે : https://share.google/2YHCCq9vl0ROkGYza

**નિદેશક સહ સંયુક્ત સચિવ (પરિવહન), દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ**

No. IP/DMN/2/5/2025-26/933, Dated: 12/11/2025

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# દિલ્હી બ્લાસ્ટ સંદર્ભે વાપીમાં તપાસ એજન્સી દ્વારા બંધ પડેલી કંપનીઓમાં તપાસનો દોર શરૂ કરાયો

**વલસાડ જિલ્લામાં તપાસ મોરચે પોલીસ અને એજન્સી દ્વારા સઘન તપાસ ઠેર ઠેર ચાલી રહી છે**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૨**

સોમવારના દિવસે દેશની રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા વિસ્તારમાં ફિદાઈન બ્લાસ્ટ થયાની ઘટેની ઘટના બાદ સમગ્ર દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો. તમામ રાજ્યોમાં હાઈએલર્ટ જાહેર કરાયું હતું. બોમ્બ બ્લાસ્ટમાં દેશની ઉચ્ચ તપાસ એજન્સીઓ ચાલી રહેલી તપાસમાં એક પછી એક ચોંકાવનારી વિગતો ખુલી રહી છે. દેશમાં પ્રથમવાર વાઈટ કોલર ટેરર સામે આવ્યો છે. ઝડપાયેલ તમામ પાંચ આરોપી તબીબો છે. હજુ ઘણુ બધુ બહાર આવશે પરંતુ સરકાર અને એજન્સીઓ દેશના ખુણે ખુણે તપાસ આરંભી દીધી છે તેમાં વલસાડ જિલ્લો પણ બાકાત નથી.

વલસાડ જિલ્લામાં તમામ જાહેર સ્થળો, રેલવે સ્ટેશન, હાઈવે સહિત શહેરોમાં વાહન ચેકિંગ કામગીરી હાલમાં ચાલી રહી છે. જિલ્લામાં ૬૦ કીલો મિટર લાંબો દરિયા કિનારો હોવાથી મરીન ટાસ્કફોર્સ પણ એલર્ટ સાથે એકશનમાં આવી ગઈ છે. દરિયાકિનારે લાંગરાયેલ બોટોનું ચેકિંગ કરાઈ રહ્યું છે. પોલીસ અને તપાસ એજન્સીઓનો તપાસ દોર વાપી સુધી વિસ્તારો છે. વાપી વસીહતમાં બંધ પડેલ કંપનીઓ, પેપર મિલોમાં એજન્સીઓ દ્વારા તળીયાઝાટક તપાસ હાલમાં ચાલી રહી છે. જિલ્લાભરમાં દિલ્હી બ્લાસ્ટના પગલે તમામ મોરચે હાઈએલર્ટ સાથે સઘન તપાસ ઝુંબેશ ચલાવાઈ રહી છે.

**ધરમપુર અને કપરાડા તાલુકામાં માર્ગ સુધારણા અને મેજર બ્રિજના વિકાસ કાર્યો પ્રગતિ પર**

# અરણાઈ-કુંડા-ધામણી રોડ પર મેજર બ્રિજ અને અંભેટી-ખરેડા રોડ પર કોલક નદી ઉપર મેજર બ્રિજનું કામ શરૂ

**આ બંને પુલ બનતા સ્થાનિકોની મુસાફરીમાં સુવિધા અને સલામતી બંને મળશેઃ વરસાદી મોસમ દરમિયાન પરિવહન માટે વૈકલ્પિક અને ટકાઉ માર્ગ ઉપલબ્ધ થશે**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૨**

વલસાડ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગના ધરમપુર સબ ડિવિઝન હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગોના વિકાસ અને સુધારણા માટે વિવિધ મહત્વના કામો હાથ ધરવામાં આવ્યા છે. હાલમાં તામછડી બીજુરપાડા રોડ, પેણધા ટોકરપાડા રોડ, નાની કોરવાડ કઠોરાચી ફળિયા રોડ, વાઝલટ ભાનવલ રોડ, આંબોસી હેતપાડાથી શિશુમાળને જોડતો વિલ્સન હિલ રોડ, રાણવેરી કોતબી ફળિયા રોડ, કાકડકુવા ફુલવાડી રોડથી દાદરી ફળિયાથી હાથી ફળિયા રોડ, પાનવા ડુંગરી ફળિયાથી શાંતુ કાલુનો મહોલ્લો રોડ તથા બામટી શિશવાડા રોડ સહિતના રસ્તાઓ પર કામગીરી શરૂ કરવામાં આવી છે.

આ ઉપરાંત કપરાડા તાલુકા હેઠળના વિવિધ આંતરિક ગામોમાં કાકડકોપર, કાજલી, સુખાલા, અંભેટી, મોટાપોંઢા, વારોલી તથા માંડવા વિસ્તારોમાં જોડાણ માર્ગોના સુધારણા કાર્યો પ્રગતિ પર છે. આ સાથે ધરમપુર પેટા વિભાગ હેઠળ અરણાઈ-કુંડા-ધામણી રોડ પર મેજર બ્રિજનું નિર્માણ કાર્ય તથા અંભેટી-ખરેડા રોડ પર કોલક નદી ઉપર મેજર બ્રિજનું નિર્માણ કાર્ય પણ પ્રગતિ પર છે. આ બંને પુલો પૂર્ણ થતાં સ્થાનિક લોકોને મુસાફરીમાં સુવિધા અને સલામતી બંને મળશે તેમજ વરસાદી મોસમ દરમિયાન પરિવહન માટે વૈકલ્પિક અને ટકાઉ માર્ગ ઉપલબ્ધ થશે.

# નાનાપોંઢા વિસ્તારમાં મિશનરીઓ દ્વારા ધર્મ પરિવર્તન માટે યોજાતી સભાઓ બંધ કરવાનો અવાજ ઉઠ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૨**

કપરાડા-ધરમપુરના અંતરિયાળ વિસ્તારોમાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ધર્મ પરિવર્તન હેતુ પ્રયાસો, સભાઓ યોજાતી રહેતી હોવાથી વ્યાપક ફરિયાદો ઉઠતી રહી છે. તેવો વધુ એક મામલો પ્રકાશમાં આવ્યો છે. નાનાપોંઢા વિસ્તારમાં મિશનરીઓ દ્વારા ધર્મપરિવર્તન માટે યોજાતી સભાઓ બંધ કરવાનો અવાજ આદિવાસી આગેવાનોએ ઉઠાવ્યો છે. આગેવાનો દ્વારા ધરમપુર પ્રાંતને આવેદનપત્ર પાઠવી માંગ કરવામાં આવી છે કે આ પ્રકારની ધર્મ પરિવર્તન હેતુ યોજાતી સભાઓ બંધ થવી જોઈએ.

કપરાડા ધરમપુર વિસ્તારમાં કેટલાક સમયથી ધર્મ પરિવર્તન કરાવવા હેતુ ખ્રિસ્તી ધર્મના પ્રચાર પ્રસાર માટે ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા સભાઓ યોજી ભોળા આદિવાસીઓને લાલચ કે અન્ય લોભામણી વાતો કરવામાં આવતી રહી છે. જેનો સખ્ત વિરોધ આદિવાસી સંસ્કૃતિ બચાવ સમિતિ દ્વારા કરવામાં આવ્યો છે.

સમિતિના અગ્રણીઓમાં શ્રી ભગીરથભાઈ ગાંવિત, શ્રી ગમનભાઈ ચૌધરી અને અન્યોએ ધરમપુર પ્રાંતને આવેદનપત્ર પાઠવી માંગ કરી હતી કે મિશનરીઓ દ્વારા ધર્મ પરિવર્તન હેતુ યોજાતી વારંવાર સભાઓ બંધ કરો. અમારા ડુંગર વિસ્તારમાં કેટલાક નાના મોટા મંદિર પણ નષ્ટ કરાયા છે. કપરાડા-ધરમપુર જેવા અંતરીયાળ વિસ્તાર માટે આ મૂક મામલો ધીરે ધીરે સંવેદનશીલ બની રહ્યો છે.

# ઓલગામની મહિલા સામે પાસાની કાર્યવાહીથી બુટલેગરોમાં ફફડાટ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૧૨**

સંઘપ્રદેશ દમણમાંથી ગુજરાતમાં દારૂની હેરાફેરી કરનારાઓ સામે પોલીસ મહાનિરીક્ષક શ્રી પ્રેમવીરસિંહ સુરત વિભાગ, વલસાડ જિલ્લા પોલીસવડા શ્રી યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એલસીબીની ટીમે કડક રાહે કામગીરી હાથ ધરી છે. જે અંતર્ગત સંઘપ્રદેશ દમણમાંથી ગુજરાતની હદમાં મોટા જથ્થામાં દારૂની હેરાફેરીના પ્રોહીબિશન એક્ટ હેઠળ પારડી પોલીસ મથકમાં નોંધાયેલ ચાર જેટલા ગુનાની મહિલા આરોપી મયુરીબેન શંકરભાઈ પટેલ રહે.ઓલગામ સામે સાધનિક કાગળો એકત્રિત કરી પાસાની દરખાસ્ત જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ભવ્ય વર્મા સામે રજૂ કરવામાં આવી હતી. જે દરખાસ્તને જિલ્લા મેજિસ્ટ્રેટે મંજુર કરી મહિલાને પાસા હેઠળ અટકાયત લેવાનો હુકમ કર્યો હતો.

આ હુકમને પગલે વલસાડ એલસીબીની ટીમે આરોપી મહિલાની અટકાયત કરી અમદાવાદ મધ્યસ્થ જેલમાં મોકલી આપવામાં આવી છે. આ પાસાની કાર્યવાહીથી વલસાડ જિલ્લામાં મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો પહોંચાડનારા બુટલેગરોમાં ફફડાટ ફેલાઈ જવા પામી છે.

# ભિલાડ પોલીસને પ્રોહિબીશન ગુનાના વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં મળેલી સફળતા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સરીગામ, તા.૧૨**

ભિલાડ પોલીસ મથક હદમાં દસ વર્ષ પહેલા નોંધાયેલ પ્રોહીબીશન ગુનાના વોન્ટેડ આરોપીને મળેલ બાતમીના આધારે વલવાડા ખાતેથી ઝડપી પાડવામાં પોલીસ તંત્રની ટીમને સફળતા મળી છે.

પોલીસ સૂત્રોથી મળતી માહિતી મુજબ ભિલાડ પોલીસ મથકમાં થર્ડ પાર્ટ ગુના રજી. નંબર ૭૫૨/૨૦૧૫ અને વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફસ્ટ પાર્ટ ગુના રજી. નંબર ૦૩/૨૦૧૭ ના વોન્ટેડ આરોપી વિજય સુરેશ નિકમ રહે ધૂલે મહારાષ્ટ્ર લાંબા સમયથી ભાગી રહ્યો હતો. જે આરોપી વલવાડા બ્રીજની બાજુમાં હોવાની પોલીસ તંત્રને મળેલી માહિતીના આધારે ભિલાડ પોલીસ મથકના પી.આઈ શ્રી એસ.એસ. પવાર અને એમની ટીમે ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ''વિચારની ઈમાનદારી જ તત્ત્વજ્ઞાનની સૌથી ઊંચી સિદ્ધિ છે''

**આ વાક્ય ડેનિસ ડાઈડરોટના સમગ્ર જીવનનો સાર કહી જાય છે**

**ડાઈડરોટ જેવાં પશ્ચિમના વિચારકો હોય કે આપણા ઋષિ મુનિઓ - બન્નેએ વિચારની ઈમાનદારીને જ જીવનની સિદ્ધિ ગણાવી છે. વિજય કરતાં મોટું મૂલ્ય ''સત્યનો સ્વીકાર'' છે**

ફ્રાંસના અઢારમી સદીના મહાન દાર્શનિક, લેખક અને કલાપ્રશંસક ડાઈડરોટે (Denis Diderot, 1713–1784) ''એન્સાઈક્લોપિડિયા'' જેવા વિશ્વપ્રસિદ્ધ જ્ઞાનકોશના મુખ્ય સંપાદક તરીકે વિચાર સ્વતંત્રતાનો યુગ સર્જ્યો હતો.

ડાઈડરોટની જીવનકથા અનેક દાર્શનિકો માટે પ્રેરણારૂપ છે, પણ તેમના જીવનની એક ઘટના આજે પણ વિચારોની ઈમાનદારીનો જીવંત ઉદાહરણ છે.

એક વખત એક નવોદિત લેખકે જૅક લ ફેટાલિસ્ટ એન્ડ હીઝ માસ્ટર (Jacques le Fataliste et son maître) નામનું પુસ્તક લખીને ડાઈડરોટ પાસે તેની પ્રસ્તાવના લખાવવા વિનંતી કરી. ડાઈડરોટે આનંદપૂર્વક સંમતિ આપી. પરંતુ જ્યારે તેમણે પુસ્તક વાંચ્યું, ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. એ પુસ્તકમાં તો ડાઈડરોટના પોતાના વિચારોની તીવ્ર ટીકા લખાયેલી હતી. દરેક પ્રકરણમાં તેમના તત્ત્વજ્ઞાનને ખોટા ઠેરવવાનો પ્રયાસ કરાયો હતો.

સામાન્ય રીતે કોઈ વિચારક એવું લખાણ દબાવવા માગે, પણ ડાઈડરોટ અડગ રહ્યાં. જરા પણ વિચલિત થયાં વિના તેમણે નિષ્પક્ષતાથી એ પુસ્તકની પ્રસ્તાવના લખીઃ ''આ પુસ્તક ખોટા ઈરાદાથી નહીં, પરંતુ સત્યપ્રેમથી લખાયું છે. હું ખોટી પ્રશંસા કરતાં સત્યપ્રેમી વિવાદને વધારે મૂલ્ય આપું છું.''

તેમણે સ્વીકાર્યું કે, ''હું માનવી છું - મારા વિચારો ક્યારેક ખોટા થઈ શકે. પરંતુ હું હંમેશાં સત્યની શોધમાં જ વિચાર કરું છું.''

થોડાં દિવસ પછી તે લેખક ડાઈડરોટને મળવા આવ્યો.

ડાઈડરોટે તેને જોઈ ખડખડાટ હસીને કહ્યું, ''તમે ખૂબ સુંદર રીતે મારાં કાર્યની આલોચના કરી છે! પણ આ ટીકા કરવાનું મને કારણ જણાવશો?''

તેણે નિર્લજ્જપણે કહ્યું, ''આ પુસ્તકથી મને ખ્યાતિ મળશે!''

આ ટુંકા અને ટચ ઉત્તરમાં પેલા લેખકનો સ્વાર્થ નિતરતો હતો.

ડાઈડરોટે પોતાનું માથું નમાવી જાણે સાથ પુરાવ્યો!

''આપ જેવાં સમર્થ લેખકની ટીકા આપના વિરોધીઓ માટે રસપ્રદ રહેશે. આપની મશ્કરી ઉડાવતું પુસ્તક બજારમાં ધૂમ મચાવશે. મારી કમાણી અને

## સિક્કાની ત્રીજી બાજુ



- સ્વામી ચિન્મયદાસ



પ્રસિદ્ધિ ખૂબ થશે.''

ડાઈડરોટ હસ્યા અને કહ્યું, ''તો તમે એ પુસ્તક કોને અર્પણ કરશો? છાપવા માટે નાણાં ક્યાંથી લાવશો?''

ડાઈડરોટના આ પ્રશ્નથી પેલો માથું ખંજવાળવા લાગ્યો.

''હું તમને એક યુક્તિ બતાવું? મારી સાથે એક ધર્મવિષયક ચર્ચામાં એક મહાશયનો મતભેદ થયો હતો, એટલે તે મારા પર રોષે ભરાયેલા છે. તમે આ પુસ્તક એમને અર્પણ કરો - એટલે તેઓ ખુશ થઈને તમને છાપવા માટેના નાણાં આપશે! એ માટે એક સરસ અર્પણપત્રિકા તમારે લખી જવી પડશે.'' ડાઈડરોટની યુક્તિ પેલાં લેખકને ગમી ગઈ.

તે કહેઃ ''મને એવી સરસ અર્પણપત્રિકા લખતાં ક્યાંથી આવડે?''

''અરે! એમાં શું? તમારો આ પ્રશ્ન હું જ હલ કરી દઉં!''

આમ કહી કલમ ઉપાડી ડાઈડરોટે સ્વયં પેલા યુવાનને અર્પણપત્રિકા પણ લખી આપી!

ડાઈડરોટની અનોખી અજાત શત્રુતા અને ઈમાનદારીની પ્રશંસા કરી નવોદિતે ડાઈડરોટની વિદાય લીધી.

આ ઘટના બતાવે છે કે, સાચો દાર્શનિક અહંકારનો નહીં, પરંતુ સત્યનો સાધક હોય છે.

ડાઈડરોટ કહેતાં, ''સત્ય સામે નમવું એ બુદ્ધિની નિષ્ફળતા નહીં, તેની સફળતા છે. જે વિચારક પોતાને ટીકા કરવા દે છે, તે જ સાચો વિચારક છે.''

યોગીજી મહારાજ કહેતાં, ''કોઈ મારી પ્રશંસા કરે તે મને ન ગમે. મારી ભૂલ બતાવે તો હું રાજી થાઉં.''

ડાઈડરોટ જેવાં પશ્ચિમના વિચારકો હોય કે આપણા ઋષિ મુનિઓ - બન્નેએ વિચારની ઈમાનદારીને જ જીવનની સિદ્ધિ ગણાવી છે. વિજય કરતાં મોટું મૂલ્ય ''સત્યનો સ્વીકાર'' છે.

ડાઈડરોટની આ નિષ્કપટતા અને ઉદારતા આજે પણ આપણને શીખવે છે કે - સાચો વિચારક જીત નથી ઈચ્છતો, તે સમજવા અને સુધરવા ઈચ્છે છે.

પોતાની મજાક કરનારની પણ મદદ કરવા ઊભા રહેનાર ડેનિસ ડાઈડરોટને ધન્યવાદ - જેમણે બતાવ્યું કે, ''વિચારની ઈમાનદારી જ તત્ત્વજ્ઞાનની સૌથી ઊંચી સિદ્ધિ છે.''

# વલસાડ ગુંદલાવ હાઈવેની ફલાહ હોટલમાં ગ્રાહકને પિરસાયેલ પનીર ભૂરજીમાં કીડો નિકળતા હોબાળો થયો




**ગ્રાહકની ફરિયાદ બાદ ફૂડ એન્ડ ડ્રગ વિભાગે ત્વરીત કાર્યવાહી કરી હોટલને સીલ કરી**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૧૨**

વલસાડ નેશનલ હાઈવે સ્થિત ફલાહ હોટલમાં આજે બુધવારે ગ્રાહકને પિરસાયેલ પનીર ભૂરજી શાકમાં કીડો નિકળતા ગ્રાહક તથા અન્યોએ હોટલમાં હોબાળો મચાવી દીધો હતો. ગ્રાહકની ફરિયાદ બાદ ફૂડ એન્ડ ડ્રગ વિભાગે તુરંત કાર્યવાહી કરીને હોટલને સીલ કરી દીધી હતી.

કેટલીક જાહેર હોટલમાં સ્વચ્છતા સાથે પૌષ્ટિક ખોરાક પિરસાતો નથી. તેવા ભૂતકાળમાં અનેક બનાવો બનેલા છે તેવો વધુ એક બનાવ આજે વલસાડ ગુંદલાવ સ્થિત કાર્યરત ફલાહ હોટલમાં બન્યો હતો. ગ્રાહકે પનીર ભૂરજી શાકનો ઓર્ડર આપેલો ઓર્ડર બાદ ગ્રાહકને પિરસાયેલ પનીરભૂરજીમાં કીડો નિકળતા ગ્રાહકે હોટલ માથે લીધી હતી. જેમાં અન્ય ગ્રાહકો પણ જોડાયા હતા. તુરંત જાગૃત ગ્રાહકે ફૂડ એન્ડ ડ્રગ વિભાગને ફરિયાદ કરી હતી. ફૂડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારીઓ હોટલ ઉપર પહોંચી ગયા હતા. સ્વચ્છતા ક્વોલીટી સહિત ચેકીંગ કરી કેટલાક નમૂના લઈ સીલ કર્યા હતા. ગ્રાહકની ફરિયાદની ગંભીરતા ધ્યાને લઈને જાહેર સ્વાસ્થ્ય માટે તુરંત કાર્યવાહી કરી હોટલને સીલ કરી દીધી હતી. અન્ય ગ્રાહકોએ પણ ફૂડ વિભાગની કાર્યવાહીને આવકારી હતી.

# વાપી સી.જી.એસ.ટી.ના લાંચ લેતા ઝડપાયેલા બે લાંચિયા અધિકારીઓ પૈકી એકની કોર્ટે જામીન અરજી ફગાવી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૧૨:** વાપી સ્થિત સી.જી.એસ.ટી. અને સેન્ટ્રલ એક્સાઈઝ કચેરીના સિનિયર એકાઉન્ટન્ટ અને એકાઉન્ટન્ટ રૂા.૨ હજારની લાંચ લેતા એ.સી.બી.ના હાથે ઝડપાયા હતા. બે પૈકી આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટે વાપી કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. નામદાર કોર્ટે અરજી નામંજુર કરી દીધી હતી.

આ પ્રકરણની વિગતો એવી છે કે વાપી સ્થિત એસ.ટી. અને સેન્ટ્રલ એક્સાઈઝ કચેરીએ ફુલ છોડનો ઓર્ડર આપ્યો હતો. સપ્લાયરે તે મુજબ ડિલિવરી કરી હતી. ત્યારે કુડાઓના બિલ પેમેન્ટ અંગે સપ્લાયરે વારંવાર ધક્કા ખાતો હતો પરંતુ બિલ મંજુર થતું નહોતું તેથી તેણે આસિ. એકાઉન્ટન્ટ નટવરલાલ જૈન અને રવિકાન્ત ઝા ને વાત કરી હતી. બન્નેએ બિલ પાસ કરાવવા રૂા.૨ હજારની માંગણી કરી હતી. આ મામલે એસીબી થયેલ ફરિયાદ બાદ ગત મહિને ગોઠવાયેલ છટકામાં બન્ને અધિકારી રૂા.૨ હજારની લાંચ લેતા ઝડપાઈ ગયા હતા. આ બે ઝડપાયેલા લાંચિયા અધિકારી પૈકી કપિલ જૈનના વકિલે વાપી કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. હાથ ધરાયેલ સુનાવણીમાં સરકારી વકીલ રાકેશ ચાંપાનેરીયાની દલીલ માન્ય રાખી જજે અરજી નામંજુર કરતો હુકમ કર્યો હતો.

